Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે
સપ્ટેમ્બર ૨૦૧૯ * વર્ષ ૩૪ * અંક ૬



શ્રી મુક્ત અક્ષરપુરુષોત્તમ
મહારાજને સાષ્ટાંગ
દંડવત્ પ્રણામ !

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ નિર્મિત મંદિર, સારંગપુર


શરદોત્સવી ગુણાતીત પ્રાગટ્યપૂર્ણિમાએ...

## **વર્ષાન્તે** શરદ ઋતુનું આગમન !

આ ઋતુ ભારે ગણાય; સ્વાસ્થ્ય સંબંધી કાળજીઓ પર વિશેષ ધ્યાન અપાય. આપણા આદ્ય ઋષિઓએ તો પોતાના પ્રાર્થનામંત્રોમાં પણ શરદ ઋતુનો ઉલ્લેખ કરી પ્રભુ પાસે માગ્યું :'जीवेम शरदः शतम्।' 'હે ઈશ્વર ! અમે સો શરદ જીવીએ...!'

ઋષિઓની આ પ્રાર્થનામાં લાંબું જીવવાની લાલસાનો ભાવ નથી. તેમાં વિકટ કાળમાં પ્રભુના બળે પ્રભુભક્તિ અને સેવા અર્થે શુભ સાહસના ભાવ છે. એ પ્રાર્થનામંત્રનાં અનુગામી ચરણો પણ આપણા ઋષિઓના વ્યાવહારિક વિવેક અને આધ્યાત્મિક અભીપ્સા વચ્ચેના સંતુલનને દર્શાવનારાં છે.

આ જ ઋતુમાં આસોની પૂર્ણિમાએ અક્ષરબ્રહ્મનો ગુજરાતના ભાદરા ગામમાં પ્રાદુર્ભાવ થયો. પૃથ્વી પર એ સર્વાધિક મંગલ કાળ હતો; જ્યારે સ્વયં પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ નારાયણ અને અનાદિ મૂળ અક્ષરબ્રહ્મના દિવ્ય તત્ત્વ એક જ સમયે આ પૃથ્વી પર પુણ્યભૂમિ ભારતમાં મનુષ્યદેહ ધારી પ્રગટ હતા; અને તે પછી આજપર્યંત પ્રગટ રહ્યા છે, અને શાશ્વતકાળ પર્યંત પ્રગટ રહેશે.

અનાદિ મૂળ અક્ષરબ્રહ્મતત્ત્વના મનુષ્યદેહરૂપે પ્રાદુર્ભાવ, લીલા ચરિત્રો, ઉપદેશ અને શાશ્વત પ્રાગટ્ય (પ્રગટપણું) દિવ્ય છે. મનુષ્યની સમગ્ર અધ્યાત્મયાત્રાના ઈતિહાસમાં અતુલ્ય, અલૌકિક અને એકમેવ છે. ભાદરામાં પ્રગટેલા મનુષ્યદેહમાં પ્રગટ અક્ષરબ્રહ્મ મૂળજીને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામીએ ડભાણમાં મહાયજ્ઞ કરી ભાગવતી દીક્ષા આપી નિર્ગુણાનંદ નામ આપ્યું. અને તેઓ જ ગુણાતીતાનંદ સ્વામી રૂપે, ગુણાતીત, 'જૂનાગઢના જોગી' નામે, મૂળ અક્ષર સ્વરૂપે સંતો-ભક્તોના હૃદયે બિરાજ્યા એ અર્થસભર છે.

'ગુણાતીત' એ કેવળ કોઈ મનુષ્યદેહનું નામ માત્ર નથી; એ તો દિવ્ય, શાશ્વત અને ઉચ્ચતમ્ આધ્યાત્મિક અને અસ્મિતારહિત જીવંત સ્થિતિ છે.

આ એક મહાપુણ્યશાળી ઘટનાએ આ પૃથ્વી પરની મનુષ્યની અધ્યાત્મસાધનાનાં પરિમાણો બદલી નાખ્યાં. શ્રી પુરુષોત્તમના અખંડ ધારક અક્ષરબ્રહ્મ તત્ત્વના નિરંતર, શાશ્વત અને જીવંત મનુષ્ય દેહધારી પ્રગટપણા પર ઉત્ક્રાંતિ પામેલી ઉપાસનાએ સામૂહિક સ્તર પર એક જ જન્મમાં આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ સંભવ જ નહિ, પરંતુ સુલભ પણ બનાવી !

શ્રીજી મહારાજે પોતાનાં અનેક વચનામૃતો રૂપે અને શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની 'વાતું' દ્વારા આ ઉપાસનાની મીમાંસા, ઉપદેશ, સ્પષ્ટતા અને સચોટ માર્ગદર્શન આપ્યાં છે. માનવમાંથી મહામાનવ પ્રતિ પ્રગતિ કરતાં ચૈતન્યો અસ્મિતારહિત ગુણાતીત અવસ્થામાં મનુષ્યાકારે સામાન્ય જીવન જીવે તેવી એક કલ્પનાતીત સંકલ્પનાને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના રૂપે સાકાર કરનારા શ્રી ભગતજી મહારાજ, શ્રી જાગાસ્વામી, શ્રી કૃષ્ણજી અદા, ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ જેવા દિવ્ય જ્યોતિર્ધરોએ વિગતની બે સદીઓ દરમિયાન આ પૃથ્વી પર પોતાના પ્રાગટ્યમંગલ અને દિવ્ય યુગકાર્ય રૂપે કૃપાશિષ વરસાવી.

ગુરુદેવ યોગીજી મહારાજે એ દિવ્ય યુગકાર્ય વહેતું રાખી યુવાનો દ્વારા તેના અનુપમ માર્ગને નિર્દેશ્યા અને પોતાની સંકલ્પશક્તિની કૃપાશિષ દ્વારા સાકાર કર્યા.

એ કૃપાશિષના સાકાર સ્વરૂપ તે સંતભગવંત સાહેબદાદા - શ્રી અક્ષરપુરુષોત્તમના દિવ્ય તત્ત્વના પ્રગટ સ્વરૂપ ! આ શરદોત્સવી ગુણાતીત પ્રાગટ્યપૂર્ણિમાએ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને અનંત વંદન સાથે સર્વ ગુણાતીત સ્વરૂપો સહિત સંતભગવંત સાહેબદાદાને ઘણી ખમ્મા સાથે વ્હાલભર્યાં અનંત હૃદયવંદન છે ! ◆

~ ડૉ. મનોજ સોની



શાસ્ત્રીજી મહારાજ નિર્મિત સારંગપુર મંદિરનો વિશાળ પ્રાસાદિક પ્રવેશદ્વાર

# શ્રીજી પ્રસાદિત સારંગપુરમાં બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ દ્વારા નિર્મિત ભવ્ય મંદિરની દિવ્ય કથા

**શ્રી** અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે વડતાલ સસ્થામાંથી મહાભિનિષ્ક્રમણ કર્યા બાદ શાસ્ત્રીજી મહારાજે ખૂબ ભીડા સહન કર્યા. માણા, નાણાં, પાણા અને દાણામાંથી કશાની પણ વ્યવસ્થા તે સમયે સંસ્થા પાસે હતી નહિ. વિરોધીઓ સંતોને ગામમાં પેસવા ન દે, ઝોળીમાં અન્નની જગ્યાએ પથરા આપે, ગાળો ભાંડે, માર મારે, અપમાન કરે. આવા ભયંકર દેશકાળમાં પણ શાસ્ત્રીજી મહારાજ સાથે સંતોની નિયમ-ધર્મપાલનની અડગતા-સાધુતા, શૂરવીરતા, તેમનો જુસ્સો તેમજ પોતાના ગુરુને રાજી કરવા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોને વિશ્વફલકમાં પ્રસરાવી ગુરુભક્તિ અદા કરવાનો તેઓનો સંકલ્પ પણ અડગ હતો ! તેથી જ તો મહાભયંકર વિષમ પરિસ્થિતિઓ વચ્ચે પણ શાસ્ત્રીજી મહારાજ દ્વારા બોચાસણમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું સર્વોપરી પ્રથમ મંદિર થયું, જેના મધ્યખંડમાં શ્રીજી મહારાજ પોતાના ધામરૂપ સાધુ ગુણાતીતાનંદ સ્વામી સાથે બિરાજમાન થયા. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો વાવટો લહેરાયો અને સર્વત્ર જયજયકાર થયો.

સમાજમાં પૂજાવાના ભાવે નહિ, પણ માનવમાત્ર સુખિયો થાય તે હેતુથી તકલીફો સહન કરી અનેક વિષમ પરિસ્થિતિઓમાં પૃથ્વીના ફલક પર શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું પ્રવર્તન શાસ્ત્રીજી મહારાજે ગુરુ

ભગતજી મહારાજ, જાગા સ્વામી અને શ્રી કૃષ્ણજી અદાની આજ્ઞા અને અભિપ્રાય સમજી જનકલ્યાણ અર્થે કર્યું. ભગવાન સર્વોપરી, સર્વના કારણ, સર્વના નિયંતા, સર્વના પ્રેરક-પ્રવર્તક છે. ભગવાન સદા સાકાર, સર્વ કર્તા-હર્તા, સૌના હિતકારી અને હેતકારી છે. અને એવા પ્રભુ સદાકાળ ગુણાતીત સંતસ્વરૂપે પ્રગટ અને પ્રત્યક્ષ છે. તેમના સંબંધવાળાં સૌ જીવ-પ્રાણીમાત્રને નિર્દોષ ને દિવ્ય માનવાં. એવા ગુણાતીત સાધુમાં જીવ જોડી, અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની દાસભાવે ભક્તિ કરવી. આ સિદ્ધાંતોને માનવમાત્રના આચરણમાં લાવવા, સૌને અખંડ સુખ, શાંતિ અને આનંદ ભોગવતા કરવા, મનુષ્ય જીવનનો યથાર્થ હેતુ સિદ્ધ કરાવવા શાસ્ત્રીજી મહારાજે શુદ્ધ ઉપાસનાનું પ્રવર્તન કર્યું.

આ સઘળા સિદ્ધાંતો મનુષ્ય જીવનમાં તો સાકાર થાય, જો બ્રહ્મસ્વરૂપ એકાંતિક સાધુ કે જેઓ થકી પ્રભુ પ્રગટ અને પ્રત્યક્ષ છે તેમનો યોગ પ્રાપ્ત થાય ! એવા બ્રહ્મસ્વરૂપ સાધુ ગુણાતીતાનંદ સ્વામી પછી ભગતજી મહારાજ, જાગા સ્વામી અને કૃષ્ણજી અદા દ્વારા પ્રભુનું પ્રગટીકરણ સાકાર રહ્યું અને ત્યારબાદ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રભુ પ્રગટ છે અને કાર્ય કરી રહ્યા છે તે સહજ મનાવા લાગ્યું.

શાસ્ત્રીજી મહારાજે વડતાલ છોડ્યું ત્યાર પછી કેટલાક સંતો, પાર્ષદો વડતાલથી બોચાસણ આવીને શાસ્ત્રીજી મહારાજની સાથે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની સેવામાં જોડાયા. તેમાંય સ્વામી નિર્ગુણદાસજીની વાત નોખી છે ! તેઓનું પૂર્વાશ્રમનું નામ જેઠાભાઈ અને તેઓ પીજના વતની. ભગતજી મહારાજમાં તેઓને અપ્રતિમ શ્રદ્ધા અને પ્રીતિ હતા. ભગતજી મહારાજના સિદ્ધાંતોને શાસ્ત્રીજી મહારાજ સમજ્યા હતા અને વડતાલમાં રહી છડેચોક પ્રવર્તાવતા હતા તેથી જેઠાભાઈને શાસ્ત્રીજી મહારાજમાં સહજ આકર્ષણ થયું. રસાયણ શાસ્ત્રના બાહોશ હતા અને અંગ્રેજીમાં અભ્યાસ કરેલો, આમ ખૂબ સારું ભણ્યા હોવાને પરિણામે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતો દ્વારા પ્રભુપ્રાપ્તિના જ્ઞાનને તેઓ સારી રીતે સમજી શકતા હતા. જૂનાગઢી સંતો કે, જેમણે ગુણાતીતાનંદ સ્વામીને સેવ્યા હતા તેવા સદ્‌ગુરુ માધવચરણદાસજી, સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસજી આદિ સંતોના યોગથી તેઓના ત્યાગ-વૈરાગ્ય સુદૃઢ થયા. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ પણ તેઓ પર ખૂબ રાજી હતા. આચાર્યશ્રી જેઠાભાઈને સાધુ કરવા ઈચ્છતા હતા, પણ જેઠાભાઈની શરત હતી કે, વર્ષમાં એક માસ ભગતજી પાસે જઈને તેમનો સમાગમ કરવા મળે. જો કે તે સમયમાં જો કોઈ ભગતજીનો સમાગમ કરે તો તેને ભારે વિરોધ સહન કરવો પડે તેમ હતું, છતાં આચાર્યશ્રીએ જેઠાભાઈની વાતનો સહર્ષ સ્વીકાર કરી મંજૂરી આપી; જે તેમની એકાંતિક સ્થિતિનાં સહજ દર્શન કરાવે છે. ભગતજી મહારાજની આજ્ઞાથી જેઠાભાઈએ આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ પાસે પાર્ષદી દીક્ષા ગ્રહણ કરી અને દીક્ષા બાદ તેઓ જેઠા ભગતના નામે ઓળખાયા. તેઓએ ભગતજી મહારાજની અંતસમયે ખૂબ સેવાઓ કરી, ભાવથી તેમને સેવ્યા. ત્યારબાદ આચાર્યશ્રીએ તેઓને પોતાના સચિવ તરીકેની સેવા સોંપી પોતાની પાસે જ રાખ્યા. વડતાલમાં ગોરધનભાઈ કોઠારી સાથે પણ તેઓએ અદ્‌ભુત કાર્ય કર્યું. જેઠા ભગતની વ્યવહારકુશળતા અને કાર્યદક્ષતાથી કોઠારી પણ ખૂબ ખુશ થયા હતા. ત્યારબાદ તો જેઠા ભગતને સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજે પોતાના સહયોગી તરીકે કષ્ટભંજન દેવના મંદિરના વિકાસકાર્ય માટે તેડાવ્યા. શાસ્ત્રીજી મહારાજ સાથે અપ્રતિમ મૈત્રીના સંબંધે જોડાયા, જે થોડા જ સમયમાં ગુરુભાવમાં પરિણમ્યો. જેઠા ભગત મુંબઈના ભૂલેશ્વર મંદિરના કોઠારી તરીકે નિમાયા તે પૂર્વે વડોદરા, જૂનાગઢ, ગઢડામાં પણ તેઓએ કોઠારી તરીકે સેવા બજાવી હતી. જેઠાભગતે જાગા સ્વામીનો પણ ૬ માસ સુધી ખૂબ સમાગમ કર્યો. આ સમાગમથી ઉપાસનાનો અને શાસ્ત્રીજી મહારાજનો મહિમા દૃઢ થયો. શાસ્ત્રીજી મહારાજે વડતાલ છોડ્યાના બે જ માસમાં તેઓએ પણ વડતાલ છોડી દીધું, કારણ કે, આચાર્યશ્રી પાસેથી શાસ્ત્રીજી મહારાજના મંડળને સત્સંગમાં વિચરવા માટે જે ચિઠ્ઠી મેળવવાની હતી તે ન મળી અને વળી, આ મંડળને વડતાલમાં ઉપાધિઓ ઘણી વધવા લાગી. વડતાલથી નીકળી તેઓ બોચાસણમાં શાસ્ત્રીજી મહારાજ સાથે જોડાયા. આચાર્યશ્રી કુંજવિહારીજી પાસે દીક્ષા પ્રાપ્ત કરી જેઠા ભગત 'સ્વામી નિર્ગુણદાસજી' તરીકે પ્રસિદ્ધ થયા. તેમની સાથે કોઠારી બેચર ભગત-મહાપુરુષદાસ સ્વામી, કોઠારી ધોરી ભગત-અક્ષરપુરુષદાસજી, કોઠારી લલ્લુભગત-સંતદાસજી આદિને પણ દીક્ષા આપી. તેમાંય નિર્ગુણદાસજીએ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજના દાસ બની અકલ્પ્ય કાર્ય કર્યું. અથાક વિચરણ, અવિરત કથા-વાર્તા અને અસંખ્ય પત્રો દ્વારા ભક્તોને ઉપાસનાના સિદ્ધાંતો દૃઢાવ્યા ને વળી, સૌની મૂંઝવણ ટાળી. અંધારખંડ આફ્રિકામાં ઉપાસનાના જ્ઞાનરૂપી સૂરજ ઉગાડી ઊજળો કર્યો. અગણિત પત્રો દ્વારા સમજણની ગંગોત્રી વહાવી. તેમની લેખિની તેજસ્વિની હતી, જેમાં જ્ઞાનનો પ્રકાશ, સમજણની સ્પષ્ટતા અને અજોડ માહાત્મ્યભાવના વહેતી હતી. આમ, શાસ્ત્રીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામીની જોડીએ હવે ઉપાસનાનાં અનેક કાર્યો સહજ રીતે પાર પાડવા માંડ્યાં.


બોચાસણનું મંદિર થઈ ગયું પછી સત્સંગની પ્રવૃત્તિઓ જોરશોરથી શરૂ થઈ. સામે વિરોધની આગ પણ પ્રચંડપણે ભભૂકવા માંડી. પણ ધાર્યું ધણીનું જ થાય તે ન્યાયે વિરોધીઓના આદર્યા અધૂરા રહ્યા. સમૈયા-ઉત્સવો યોજાવા માંડ્યા. એકાંતિક ભક્તો જોડાવા લાગ્યા. સંતોની સંખ્યા વધવા માંડી, કારણ કે, ઘણા વૈરાગીઓ શાસ્ત્રીજી મહારાજના ભાવને સમજ્યા અને જીવન ભક્તિમય સમર્પિત કરવા તત્પર થયા. સ્વાભાવિક જ દ્વેષીઓને આ પસંદ ન હતું. વળી, બોચાસણનું મંદિર સૌની આંખોમાં ખટકતું હતું. એટલે ગઢડાના કોઠારી ભીમજીભાઈએ વડતાલના કોઠારી ગોરધનભાઈ પર પત્ર લખ્યો કે, તમે વાણિયા ગુજરાતના ને દાળ-ભાત ખાઈ રહેનારા, એટલે તમારી નજર સામે યજ્ઞપુરુષદાસે ગુજરાતમાં મંદિર કર્યું અને તમે કાંઈ કરી શક્યા નહિ, જો તે સાબરમતીની આ પાર એટલે કે કાઠિયાવાડના ચોકમાં આવે તો તેમના ખરા ખમીરની ખબર પડે !

શાસ્ત્રીજી મહારાજનો ઉદ્દેશ્ય તો ભગવાનનું શુદ્ધ જ્ઞાન પ્રવર્તાવવાનો હતો. તેમને કોઈને કરી દેખાડવું ન હતું. પણ જોતજોતામાં બોચાસણમાં મંદિર કરી દેનાર શાસ્ત્રીજી મહારાજના સાધુતાભર્યા પ્રભાવથી તો સૌ કોઈ અંજાયા હતા. તેથી સારંગપુરના હરિભક્તોએ શાસ્ત્રીજી મહારાજને પોતાને ગામ તેડાવ્યા. કારણ કે, તેઓને તો શાસ્ત્રીજી મહારાજનો (શાસ્ત્રીજી મહારાજ વડતાલમાં હતા ત્યારે સારંગપુર કષ્ટભંજન હનુમાનજી દેવ-સ્વામિનારાયણ મંદિરના વર્ષો સુધી મહંત હતા ત્યારનો) જૂનો સંબંધ હતો. શાસ્ત્રીજી મહારાજે સારંગપુર પધારી ભક્તોને સુખ આપ્યું. એક દિવસ સવારે મોટા કુંડે નહાવા જતા હતા ત્યારે સાથે આણંદના મોતીભાઈ હતા. અત્યારે જ્યાં મંદિર છે તે જગ્યાએ આવીને શાસ્ત્રીજી મહારાજે તેઓને કહ્યું કે, 'આ જ જગ્યાએ મહારાજે રોઝો ઘોડો કુંડાળે ફેરવ્યો હતો (પ.પૂ. પ્રમુખ સ્વામીબાપાએ સારંગપુરમાં આ જ જગ્યાએ શ્રીજી મહારાજની રોઝા ઘોડા પર બિરાજેલ મૂર્તિ પધરાવી છે.) અને મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો. સારંગપુરના જીવા ખાચર, પાંચાળીબા, દેવકુબા, રાઠોડ ધાધલ આદિ ભક્તોને શ્રીજી મહારાજે કોલ આપ્યો હતો કે, 'અમે આ જે જગ્યા પસંદ કરી છે તે જગ્યાએ ભવ્ય મંદિર થશે, જેમાં અમે અમારા ધામ અને અનાદિ મુક્ત સાથે બિરાજીશું. આ ધામ જગપ્રસિદ્ધ થશે.' માટે મંદિર અહીં જરૂર થશે. આપણે અહીં મંદિર કરવું છે માટે કીર્તન બનાવો.'

મોતીભાઈ વિસ્મય પામ્યા કે, હજુ હમણાં જ બોચાસણ મંદિર કર્યું ને વળી તેનું થોડું કામ પણ બાકી છે, કોઠારમાં પૈસા નથી અને સારંગપુરમાં મંદિર ! પણ શાસ્ત્રીજી મહારાજે તેમની મૂંઝવણ અંતર્યામીપણે જાણી તેમની પર દૃષ્ટિ કરી. ત્યાં તો તેમને અત્યારે છે તેવું શિખરબદ્ધ મંદિર દેખાયું. વળી, મધ્યમંદિરે શ્રી મુક્તઅક્ષરપુરુષોત્તમ મહારાજ, દક્ષિણ ભાગમાં ગોપીનાથજી મહારાજ-મુકુન્દ વર્ણીજી અને શ્રી હરિકૃષ્ણ મહારાજ તેમજ ઉત્તર ભાગમાં ધર્મકુળ ! આ દિવ્ય લીલા જોઈ મોતીભાઈના મુખેથી કીર્તન સરી પડ્યું : *'શ્રી સારંગપુરની શોભા સજી અતિ સારી, જોઈ અલૌકિક અદ્ભુત ધામ અવિકારી.'* વળી, સારંગપુર શ્રીજી મહારાજ દ્વારા પ્રસાદિત ભૂમિ ! ગામની રજેરજ શ્રી હરિની સ્મૃતિ કરાવે. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ અહીં પધાર્યા હતા. માટે શાસ્ત્રીજી મહારાજનું અંતર સારંગપુરમાં જ મંદિર કરવા ઠર્યું.

આ અરસામાં જૂનાગઢી સાધુઓનું મંડળ એટલે કે, સ્વામી કૃષ્ણચરણદાસજીનું મંડળ સૌનું ધ્યાન ખેંચતું હતું. કારણ કે, તેઓ પણ શ્રી અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાનો છડેચોક ઉપદેશ અને પ્રસાર કરતા. તેમાંય અનાદિ સિદ્ધદશા અને ગુણાતીત સ્થિતિવાળા સૌમ્યમૂર્તિ ઝીણાભગત સહજ સૌના આકર્ષણનું કેન્દ્ર હતા. અમરેલી જિલ્લાના ધારી ગામે દેવચંદભાઈ અને પૂરીબાના ઘરે પ્રગટેલા ઝીણાભાઈ નાનપણથી જ પ્રભુભક્તિમાં નિમગ્ન રહેતા. મંદિરની સેવા, સંતોના સમાગમ, પ્રભુભજન એ તેમનું જીવન હતું. કૃષ્ણચરણદાસજીના સમાગમે સાધુ થવા તત્પર ઝીણાભાઈએ માત્ર ૧૬ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કર્યો. તેઓની આવી સ્થિતિ જાણી કૃષ્ણચરણદાસજીએ તેમને ૧૭ વર્ષની ઉંમરે પાર્ષદી દીક્ષા આપી હતી. ઝીણા ભગતને ભગવાન અને ભગવાનધારક સાધુના યોગ સિવાય અન્ય કોઈ ઇચ્છા જ હતી નહિ. ગુણાતીતાનંદ સ્વામીના મળેલા કૃષ્ણજી અદાને મળવાની તેઓની ખૂબ તીવ્ર ભાવના હતી. બન્યું એવું કે, સ્વામી કૃષ્ણચરણદાસજીના મંડળને એક વર્ષ માટે રાજકોટમાં રહેવાનો વારો આવ્યો. ઝીણા ભગતના આનંદનો પાર ન રહ્યો. આ એક વર્ષ તેઓએ કૃષ્ણજી અદાનો ખૂબ સમાગમ કર્યો. અદાશ્રીએ ઉપાસનાની, ભગવાનના પ્રગટ સ્વરૂપની, શાસ્ત્રીજી મહારાજના મહિમાની ખૂબ વાતો કરી. અહીં તેઓને બાલમુકુન્દદાસજીનો પણ યથાર્થ મહિમા થયો. કૃષ્ણજી અદાએ સમજાવ્યું કે, 'શાસ્ત્રીજી મહારાજ જે કાર્ય કરી રહ્યા છે તે કાર્ય ભગવાનનું કાર્ય છે અને ભગવાનની મરજીથી જ થાય છે. ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, જાગા સ્વામી અને અમે સૌ તેઓ પર ખૂબ રાજી છીએ. એવા એ મોટા સંતવર્ય છે.' આ મહિમા સાંભળી ઝીણા ભગતને શાસ્ત્રીજી મહારાજને મળવાનું મન થયું. હવે રહી શકાય તેમ જ ન હતું. ઝીણા ભગતની આવી તીવ્ર ઉત્સુકતા જાણી અદાશ્રીએ શાસ્ત્રીજી મહારાજને રાજકોટ તેડાવ્યા. શાસ્ત્રીજી મહારાજ રાજકોટ પધાર્યા અને અદાશ્રીના ઘરે ઝીણા ભગતે તેમનાં પ્રથમ દર્શન કર્યાં. ઝીણા ભગત તો

અનિમેષ નયને શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરતા જ રહ્યા. પ્રથમ મેળાપમાં જ મૂર્તિ અંતરે સ્થિર થઈ ગઈ. હૈયું પરિતૃપ્ત થઈ ગયું. શાસ્ત્રીજી મહારાજનો સમાગમ પણ અહીં થયો અને સહજ જ તેમની સાથે જોડાવાનો સૌ સંતોને ભાવ ઉદય પામ્યો, તાલાવેલી જાગી.



પ.પૂ. શાસ્ત્રીજી મહારાજ સાથે પ.પૂ. નિર્ગુણદાસ સ્વામી અને પ.પૂ. યોગીજી મહારાજ

થોડા સમય બાદ જૂનાગઢી સાધુઓનું આખું મંડળ પરત વડતાલ આવ્યું એટલે આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજે ઝીણા ભગતને ભાગવતી દીક્ષા આપી, તેમના ગુણ પ્રમાણે 'જ્ઞાનજીવનદાસજી' નામ પાડ્યું. પ્રથમ સૌ તેઓને 'જ્ઞાનજી સ્વામી' કહી સંબોધતા, બાદ તેઓના સેવકભાવ અને અલમસ્ત આધ્યાત્મિક સ્થિતિનાં દર્શન કરી સૌએ તેમને 'યોગી' કહી બિરદાવ્યા. આમ, અનુપમ, વિરલ સંત યોગીજી મહારાજની સત્સંગ સમુદાયને ભેટ મળી ! આ જૂનાગઢી સંતોને પણ ઉપાધિઓ નડતી. સુખેથી ભજન થઈ શકતું નહિ અને છડેચોક ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરબ્રહ્મપણાની વાત થઈ શકતી નહિ. કૃષ્ણજી અદાએ સૌને ઉપાસનાના કાર્યમાં શાસ્ત્રીજી મહારાજ સાથે જોડાવા આજ્ઞા કરી. બોચાસણમાં જે જ્ઞાન પ્રવર્ત્યું છે તેને વેગ આપવા કૃષ્ણજી અદા અને બાલમુકુન્દદાસજીએ ખૂબ બળ પૂર્યાં. સ્વામી વિજ્ઞાનદાસજીની આગેવાની હેઠળ સંતો જૂનાગઢથી નીકળ્યા. આ સમયે ભંડારમાં ગુણાતીતાનંદ સ્વામીએ પૂજેલી શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ હતી, જે સ્વામી કૃષ્ણચરણદાસજી પાસેથી પ્રાપ્ત કરી તેને સાથે લઈને નીકળ્યા. સૌની ઈચ્છા રાજકોટ જઈને કૃષ્ણજી અદાને મળવાની હતી, તેથી સૌ રાજકોટ આવ્યા. કૃષ્ણજી અદા ખૂબ રાજી થયા. તેઓએ શાસ્ત્રીજી મહારાજને રાજકોટ તેડાવ્યા. શાસ્ત્રીજી મહારાજ પણ ઉતાવળે ટ્રેઈનમાં રાજકોટ પધાર્યા. આમ, યોગીજી મહારાજ સહિત સાત સંતો – સ્વામી વિજ્ઞાનદાસજી, ભગવતસ્વરૂપદાસજી, સ્વામી બાલ-મુકુન્દદાસજી (નાપાડવાળા), બળદેવચરણદાસજી, પ્રભુચરણદાસજી આદિનો સંકલ્પ પૂર્ણ થયો. તેઓ શાસ્ત્રીજી મહારાજ સાથે જોડાયા અને સૌ સારંગપુર પધાર્યા, જાણે સાગરમાં સરિતા ભળી ! શાસ્ત્રીજી મહારાજે ઉપાડેલું કાર્ય તીવ્ર વેગે સાકાર થવા લાગ્યું.

સારંગપુરના ભક્તો પાસે ધન-દોલત પ્રમાણમાં ઓછાં હતાં, પણ સૌ શાસ્ત્રીજી મહારાજના સંકલ્પ અને તેને પાર પમાડવાની શક્તિથી વાકેફ હતા. પોતાના ગામમાં મંદિર થાય તેના આનંદની સાથે સારંગપુરના ભીમાશેઠ, નાગજી શેઠ, રૂડા ખાચર, ઓઘડ ખાચર આદિ શાસ્ત્રીજી મહારાજને બોચાસણમાં મળવા પધાર્યા અને સારંગપુરમાં મંદિર કરવા પ્રાર્થના કરી. તેથી શાસ્ત્રીજી મહારાજ સાથે નગાસરના ભૂધરભાઈ તથા નડીયાદના રામચંદ્રભાઈ આદિ ભક્તો પણ સારંગપુર પધાર્યા. મંદિર કરવા પૂર્વે સંતોને ઉતારવા માટે ઉતારાની સગવડ કરવાની હોવાથી શાસ્ત્રીજી મહારાજે પીઠા ખાચરના ઓરડા લેવાનું નક્કી કર્યું. તે માટેની રકમ ઝવેરલાલભાઈ, ભૂધરભાઈ, રામચંદ્રભાઈએ મળીને ચૂકવી દીધા. સારંગપુરથી શાસ્ત્રીજી મહારાજ ગામડાંઓમાં વિચરણ કરતા કરતા લીમડી પધાર્યા. લીમડીના દીવાન શાસ્ત્રીજી મહારાજના કાર્યથી વાકેફ હતા. તેઓ આવું અદ્‌ભુત કાર્ય કરી રહ્યા છે તેમાં મદદરૂપ થવા ઠાકોર સાહેબને કહી મોટી જમીન અપાવવાનો વાયદો કર્યો. જ્યાં શ્રીજી મહારાજે મંદિર કરવાનો સંકલ્પ કર્યો હતો તે જ જમીન લેવાનો ભાવ શાસ્ત્રીજી મહારાજે પ્રગટ કર્યો. દીવાન અને ઠાકોર સાહેબની મદદથી સારંગપુરમાં મંદિર કરવા માટે ચોવીસ એકર જમીન મોજણીદારે માપીને ખૂંટીઓ મારી આપી. અને આ સિવાયની જમીન ધોળકાના શેરમિયા પાસેથી શાસ્ત્રીજી મહારાજે મેળવી. આમ, સારંગપુરમાં મંદિર કરવાનાં પગરણ મંડાયાં.

શાસ્ત્રીજી મહારાજના સેનાનીઓની કાર્યશૈલી અને કુશળતા અલૌકિક હતા, તેમની ભક્તિ અજોડ હતી ! માનત સ્વામી, મોટા ગોવિંદ સ્વામી ઝોળી માંગી મંદિરનું કાર્ય ચલાવતા. ટાઢ, તડકો, ભૂખ, તરસ, તિરસ્કાર, ઉપેક્ષા આદિ કષ્ટો સહન કરીને પણ અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવતા. નિષ્કામી સાધુ નારાયણચરણદાસ થાક કે ઊંઘની પરવા કર્યા વગર અખંડ સેવામાં પ્રવૃત્ત રહેતા. અક્ષરપુરુષદાસ અને ભક્તિવલ્લભદાસ-આ બંને સંતો કારખાનામાં કાયમ કામ કરતા. ભારેખમ પત્થરોને ફૂલ ઊંચકે તેમ હળવાશથી ઊંચકી યથાયોગ્ય સ્થાને મૂકી દેતા. નિર્ગુણદાસ સ્વામીની તો વાત જ શી કરવી ! તેઓ શાસ્ત્રીજી મહારાજના જમણા હાથ બનીને તમામ કાર્યો પાર પાડતા. શાસ્ત્રીજી મહારાજ ઉપાસના પ્રવર્તન કાર્યમાં નિર્ગુણદાસજીના ભક્તિપૂર્ણ

પુરુષાર્થને સદાય બિરદાવતા. કોઠારી પ્રભુદાસજીની કાર્યદક્ષતા પણ અસાધારણ હતી ! અનુભવી, બાહોશ પણ પ્રભુભજન કરી સાધુગુણ પ્રાપ્ત કરવાના કોડ સેવતા બોચાસણના કોઠારી પ્રભુદાસજીની સ્થિતિ જ્ઞાન અને સમજણથી સભર હતી. બોચાસણ, સારંગપુરની જમીન તેઓના જ નામે લેવાઈ હતી. આમ, શાસ્ત્રીજી મહારાજે આરંભેલું કાર્ય સુપેરે પાર પડતું ગયું, જેમાં સ્વાભાવિક જ આ સંતોનાં પ્રદાન અનુપમ અને નોંધનીય હતાં. આ સંતો સાથે જૂનાગઢથી આવેલા સંતોને શાસ્ત્રીજી મહારાજે સારંગપુરમાં રોકી, કથા-વાર્તા અને ઝોળી ઉઘરાવવાની અને મંદિરનિર્માણની સેવામાં જોડ્યા. ત્યારબાદ બોચાસણમાં આ નવા જોડાયેલા સંતોનાં સ્વાગત-સત્કારનો સમૈયો થયો, જેમાં આશરે પાંચ હજાર ભક્તો પધાર્યા અને નવા જોડાયેલા સંતોને વધાવી લીધા.

સારંગપુરમાં પ્રથમ પીઠા ખાચરના ઓરડામાં શ્રી ઠાકોરજીની પટની મૂર્તિઓ શાસ્ત્રીજી મહારાજે પધરાવી. આ પ્રસંગે પણ બોટાદમાં ભારે વિરોધ ઊઠ્યો, પણ ટકી શક્યો નહિ. સારંગપુરમાં સંપ્રદાયનું સૌથી ઊંચું મંદિર થાય તેવો ભાવ શાસ્ત્રીજી મહારાજને હતો. માટે આખા મંદિરની રચનાનું આયોજન, નકશા આદિ સઘળું શાસ્ત્રીજી મહારાજે જ નક્કી કરી આપ્યું. સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજ સંતો-પાર્ષદો વધારતા ગયા અને મંદિરના કાર્યને વેગ આપતા ગયા. મંદિરનું કાર્ય પુરજોશમાં આગળ વધ્યું ને પાયા ખોદવાનો સમય આવ્યો એટલે ખાતમુહૂર્ત મુક્તરાજ ઈશ્વરભાઈ પ્રભુદાસના શુભ હસ્તે શાસ્ત્રીજી મહારાજે કરાવ્યું.

આ મંદિર નિર્માણકાર્યમાં જોડાનાર સંતો પાસે રસોઈ કરવા પૂરતાં વાસણો પણ ન હતાં. કદાચ કોઈ વાસણો લેવા પૈસા આપે તો કોઠારી શંકર ભગત તેનો ઉપયોગ દાડિયાને ચડેલી દાડી ચૂકવવામાં કરી દેતા. ઝોળી માંગનાર સંતોને બાજરાનો લોટ માંડ માંડ મળતો. અરે ! છાશ પણ ભાગ્યે જ મળતી ! યોગીજી મહારાજ અને સંતો ખાંભડામાં ઝોળી માંગતા ત્યારે માંડ સારંગપુરમાં તાવડી ચડતી. પણ, ઉપાસના પ્રવર્તનમાં આવનારી આ મુશ્કેલીઓને સંતો નહિવત્ ગણતા. એનો તેઓને કશો ભાર જ નહતો. આ તકલીફોમાં પણ તેઓને પ્રભુભક્તિ, ગુરુભક્તિ અદા કર્યાનો અકલ્પ્ય આનંદ આવતો. કોઈનો સાથ મળે નહીં, એક એક દોકડાનો પણ વિચાર કરવો પડે, વિરુદ્ધ પ્રચારની ભીંસમાં આવું મોટું મંદિર કેવી રીતે શક્ય બને તેવા વિચાર આવવા સહજ હતા. તેમ છતાં સંતોના શ્રીમુખે હૃદયોદ્ગાર સરતા કે, 'અહીં તો સર્વોપરી મંદિર સાકાર થશે.' કારણ કે, તેઓને શાસ્ત્રીજી મહારાજ પર અપ્રતિમ વિશ્વાસ અને અડગ શ્રદ્ધા હતી ! યોગીજી મહારાજ સવારે ૩ વાગ્યે ઊઠીને સૌ માટે રોટલા બનાવતા, મંદિરની જમીનમાં વાડ કરતા, સંતો સાથે સેવામાં જોડાતા. સારંગપુર અને આસપાસનાં ગામોમાં ઝોળી માંગવા જતા. એક વખત મોડી રાત્રે ૭૦-૭૫ ભક્તોનો સંઘ આવ્યો. બધા સંતો સૂઈ ગયા હતા, એટલે શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજ પર અપ્રતિમ વિશ્વાસ રાખી તેમને ઉઠાડ્યા. 'જોગી વગર મારું કોણ શોભાડશે !' આ તેમના હૃદયોદ્ગાર હતા. રાત્રે યોગીજી મહારાજે ઉમંગથી કઢી-ખીચડી બનાવી સૌ ભક્તોને જમાડ્યા.

મંદિરનું કામ ચાલતું હતું ત્યારે ત્યાંથી બાલમુકુન્દદાસ સ્વામી પસાર થતા હતા. તેઓએ સેવા કરતા સંતો-સેવકોને જોયા એટલે આશિષ વરસાવ્યા ને કહ્યું કે, જે સેવા ૫૦૦ પરમહંસોને દુર્લભ હતી તે મહારાજ અને સ્વામીની સેવા તમને મળી છે. તમે ખૂબ ભાગ્યશાળી છો ! મંદિરના કારખાનામાં કામ કરનારની સદા અછત રહેતી તો શાસ્ત્રીજી મહારાજ જાતે જ મહેનત કરવા લાગી જતા. ચણતરકામ કરતા કડિયાઓને ચૂનો કે પત્થર પહોંચાડવાની ગાડીઓ કે રેંકડો શાસ્ત્રીજી મહારાજ સ્વયં ખેંચતા. મંદિરના આ નિર્માણકાર્યમાં સારંગપુરના વણિક ભક્ત કાળીદાસ માવજી તથા મોહનભાઈ માવજીએ ખૂબ પક્ષ રાખ્યો. કુંવરજી ભક્ત અને વાલા ભક્ત પણ બહિષ્કારની બીકને અવગણી રોજ કડિયાકામ માટે આવતા. મંદિરના ઊંડા પાયા, તેનું પુરાણ, પોરબંદરી પત્થરની સ્તંભપંક્તિ સૌને આકર્ષતી. પણ, ઓછા સેવકો અને સાધન-સંપદાની અછતને પરિણામે મંદિરનિર્માણનું કાર્ય અન્ય સૌને અશક્ય લાગતું. તેવામાં એક પ્રસંગે ગુજરાતના મોટેરા હરિભક્તોની હાજરીમાં શાસ્ત્રીજી મહારાજે મંદિર માટે ભુલાભાઈ જેઠાભાઈ પાસે આગ્રહપૂર્વક ખરડો કરાવ્યો, જેનાથી મંદિરનિર્માણકાર્યને વેગ મળ્યો.

આવી જ રીતે શાસ્ત્રીજી મહારાજે મંદિર માટે લખણી કરાવી, જેમાં નિષ્ઠાવાન મુક્તરાજ છગનભાઈ પણ ઉપસ્થિત હતા. શાસ્ત્રીજી મહારાજે છગનભાઈ પાસે જ ખરડાનો આરંભ કરાવ્યો. લાખો રૂપિયાના મંદિર માટે ૩૫ રૂપિયાની સામાન્ય રકમ છગનભાઈએ મૂંઝાતા-મૂંઝાતા આપી ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા કે, 'તમારા જેવા નિષ્ઠાવાન ભક્તોનો એક-એક રૂપિયો કરોડ રૂપિયા બરાબર છે. એમાંથી જ આ મંદિર પૂરું થવાનું છે.' શાસ્ત્રીજી મહારાજ આવા ભક્તોને મંદિરની, પ્રભુની સેવામાં જોડી કલ્યાણના ભાગીદાર બનાવતા, આસક્તિ રહિત કરી દેતા.

આ અરસામાં ગુજરાતી સાહિત્યના સાક્ષરશ્રી દોલતરામ કૃપારામ પંડ્યા કે, જેઓ વડતાલ કમિટીના સભ્ય અને સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા, તેઓએ શાસ્ત્રીજી મહારાજને મળવા આમંત્રણ આપ્યું. શાસ્ત્રીજી

મહારાજ વડતાલમાં હતા ત્યારથી શાસ્ત્રીજી મહારાજની વિદ્વત્તાથી તેઓ વાકેફ હતા. તેથી જ શાસ્ત્રીજી મહારાજ જે ઉપાસનાની વાત કરે છે તે જાણવામાં તેઓને ખૂબ રસ હતો. વડતાલથી મહાપ્રસ્થાન કર્યાનાં દસ વર્ષ બાદ તેઓ શાસ્ત્રીજી મહારાજને મળતા હતા. શાસ્ત્રીજી મહારાજની પૂજા, આગતા-સ્વાગતા કર્યા બાદ પંડ્યાજીએ પૂછ્યું કે, 'શું આપને વડતાલમાં જોડાવાનો વિચાર છે ?' શાસ્ત્રીજી મહારાજે વચનામૃત ગઢડા મધ્યના ૨૧મા પ્રકરણની વાત વડતાલ સંસ્થા કબૂલ રાખે તો ભેગા થવામાં કોઈ વાંધો નથી, તેમ જણાવ્યું. એટલે પંડ્યાજીને એ વચનામૃત સમજવાનો રસ જાગ્યો. શાસ્ત્રીજી મહારાજે પોતાની લાક્ષણિક શૈલીમાં, અસ્ખલિત વાક્‌પ્રવાહ સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના માહાત્મ્યની વાતો કરી, ભગવાને ગુણાતીતાનંદ સ્વામીને અક્ષરનો અવતાર જણાવ્યો તે વાતો કરી. શ્રી અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા પ્રવર્તાવવા મંદિરોની અનિવાર્યતાની વાતો કરી. યુગલ ઉપાસના દ્વારા કલ્યાણ હાથ લાગ્યાની વાતો કરી, જે સાંભળી દોલતરામ પંડ્યા અભિભૂત થઈ ગયા. તેઓ બોલ્યા કે, 'હે શાસ્ત્રીજી મહારાજ ! જે કાર્ય કરવા શ્રીજી મહારાજે ફરી અવતાર ધરી આવવું પડે તે કાર્ય આપે કર્યું છે ! આપની મહત્તા અપાર છે ! એટલે આજે તો આપે મહારાજ-સ્વામીની પંચધાતુની મૂર્તિઓ પધરાવી છે, પણ ભવિષ્યમાં આપના શિષ્યો આપની સુવર્ણની મૂર્તિઓ પધરાવશે !'

મંદિરની દક્ષિણ દિશામાં પત્થરોનાં ઘડતર, ઘસાઈ અને ચૂનો કાલવવાનું કામ ચાલતું હતું. આ સેવામાં ગુલઝારીલાલ નંદા જેવા અગ્રણી ભક્તો પણ જોડાતા. સારંગપુરમાં પધરાવવાની શ્રી મુક્ત અક્ષર પુરુષોત્તમ મહારાજની પંચધાતુની મૂર્તિઓ વડોદરામાં બાપુલાલ કંસારા દ્વારા તૈયાર થઈ રહી હતી. સિંહાસનોની સેવા કરવા ગાનાના રણછોડભાઈ અને ત્રિકમભાઈ મિસ્ત્રી પણ શાસ્ત્રીજી મહારાજે નક્કી કર્યા હતા. તે સૌ પાસે પધારી શાસ્ત્રીજી મહારાજ માર્ગદર્શન આપતા. જે લોકો સારંગપુરના મંદિરની કે શાસ્ત્રીજી મહારાજના કાર્યની અવગણના કે ઉપેક્ષા કરતા હતા તેમનાં મોં સિવાઈ ગયાં. મંદિરમાં કામ કરતા માણસોને વિરોધીઓએ અટકાવ્યા તો બીજા માણસો કામમાં જોડાયા. મંદિર માટે બધી વ્યવસ્થાઓ આપમેળે જ ગોઠવાવા લાગી. તમામ વિઘ્નો ટળવા લાગ્યાં. જોતજોતાંમાં મંદિર તૈયાર થવા આવ્યું.

આ સમાચાર લીમડીના ઠાકોર સાહેબને મળ્યા એટલે મંદિરનાં દર્શન કરવા કાકા સાહેબ, દીવાન સાહેબ આદિને લઈ સારંગપુર પધાર્યા. બોટાદથી નગરશેઠ હિંમતલાલભાઈ પણ આવ્યા. દ્વેષીઓને તક મળી એટલે તેઓએ ઠાકોર સાહેબના કાનમાં વિષ રેડ્યું કે, 'આ શાસ્ત્રી તો મંદિરમાં તેમના ગુરુ જાગા અને પ્રાગાની મૂર્તિઓ પધરાવશે. વળી, આપણા ઈષ્ટદેવ તો રાધા-કૃષ્ણ કહેવાય, તેથી તેમની મૂર્તિઓ મધ્યમંદિરમાં બેસે તો જ સંપ્રદાયની રીતે મંદિર થયું કહેવાય !' ઠાકોર સાહેબ એ મિષ લઈને મંદિરે પધાર્યા. આવતાંની સાથે જ પૂછ્યું કે, 'જૂના મંદિરમાં ગોપાળાનંદ સ્વામીની પ્રસાદીની લાકડી છે, જે ભૂત ભગાડે છે એવી કોઈ ચમત્કારી વસ્તુ તમારી પાસે છે ?' આ સાંભળી તરત જ હિંમતલાલભાઈ બોલ્યા કે, 'શાસ્ત્રીજી મહારાજ તો નવી લાકડી કરે તેવા સમર્થ છે. તેમનો આવો પ્રતાપ આજે ચારેય કોર ફેલાઈ રહ્યો છે.' પછી કાકા સાહેબે સમય જોઈ જાગા અને પ્રાગાની મૂર્તિઓ પધરાવવા અંગે સવાલ કર્યો. એટલે શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, 'પ્રાગજી ભક્ત અને જાગા સ્વામીની મૂર્તિઓ મધ્યમંદિરે પધરાવવાનો સંકલ્પ અમને માન્ય નથી. વળી, મંદિરમાં ચડતાં જ પ્રથમ ડેરામાં રાધા-કૃષ્ણની મૂર્તિઓ પધરાવીશું. પણ મધ્ય મંદિરે તો શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ જ બિરાજશે ! અમે આ કષ્ટ તેમના માટે જ સહન કર્યાં છે અને આ મુંડાવ્યું પણ તેઓ માટે જ છે.' શાસ્ત્રીજી મહારાજનો અડગ ઘેરો સ્વર ગર્જના સમાન અનુભવાયો. સત્તાધીશોની શેહમાં ભરમાયા વગર સ્પષ્ટપણે સચોટ વાત કરનારા શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે ઉલટાનો સૌને વિશેષ ભાવ જાગ્યો. સહર્ષ આ સત્તાધારીઓએ શાસ્ત્રીજી મહારાજના કાર્યમાં સાથ આપવા બાંહેધરી આપી.

સારંગપુરનું મંદિર તૈયાર હતું. મૂર્તિપ્રતિષ્ઠાની તૈયારીઓ ચાલી રહી હતી. કાઠિયાવાડમાં મંદિર કરવા માટેનું ખમીર ચકાસનાર ભીમજીભાઈ અવાક્ બની ગયા હતા. વિશાળ ગગનચુંબી મંદિર સઘળા પ્રશ્નો, વિરોધ-વિઘ્નો અને દ્વેષનો સચોટ જવાબ હતું. મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત વિક્રમ સંવત ૧૯૭૨ના વૈશાખ સુદિ છઠનું નક્કી કરાયું. આમંત્રણ પત્રિકાઓ લખાઈ અને વિતરણ કાર્ય આરંભાયું. દેશ-વિદેશથી ભક્તો સેવામાં ઉમટવા લાગ્યા. યજ્ઞની તૈયારીઓ થવા લાગી. રસોઈ અને ઉતારાની વ્યવસ્થાઓ ગોઠવાવા લાગી. નિર્ગુણદાસ સ્વામીની સૂચના અનુસાર રાશન અમદાવાદના ભક્તો ખરીદી કરીને સારંગપુર મોકલવા માંડ્યા. વડોદરાથી મૂર્તિઓ પણ સારંગપુર આવી ગઈ. નડિયાદના રામચંદ્રભાઈ અને કરમસદના ડૉ. નાથાભાઈએ (પ.પૂ. દાદુકાકા-પ.પૂ. પપ્પાજીના પિતાશ્રી) મૂર્તિઓનો ખર્ચ આપ્યો.

શાસ્ત્રીજી મહારાજ સ્વયં પાકશાળા, યજ્ઞશાળા, કોઠાર, ભંડાર, સાધુની જાયગા, સભામંડપ, ભક્તોના ઉતારા પર પધારી જરૂરી વ્યવસ્થા

ચકાસતા અને માર્ગદર્શન આપતા. પ્રતિષ્ઠાના પાંચ દિવસ અગાઉ ભોજનશાળામાં શીરો બનાવવાનું કામ આરંભ્યું. રાત-દિવસ સુખડિયાઓ શીરો બનાવવા લાગ્યા. પાંચ રાત્રીના ઉજાગરા અને દિવસની અસહ્ય ગરમીથી થાકી સુખડિયાઓએ વધુ શીરો બનાવવાની ના કહી. માંડ અઢીસો મણ શીરો બન્યો. દીવાન સાહેબ સહિત ઘણાને થયું કે, આટલો શીરો સૌ ભક્તોને થઈ રહેશે નહિ. પણ, શાસ્ત્રીજી મહારાજે કહ્યું કે, 'ભગવાન પૂરું કરી આપશે માટે કોઈ ચિંતા કરશો નહિ !'

વૈશાખ સુદિ પાંચમના દિવસે શાસ્ત્રીજી મહારાજે સભા કરી અને શ્રીજી મહારાજે જીવા ખાચરને આપેલો વર સાકાર થયો એમ જણાવી આ મંદિરની ઉત્પત્તિ અંગે સૌને સ્પષ્ટ રજૂઆત કરી. અસંખ્ય માણસો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા. બીજા દિવસે-પ્રતિષ્ઠાના દિવસે સવારે યજ્ઞશાળામાં વેદોકતવિધિથી મૂર્તિઓની પૂજા થઈ. મધ્યમંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને અનાદિ મહામુક્ત યોગમૂર્તિ ગોપાળાનંદ સ્વામી તેમજ પ્રથમ ખંડમાં ગોપીનાથજીની મૂર્તિપ્રતિષ્ઠા બરાબર સવારે નવ વાગ્યે શાસ્ત્રીજી મહારાજના વરદ્ હસ્તે થઈ. મૂર્તિઓની નેત્ર-અનાવરણ વિધિ સમયે રાખેલો દર્પણ ફૂટ્યો અને તેથી મહારાજ, સ્વામી સાક્ષાત્ આ મૂર્તિઓમાં બિરાજે છે તેની સૌને પ્રતીતિ થઈ. શાસ્ત્રીજી મહારાજની અલૌકિક સ્થિતિની સૌને અનુભૂતિ થઈ. આ પ્રમાણે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ શાસ્ત્રીજી મહારાજ નિર્મિત બીજા મંદિરમાં બિરાજમાન થયા, તેનો આનંદ અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનો જયઘોષ સર્વત્ર ગુંજી ઊઠ્યો.

પ્રતિષ્ઠાની આરતી બાદ સૌ મહાપ્રસાદ લેવા પધાર્યા. શ્રી ઠાકોરજીના મહાપ્રસાદ રૂપ શીરો ખુટાડી શાસ્ત્રીજી મહારાજનું ખરાબ દેખાડવાના ભાવથી પધારેલ દ્વેષીઓ ટોપલા ભરીને વેડફવા લાગ્યા. જોતજોતામાં અડધો હોજ ખાલી થઈ ગયો. વ્યવસ્થામાં પરોવાયેલ સેવકો મૂંઝાયા કે, હવે કેવી રીતે પૂરું થશે! શાસ્ત્રીજી મહારાજ પાસે એ વાત આવી એટલે પરભાવમાં આવી તેઓએ શીરાના હોજ પર પતરાં ઢંકાવી દીધાં, ઘીનો દીવો કરાવ્યો અને આશીર્વાદ દીધા કે, 'શીરો ઘણો છે, આઠ દિવસ નહિ ખૂટે!' વળી, શીરો પીરસવાની વ્યવસ્થા પણ ગોઠવી આપી. લગભગ બે લાખ હરિભક્તોને સવારના નવ વાગ્યાથી રાતના બાર વાગ્યા સુધી જમાડ્યા. ત્યારબાદ વ્યવસ્થામાં રોકાયેલા ભક્તો જમ્યા. બીજે દિવસે પણ રોકાયેલા ભક્તોને હોજમાંથી શીરો કાઢીને પ્રેમથી જમાડ્યો ને પછી આખું ગામ જમાડ્યું. ત્રીજે દિવસે પણ તે જ પ્રમાણે કર્યું. શીરો હજુ પણ તાજો અને મઘમઘતો જ હતો. ચોથે દિવસે ત્રણ ગાડાં ભરીને શીરો બરવાળા અને પાંચ ગાડાં ભરીને શીરો બોટાદ મોકલ્યો. પછી શ્રી ઠાકોરજીની મૂર્તિ ઉપાડી લીધી તેમજ દીવો પણ લઈ લીધો. પતરાં ઉપાડીને જોયું તો હોજ જેમના તેમ ભરેલા હતા. આઠ દિવસ સુધી એ સ્વાદિષ્ટ શીરો ભક્તો જમ્યા.

આ વાત સર્વત્ર વાયુવેગે પ્રસરી. શાસ્ત્રીજી મહારાજના પ્રૌઢ પ્રતાપથી સૌ કોઈ સમજી ગયા કે, શાસ્ત્રીજી મહારાજમાં રહીને પ્રભુ કાર્ય કરી રહ્યા છે. અન્ય કોઈની મહોબ્બત મૂકી હવે સૌ શાસ્ત્રીજી મહારાજમાં જોડાવા લાગ્યા અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતોને અપનાવવા લાગ્યા. જીવનમાં આવેલ હકારાત્મક પરિવર્તનને માણવા, અનુભવવા લાગ્યા. સહજ સુખ, શાંતિ અને આનંદને ભોગવવા લાગ્યા.

હજુ પણ સારંગપુર મંદિરનું અધૂરું રહેલું કામ ચાલતું હતું. પત્થરોનાં વેગનો આવતાં તે સોમા ભગત અને સંતો-ભક્તો માત્ર દાળિયા ફાકીને, ભીડો ખમીને પણ કાચા કલાકોમાં જ ઉતારી દેતાં. કોઈ જાતનાં અદ્યતન સાધનો વગર મોટા મોટા પોરબંદરી પત્થરો ચઢાવતા સ્વામી અક્ષરપુરુષદાસજી અને સોમા ભગતની કાર્ય કુશળતા જોઈ સૌ આશ્ચર્યચકિત થઈ જતા. તેવામાં એક પ્રસંગ બન્યો. શ્રી ઠાકોરજીના વચલા મંદિરના તરઘટ (ઊમરા) માટેનો આશરે ૧૫૦ મણ વજનનો પત્થર જાડા રાંઢવાંના સાત બંધથી બાંધેલો હતો, જે ઉપર ચડતો હતો. અચાનક જ એક બંધ તૂટ્યું અને કોઈ કશું વિચાર કરી શકે તે પહેલાં જ બીજું, ત્રીજું, ચોથું એમ છ બંધ તૂટ્યા. એક જ બંધ પર પત્થર એક બાજુ લટકી રહ્યો. સૌને થયું કે, જો પડશે તો નીચે ઘડીને તૈયાર બીજા પત્થરો તોડી નાખશે. સૌ ગભરાયા અને શાસ્ત્રીજી મહારાજને બોલાવવા દોડ્યા. શાસ્ત્રીજી મહારાજ પધાર્યા. પરિસ્થિતિ પામીને લટકતા પત્થર બાજુ જોઈને એક હાથ ઊંચો કર્યો અને બોલ્યા કે, પથ્થર હવે નહિ પડે! વળી, સોમા ભગતને કહ્યું કે, 'પત્થર ઉપર ચડીને તૂટેલા રાંઢવાના બંધ બાંધી દો ! સૌ વિસ્મય પામ્યા કે, એક જ બંધ પર સોમા ભગત ચડે તો વજન વધી જાય અને પત્થર પડી જાય ને ભગતનો જીવ પણ જાય ! પરંતુ, સોમા ભગત વિશ્વાસથી શાસ્ત્રીજી મહારાજ સાથે જોડાયેલા હતા. આજ્ઞા મળતાં જ તેઓ દોડીને હળવેકથી પત્થર પર ચઢી ગયા. એકાદ આંચકો આવ્યો પણ પછી સ્થિર થયા. શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ તેઓ તરફ જ હતી તેથી તેમને શ્રદ્ધા હતી કે, સમગ્ર બ્રહ્માંડ તૂટશે તોય આ પત્થર નહિ તૂટે. ખૂબ નિર્ભયતાથી સોમા ભગતે બધા જ તૂટેલા બંધ બાંધી દીધા અને શાસ્ત્રીજી મહારાજનો આવો પ્રતાપ જોઈ, ભક્તોની આવી ભક્તિ જોઈ સૌ તેઓના શ્રી ચરણે નમી રહ્યા.

વિચરણ દરમિયાન બોચાસણથી આણંદ થઈ શાસ્ત્રીજી મહારાજ સારંગપુર આવતા હતા. પોતે ધન તો રાખે નહિ ને વળી, આણંદના




સારંગપુર મંદિરમાં પ્રતિષ્ઠિત દક્ષિણખંડમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સેવક મુકુન્દવર્ણી તેમજ ઉત્તરખંડમાં મધ્યમાં શ્રી ઘનશ્યામ મહારાજ સહિત ધર્મકુળ

ભક્તો લગ્નપ્રસંગે બહારગામ ગયા હતા, માટે કોઈ હરિભક્ત ટિકિટ કઢાવી આપશે તેમ વિચારી સીધા જ રેલવે સ્ટેશને આવ્યા. પણ, સ્ટેશને કોઈ જ ન મળ્યું તેથી ગામમાં ગયા. પણ ત્યાં પણ કોઈ ન મળ્યું. રાત થઈ ગઈ હતી. ગામથી સ્ટેશન અને સ્ટેશનથી ગામનાં ત્રણ-ચાર ચક્કર માર્યાં, છેવટે એક ભક્ત મળ્યા જેમણે બોટાદ સુધીની ટિકિટ કઢાવી આપી ને શાસ્ત્રીજી મહારાજ સારંગપુર પધાર્યા. શ્રીજી સમ ઐશ્વર્યના ધારક શાસ્ત્રીજી મહારાજે ભગવાન સિવાય કશાયનો સંગ્રહ કર્યા વગર કેવળ પ્રભુના બળે કાર્ય કર્યું તેનું આ સર્વોત્તમ દૃષ્ટાંત છે. છેલ્લા શ્વાસ સુધી શાસ્ત્રીજી મહારાજ અસહ્ય સંઘર્ષ, પ્રચંડ વિરોધ અને દુર્દમ્ય કઠિનતાઓ સામે અડીખમ રહીને, ઉપાસનાનાં મંદિરોના સર્જનમાં જાતને ઘસતા રહ્યા. આ મંદિરોના નિર્માણમાં તેઓએ દેહ ઘસી નાખ્યો. શ્રમયજ્ઞ કર્યાં, ઝઝૂમ્યા, ટાઢ-તાપ જોયા વિના નીચી ટહેલની સેવાઓ કરી, તગારાં-પાવડા-કોદાળી સાથે નાતો બાંધી દીધો; આવી રીતે મંદિરો તૈયાર કર્યાં. એમને મન આ મંદિરો સ્પર્ધા કે કીર્તિ માટે ન હતાં, પણ શુદ્ધ સનાતન ઉપાસના પ્રવર્તન માટેનાં આધાર હતાં. તેઓ આવાં કષ્ટ સહન કરતાં ત્યારે સૌને થતું કે, આવા ઐશ્વર્યવાન સાધુને વળી ઝોળી માંગવાની ન હોય! ત્યારે પ્રભાવમાં આવીને શાસ્ત્રીજી મહારાજ બોલતા કે, 'મહારાજે પોતે ઝોળી માંગેલી ને પરમહંસો પાસે પણ મંગાવેલી કે, જેથી જે મુમુક્ષુને તેઓનાં દર્શન થાય તેઓનું કલ્યાણ થાય. સ્વામી-શ્રીજીના બળે અને આ ઝોળી પર મુસ્તાક રહીને આ મંદિરો બાંધું છું. મારો જન્મ આ સારું જ થયો છે.' વળી તેઓ કહેતા કે, 'અક્ષરપુરુષોત્તમ માટે શ્વપચને ત્યાં પણ વેચાવું પડે તો ઓછું છે. અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન માટે માંગેલી મારી ઝોળીમાં જો કોઈ એક કણ પણ આપશે તેને હું અક્ષરધામ બક્ષિસ આપીશ.'

તેમાંય સારંગપુર શાસ્ત્રીજી મહારાજને અતિ પ્રિય હતું. તેઓ કહેતા કે, 'સારંગપુર તો મારા જીવ સાથે જડાયેલું છે. સારંગપુર તો અક્ષરધામ તુલ્ય છે.' સારંગપુર મંદિરનું પ્લાનિંગ કરવાનું કોઈએ મુંબઈના પ્રસિદ્ધ આર્કિટેક્ટ કોરા એન્ડ ભટ્ટનું નામ સૂચવ્યું ત્યારે શાસ્ત્રીજી મહારાજે પળવારમાં કાગળ પર પેન્સિલ લઈને આખા મંદિર અને સંકુલનું સુંદર પ્લાનિંગ કરી આપ્યું. તેઓની સ્થાપત્ય અને શિલ્પ પ્રતિની કલાસૂઝ નિરાળી હતી. સારંગપુર મંદિરમાં હવેલી તથા ધર્મશાળામાં લાકડાનું નકશીકામ પણ શાસ્ત્રીજી મહારાજે જ પોતાની આગવી સૂઝથી કરાવ્યું હતું. પથ્થર માટે વેપારીઓને જાતે મળે, લાકડાં માટે વૃક્ષ જાતે પસંદ કરે, કઈ ખાણમાંથી સારો પત્થર નીકળશે તે પણ તેઓને ખબર !

વળી, સારંગપુર મંદિર માટે ભક્તોનું સમર્પણ પણ અપ્રતિમ હતું. ખાનદેશના મોચડી ગામનાં ચેડીબાએ કળશની સેવા માટે પોતાનાં સુવર્ણનાં બધાં જ ઘરેણાં સમર્પિત કરી દીધાં હતાં. નાગસરના ભૂધરભાઈએ સારંગપુરના મંદિર માટે પહેલેથી જ બધું સમર્પણ કરી રાખ્યું હતું, તેમ છતાં શાસ્ત્રીજી મહારાજ તેઓના ઘરે સેવા લેવા પધાર્યા ત્યારે આખા વર્ષની ખેતીની ઉપજની રકમમાંથી ઘરખર્ચની રકમ રાખી, અન્ય સઘળી રકમ મંદિરની સેવામાં ધરી દીધી. મંદિરનિર્માણની સેવા કરતા કડિયાઓનો પગાર ચૂકવવાનો સમય થતો ત્યારે નોકરી કરતા હરિભક્તો વૈજનાથભાઈ, હરગોવિંદભાઈ આદિ પોતાના પગારની તમામ રકમ સેવામાં આપી દેતા.

સારંગપુર મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાનાં બાર વર્ષ પછી શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા ધર્મકુળની મૂર્તિઓ પધરાવવાનું શાસ્ત્રીજી મહારાજે નક્કી કર્યું. તેના યજ્ઞ માટે રઢુ ગામના ભક્તો પાસે ખરડો કરાવી સેવા લીધી. ભક્તો પણ ઘર બાળીને તીરથ કરે તેવા નિષ્ઠાવાન હતા. આ નિમિત્તે એક

વખત ખરડો થઈ ગયો હતો છતાં આ વખતે પહેલા કરતાં દસ ગણી વધુ રકમ ભક્તોએ સેવામાં આપી. પુરુષોત્તમપરાના આશાભાઈના વિશાળ બંગલામાં આગ લાગી અને સઘળું બળીને ખાખ થઈ ગયું. તેમ છતાં શાસ્ત્રીજી મહારાજ સેવા લખાવવા પધાર્યા ત્યારે વ્યાજે પૈસા લાવીને પણ શાસ્ત્રીજી મહારાજની સેવા કરી અપાર રાજીપો મેળવી લીધો.

શ્રી હરિકૃષ્ણ મહારાજ અને ધર્મકુળની મૂર્તિઓ જયપુરમાં ઘડાતી હતી. તે જોવા શાસ્ત્રીજી મહારાજ જયપુર પધાર્યા. ત્યાં પહોંચી મૂર્તિઓનાં દર્શન કર્યાં. શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બરાબર ન હતી થઈ એટલે કારીગરના હાથમાંથી ટાંકણું લઈને જાતે મૂર્તિઓ ઘડવા લાગ્યા. કારીગર કશું કહેવા ગયો તો તરત જ બોલ્યા કે, 'અમે જે મૂર્તિ દેખીએ છીએ તે તું દેખે છે ?' આમ કહી, સ્વયં તેઓએ જ દિવ્ય મૂર્તિ ઘડી. આમ, સંવત ૧૯૮૫ના મહા સુદ છઠને દિવસે બીજો મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. વેદમંત્રોનાં ગાન સાથે દક્ષિણખંડમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ અને સેવક મુકુન્દવર્ણી તેમજ ઉત્તરખંડમાં મધ્યમાં શ્રી ઘનશ્યામ મહારાજ, ડાબી બાજુએ શ્રી ધર્મપિતા અને ભક્તિમાતા, જમણી બાજુએ આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ પ્રતિષ્ઠિત થયા. આ પ્રતિષ્ઠાની સાંજે જ શાસ્ત્રીજી મહારાજે વડતાલના આચાર્ય શ્રી લક્ષ્મીપ્રસાદજીના સુપુત્ર શ્રી રાધારમણપ્રસાદજીને સમાધિ કરાવી અને સૌને કહ્યું કે, 'આજથી આપના મંડળમાં સમાધિ પ્રકરણ શરૂ થયું.'

મંદિરનું કાર્ય પૂરું થયું તે પછી ભવ્ય દરવાજો કરવાનું શાસ્ત્રીજી મહારાજને મન હતું. જેવું સંપ્રદાયનું આ સૌથું ઊંચું મંદિર હતું, તેવો જ આ દરવાજો પણ વિશાળ કરવાનો તેઓનો ભાવ હતો. મંદિરમાં ઉપર ચઢવાનાં પગથિયાં જે શાસ્ત્રીજી મહારાજે વિશિષ્ટ બનાવ્યાં તેમ આ દરવાજો પણ વિશિષ્ટ કરવાનો તેઓનો ભાવ હતો. સારંગપુર મંદિરનો દરવાજો શાસ્ત્રીજી મહારાજની અપ્રતિમ કલાસૂઝનું બેનમૂન ઉદાહરણ છે. શાસ્ત્રીજી મહારાજ કહેતા કે, 'આ દરવાજાનાં દર્શન કરનારને જો અંતકાળે તેની સ્મૃતિ થશે તો તેનું રૂડું થશે ને મહારાજ તેને અક્ષરધામ તેડી જશે !'

સંવત ૨૦૦૨માં પોતાના અતિ પ્રિય આ મંદિરના કોઠારીપદે નવયુવાન શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી – પ્રમુખ સ્વામીની નિયુક્તિ કરી. તે વખતે શાસ્ત્રીજી મહારાજને અપાર આનંદ હતો ને તેઓએ કહ્યું કે, 'આ સાધુ મારી જેમ જ મારા આ પ્રિય સ્થાનનું જતન કરશે.' પ્રમુખ સ્વામીને પણ સારંગપુર ખૂબ વહાલું હતું. તેઓ કહેતા કે, 'સારંગપુર મને ખેંચે છે.' શાસ્ત્રીજી મહારાજની પ્રેરણાથી પ્રમુખ સ્વામી મહારાજે સારંગપુરમાં સંત તાલીમ કેન્દ્ર, યજ્ઞપુરુષ સ્મૃતિ મંદિર, સ્વામિનારાયણ વિદ્યામંદિરનો આરંભ કરાવ્યો. ૧૬ મે ૨૦૧૬ના રોજ સારંગપુર મંદિરનો શતાબ્દી મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.



સારંગપુરમાં શાસ્ત્રીજી મહારાજના સ્વધામગમન સ્થાને નિર્મિત 'શ્રી યજ્ઞપુરુષ સ્મૃતિ મંદિર'

યોગીબાપાએ આફ્રિકાના મુક્તરાજ વલ્લભદાસ સાંકરિયાને આજ્ઞા કરી કે, 'આપણે આ સ્થાનમાં ઘીનો અખંડ દીવો કરવો છે માટે તેની સેવા તમે કરજો.' વલ્લભદાસ સાંકરિયાએ તે આજ્ઞા પાળી અને શાશ્વત ભક્તિ અદા કરી. વલ્લભદાસ અનુપમ મિશન (યુ.કે.)ના વ્રતધારી સંત પૂ. હિંમત સ્વામીના પિતાશ્રી થાય. આમ, સમસ્ત સમાજ વતીની શાસ્ત્રીજી મહારાજના શ્રી ચરણોમાં સેવા અદા થઈ.

વર્ષો વીત્યાં ને સારંગપુર મંદિરના કળશ ચઢાવવાનો વિધિ ગુરુદેવ યોગીજી મહારાજની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયો. આ કળશ માત્ર મંદિરના જ નહોતા, પરંતુ, શાસ્ત્રીજી મહારાજના ઉપાસના પ્રવર્તનના કાર્યના શિખરે ચઢેલા કળશ હતા. આ પ્રસંગે સારંગપુરમાં સંતભગવંત સાહેબજી તેમજ પ.પૂ. પપ્પાજી યોગીબાપાની આજ્ઞાથી પધાર્યા હતા અને શાસ્ત્રીજી મહારાજ–યોગીજી મહારાજના યુગકાર્યના સાક્ષી બન્યા હતા. કળશની આરતી પ્રસંગે લેવાયેલી છબી તેની સહજ સ્મૃતિ કરાવે છે. ◆



સારંગપુર મંદિરના કળશની આરતી ઉતારતા
બ્રહ્મસ્વરૂપ પ.પૂ. યોગીબાપા, બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પ્રમુખસ્વામી અને સંતો સાથે
પ.પૂ. પપ્પાજી અને યુવાન સાહેબજીનાં દર્શન !



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

*ગુરુપૂર્ણિમા-યુ.કે., ૯ જુલાઈ ૨૦૧૭*

**ગુરુપૂર્ણિમાનો** આજે મહામંગલકારી દિવસ ! ભારત, ઇંગ્લૅન્ડ, અમૅરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, ફીજી, આફ્રિકા અને દેશ-પરદેશમાં વસતાં આપણાં સર્વ હિન્દુ ભાઈઓ-બહેનો ખરેખર ખૂબ ભક્તિભાવથી આ દિવસની ઉજવણી કરતાં હોય છે. પોતાના ગુરુના સાંનિધ્યમાં, પોતાના ઇષ્ટદેવનાં દર્શને જઈ, પૂજા-અર્ચનાઓ કરી, ભેટ ધરી પ્રભુ તરફની ભક્તિ અદા કરતાં હોય છે. આપણો ભારત દેશ અને એમાંય ખાસ કરીને હિન્દુઓ ઉત્સવપ્રિય છે. એટલે તો આપણે અખંડ આનંદમાં મહાલતા હોઈએ છીએ. ઋષિ-મુનિઓએ, ગુરુજનોએ અને ભગવાનના અવતારોએ માનવજીવનને સર્વાંગ સુંદર બનાવવા માટે, માનવની પાસે જે કાંઈ છે એમાંથી પરમ આનંદ પ્રાપ્ત કરવાનો માર્ગ વિધવિધ ઉત્સવની ઉજવણી દ્વારા આપણને બતાવ્યો. એમાં ગુરુપૂનમ એ અગત્યનો ઉત્સવ છે. આપણાં મા-બાપ એ આપણાં પહેલામાં પહેલા ગુરુ છે. પછી વિદ્યાગુરુ અને ત્રીજા આચાર્ય. તેમાં આપણને બ્રહ્મવિદ્યા, પરા-અપરાવિદ્યાનું દર્શન કરાવે એવા બ્રહ્મસ્વરૂપ સાધુ એ આપણા સાચા ગુરુ છે. એ ગુરુ તરફનું ઋણ અદા કરવાનો આજનો દિવસ છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન આ બ્રહ્માંડમાં માનવરૂપ ધારણ કરીને આવ્યા. જેમ શ્રી કૃષ્ણ પરમાત્મા આવ્યા, શ્રી રામ, શ્રી મહાવીર, શ્રી બુદ્ધ માનવરૂપ ધારણ કરીને આવ્યા, એમ શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ માનવરૂપ ધારણ કરીને આવ્યા. એમાં સ્વામિનારાયણ ભગવાને વિશેષતા કરી. શ્રી રામચંદ્ર ભગવાન આવ્યા, એમણે અસુરોનો નાશ કરી, સાત્ત્વિકભાવનું સ્થાપન કરી ધરતીને આનંદમય બનાવી. ત્યારે બધા એમ કહેતા કે, 'રામરાજ્ય છે, એટલે દરવાજા ખુલ્લા મૂકીને સૂઈ જાવ.' ખેતરોને વાડ ના હોય તો પણ ખેતી ભેલાય નહીં, ચોરી થાય નહીં, મારામારી થાય નહીં. બધા એકબીજાના સહકારથી સાત્ત્વિકભાવમાં શાંતિથી જીવતા. શ્રી કૃષ્ણ સ્વરૂપે પ્રભુ પ્રગટ થયા, અસુરોનો નાશ કર્યો. સૌને પોતાની મૂર્તિમાં ખેંચી, સંબંધ આપી સૌનાં કલ્યાણ કર્યાં. નિર્ગુણભાવનું પ્રવર્તન કર્યું.

ભગવાન કહે, 'આપણે બધાય દેહ ધારણ કરીને આવ્યા છીએ, તો એની મર્યાદા છે-દેહ છોડવાનો છે.' શ્રી રામચંદ્ર ભગવાને, શ્રી કૃષ્ણ પરમાત્માએ, શ્રી મહાવીર પ્રભુએ, શ્રી ગૌતમ બુદ્ધે પોતાના ભૌતિક દેહનો ત્યાગ કર્યો. પણ એમના કાર્યકાળમાં જે કામ થયું, પછી એ કામને ફૉલો-અપ કરનાર કોઈ ન રહ્યું. નિર્ગુણભાવને પામવાનું ને સાત્ત્વિકભાવમાં રહેવાનું તે ભગવાન હતા ત્યાં સુધી સરસ હતું. સ્વામિનારાયણ ભગવાને કહ્યું, શ્રી રામચંદ્ર ભગવાને અદ્ભુત કામ કર્યું. શ્રી કૃષ્ણ પરમાત્માએ પોતાનાં અદ્ભુત ઐશ્વર્યોનો, ભગવાનપણાનો બધાને અહેસાસ કરાવ્યો. શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ ભગવાને પણ ખૂબ સરસ કામ કર્યું ! પણ પછી શું ? સ્વામિનારાયણ ભગવાન કહે, 'એ ખોટ અમે પૂરી કરીશું.' તેઓ પોતે સ્વયં માનવરૂપ ધારણ કરીને આવ્યા અને પોતાના એવા વારસદાર ગુણાતીતને સાથે લઈને તેઓ આવ્યા.

તમને ખ્યાલ હોય તો, ગાયની કિંમત એના વાછરડા પરથી થાય. જો ગાયને વાછરડું ના હોય તો એ બહુ દૂધ ના આપે એટલે એની બહુ કિંમત ના થાય. એમ વારસદારથી પ્રભુના સ્વરૂપનાં દર્શન થાય. સ્વામિનારાયણ ભગવાન આવ્યા અને સાથે ગુણાતીત સાધુ, મુક્તોને લઈને આવ્યા.



**આપણાં મા-બાપ એ આપણાં પહેલામાં પહેલા ગુરુ છે.**
**પછી વિદ્યાગુરુ અને ત્રીજા આચાર્ય.**
**આપણને બ્રહ્મવિદ્યા, પરા-અપરાવિદ્યાનું દર્શન કરાવે**
**એવા બ્રહ્મસ્વરૂપ સાધુ**
**એ આપણા સાચા ગુરુ છે.**

સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા ૧૮૩૭માં અને ગુણાતીતાનંદ સ્વામી પ્રગટ થયા ચાર વરસ પછી-૧૮૪૧માં. સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છપૈયા-અયોધ્યા પાસે. ગુણાતીતાનંદ સ્વામી સૌરાષ્ટ્રમાં જામનગર પાસે ભાદરામાં પ્રગટ થયા. સ્વામિનારાયણ ભગવાન ફરતા ફરતા ગુજરાતની ધરતીમાં પધારી પોતાનું કાર્યક્ષેત્ર ચાલુ કર્યું. ગુણાતીતાનંદ સ્વામી બ્રાહ્મણ હતા પણ ભાદરાના ખેડૂત હતા, પરણેલા હતા. આના પરથી તમે ગૃહસ્થો ધારો તો ગુણાતીતભાવને પામી શકો છો, ત્યાગી થઈને જ પામી શકાય એવું નહીં. તેઓ ખેતરમાં પાણી વાળતા હતા ત્યારે સ્વામિનારાયણ ભગવાને દર્શન દીધાં, 'હે મૂળજી શર્મા! આપણે શું કરવા આવ્યા છીએ ? આ દુનિયાનું બ્રહ્મતેજ સુકાઈ રહ્યું છે. હવે ચાલી નીકળો.' મહારાજ આવું બોલીને અદ્દશ્ય થઈ ગયા. મૂળજી શર્મા પાવડો ફેંકી, ઘરે કહ્યા વગર નીકળી ગયા. ત્યારે સ્વામિનારાયણ ભગવાન ગુજરાતના નડિયાદ પાસે ડભાણ ગામ છે ત્યાં બિરાજમાન હતા, એમની પાસે પહોંચી ગયા અને દીક્ષિત થઈ સાધુ જ થઈ ગયા. સ્વામિનારાયણ ભગવાને એમનું 'નિર્ગુણાનંદ સ્વામી' નામ પાડ્યું. પણ પોતાની ગુણાતીત અવસ્થાના કારણે તેઓ 'ગુણાતીતાનંદ સ્વામી'ના નામથી ઓળખાયા. સ્વામિનારાયણ ભગવાને કહ્યું, શ્રી કૃષ્ણ ભગવાને 'ગીતા'માં પણ કહ્યું છે કે, 'હે અર્જુન ! આત્માને જ્યારે આ પૃથ્વી ઉપર માનવદેહ મળે છે ત્યારે અમે આ પૃથ્વી ઉપર માનવરૂપે જરૂર હોઈએ, હોઈએ ને હોઈએ જ !' અને એમની ઓળખાણ થાય તો જ ભક્ત થાય.

શ્રી કૃષ્ણ પરમાત્માએ 'ગીતા'માં અર્જુનને કહ્યું, 'અમે પૃથ્વી પર પ્રગટ હોઈશું, હોઈશું ને હોઈશું જ !' એવું જે વરદાન આપણને આપ્યું એ વરદાનને શ્રી સ્વામિનારાયણ ભગવાને રિપીટ કર્યું કે, 'હે માનવો ! આ બ્રહ્માંડમાં અમે માનવરૂપ ધારણ કરીને આવ્યા છીએ, તો હવે અમે આ બ્રહ્માંડમાં જ રહીશું. દસ-વીસ પેઢી તો હોઈશું જ.' એમણે તો ૪૯ વર્ષે દેહ છોડી દીધો. તો શું એમનું વરદાન ખોટું છે ? પણ તેઓએ કહ્યું કે, 'અમે એવા અમારા ગુણાતીતભાવને પામેલા સાધુ થકી પ્રગટ રહીશું.' યાદ રાખો, ભગવાને શબ્દ વાપર્યો - 'ગુણાતીતભાવ' ! શબ્દાતીત, ભાવાતીત અને ત્રીજું સ્ટેજ છે ગુણાતીત. આપણે બધા હજુ 'શબ્દાતીત'માં આંટા મારીએ છીએ.

કોઈ આપણને કહે કે, 'અહોહો તમે તો કનૈયાકુંવર જેવા છો !' એટલે તરત જ આપણું તંત્ર ખુશખુશાલ થઈ જાય. કોઈ કહે કે, 'તમે રાજકુંવર છો' તો શું હું રાજકુમાર થઈ ગયો ? હું જે છું તે તો જશભાઈ છું. તું મને રાજકુમાર કહું કે નોકર કહું, મને શો ફરક પડે છે ? કોઈ તમને કહે કે, 'તમે ડોબા જેવા છો ?' તો શું તમે ડોબા જેવા થઈ ગયા ? આપણને શો ફરક પડે ? કોઈ આપણને ડોબો કહે, સારો કહે કે ખરાબ કહે તેનાથી આપણને શો ફરક પડે ? એમ ખુશી કે ગ્લાનિ ન થાય. એ શબ્દાતીત થયો કહેવાય. એને ગ્લાનિ ના થાય, એના હૈયામાં સહેજ પણ ફર્ક ના પડે એ શબ્દાતીત. આમાંથી જ બહાર ના નીકળતા હોય તો પછી ભાવાતીત થવાની તો વાત જ ક્યાં રહી ? પહેલા ધોરણમાં જ આંટા મારતા હોઈએ પછી બીજા ધોરણમાં જવાની ક્યાં વાત રહી ?

શબ્દાતીત પછીથી ભાવાતીત થવાનું છે. સામાન્ય માનવો જગતમાં સગાં-સ્નેહીજનોની લાગણીના ભાવથી, સમાજમાં માનના ભાવથી કે વાતાવરણમાં આવતા તેવા ભાવથી કાર્યોમાં પ્રવૃત્ત થયા હોય છે. પણ કેવળ અને કેવળ એક પ્રભુને જ રાજી કરવાના ભાવથી ભક્તિ અદા કરે. પ્રભુ તરફ-ગુરુ તરફ જોઈને જ તેઓની આજ્ઞામાં રહીને સેવા-ભક્તિ કરે તે ભાવાતીત થયો કહેવાય. તેમાં સારું-ખોટું, પાપ-પુણ્ય, નફો-નુકશાન, હિત-અહિત બધાં દ્વન્દ્વો મટી જાય છે. કેવળ એક ગુરુ-પ્રભુ રાજી થાય છે ને બસ કરો ! તે ભાવે જે પ્રવૃત્તિ કરે છે તે ભાવાતીત થયો કહેવાય, જે ગુણાતીત થયો કહેવાય. જેના દ્વારા ભગવાન સ્વયં દર્શન દે છે, આશીર્વાદ આપે છે, આપણને સુખિયા કરે છે. ગુરુ ગુણાતીતાનંદ સ્વામીજી એક આવા સાધુ હતા.

ભગવે ભગવે ભગવાન હોતા નથી. ત્યાગી છે, મોટા છે, વંદનીય છે, પૂજનીય છે, પણ અંધકાર ટાળે, અજ્ઞાન ટાળે એ સાચા ગુરુ. જન્મ-મરણના ચકરાવામાંથી બહાર કાઢે એ સાચા ગુરુ. સમૃદ્ધિ હોય, આવો સરસ દેશ હોય, આવી સરસ લોકશાહી હોય, ખાધે-પીધે કોઈ અડચણ ના હોય, રહેવાનું-જમવાનું બધું પ્યૉર મળતું હોય; તો પણ કેમ દિવેલિયાં મોંઢાં થઈ જાય છે? ઇન્દ્રિયો-અંતઃકરણના ભાવો-દેહના ભાવો જે આપણને સુખી-દુઃખી કરે છે, એ રૂપી અજ્ઞાન ટાળે, જન્મ-મરણના ચકરાવા રૂપી અંધકાર ટાળે એ સાચા ગુરુ. પણ એ કોણ કરી શકે ?

યોગીબાપા દૃષ્ટાંત આપતા : આપણે બધા હૉલમાં બેઠા હોઈએ ને બધાને દોરડાથી બાંધી દીધા હોય તો કોણ કોને છોડે ? બધા જ બંધાયેલા છે, કોઈ દોરડું છોડી જ ના શકે. પણ આપણામાંથી જો કોઈ એક જ જણ છૂટો હોય તો ફટાફટ બધાનાં બંધન કાપી નાખે. એમ હઠ-માન-ઈર્ષ્યાના ભાવો, દેહના ભાવો, કામ-ક્રોધાદિક દોષ; આ બધાથી જે અતીત, શબ્દાતીત, ભાવાતીતથી ગુણના ભાવોથી અતીત થઈને ગુણાતીતભાવમાં જે રહેતો હોય એવો સાધુ જો આપણને મળે તો આપણને આમાંથી છોડાવે. શ્રી સ્વામિનારાયણ ભગવાનના વખતમાં ત્રણ હજાર સાધુઓ હતા. ૫૦૦ તો પરમહંસની કક્ષાના સાધુ હતા. અને એમાંના એકએકનું સાધુનું વર્ણન કરીએ તો એ જગતમાં ભગવાન તરીકે પૂજાય એવા સિદ્ધ પુરુષો હતા !

ગોપાળાનંદ સ્વામી વડોદરામાં બિરાજમાન હતા. એમણે આખું ગ્રહણ રોકેલું ! તમે વિચાર કરો, કુદરતની ક્રિયાને બંધ કરે એ સાધુ કેવો હશે ! આ જે ત્રીજી મૂર્તિ પધરાવી છે-ગુણાતીતાનંદ સ્વામીની આ બાજુ છે અને બીજી બાજુ એ ગોપાળાનંદ સ્વામીની મૂર્તિ છે. પૂર્વાશ્રમના તેઓ ખુશાલ ભટ્ટ, ઈડર સ્ટેટના ટોરડા ગામના બ્રાહ્મણ. આખું બ્રાહ્મણોનું ગામ. વિદ્યા ભણાવીને, કર્મકાંડ કરીને જે ભેટ આવે એમાંથી એ બ્રાહ્મણો ગુજરાન કરે. એમને બીજી કમાણી નહીં, પણ ટોરડાના એ બ્રાહ્મણો એટલા પ્રભાવી હતા કે, એમને બધા બહુ બોલાવે એટલે એ બ્રાહ્મણો સમૃદ્ધિવાન બનેલા. તે સમયે બ્રાહ્મણો પાસેથી ટૅક્સ નહોતો લેવાતો. પણ ઈડરનો રાજા ભોગી હતો, તે ગમે તેમ પૈસા વાપરતો તેથી તિજોરીમાં પૈસા ખલાસ થઈ ગયા. એટલે રાજાએ બ્રાહ્મણો ઉપર ટૅક્સ નાખ્યો. બ્રાહ્મણોએ રાજા પાસે રજૂઆત કરી કે, 'અમે ભિક્ષા લઈને આવીએ છીએ એમાં તમે ટૅક્સ કેમ લો છો ?' પણ રાજાને તો પૈસા જોઈતા હતા એટલે એમણે ટૅક્સ લેવાનું નક્કી કર્યું. બ્રાહ્મણો બિચારા ઢીલા પડીને પાછા આવ્યા ત્યારે ૧૪-૧૫ વર્ષનો છોકરો ખુશાલ ભટ્ટ - એણે કહ્યું કે, 'મને રાજા પાસે લઈ જાઓ.' બધાને ખબર હતી કે, આ સામાન્ય છોકરો નથી; આ છોકરાનો પ્રભાવ, પ્રતાપ જુદો છે.

ખુશાલ ભટ્ટને રાજા પાસે લઈ ગયા. ખુશાલ ભટ્ટે રાજાને ત્રણ વખત ટૅક્સ પાછો ખેંચી લેવા પ્રાર્થના કરી. અને કહ્યું, હવે જો ટૅક્સ માફ નહીં કરો તો હું જ્યાં બેઠો હોઈશ ત્યાં તમારે માફ કરવા આવવું પડશે.' આમ રાજાને ચૅલેન્જ આપી, પણ રાજાએ કંઈ ગણકાર્યું નહિ. એટલે બધા ત્યાંથી નીકળી ગામના પાદરે વડ નીચે ઓટલા ઉપર ગોપાળાનંદ સ્વામી પોતાના સાથીદારોને લઈને ધ્યાન કરવા બેસી ગયા અને સંકલ્પ કર્યો કે, 'રાજમહેલમાં રહેતાં બધાં જ પાત્રોના ઝાડો-પેશાબ બંધ થઈ જાવ.' આથી ત્યાં રાજમહેલમાં તો હાહાકાર મચી ગયો. બધાં ગભરાયાં. હકીમો, વૈદ્યો, ડૉક્ટરોએ બધા પ્રયત્નો કર્યા પણ બે દિવસમાં તો બધાં ધૂંઆપૂંઆ થઈ ગયાં. ત્યારે રાજા કુટુંબે સહિત ખુશાલ ભટ્ટ પાસે ગયા અને તાંબાના પત્ર પર લખી આપ્યું કે, 'ટોરડાના બ્રાહ્મણોનો ટૅક્સ યાવત્ચંદ્રદિવાકરૌ કોઈએ લેવાનો નહીં'." એ જ્યારે લખાયું ત્યારે ગોપાલાનંદ સ્વામીએ બધાના નૅચરલ કોલની બંધી છોડી દીધી.

આવા પ્રતાપી પાંચસો પરમહંસ હતા ! એકેએક પરમહંસ એટલા બધા ઐશ્વર્યવાન-પ્રતાપી હતા ! એ સર્વમાં શિરમોર ગુણાતીતાનંદ સ્વામી માટે સ્વામિનારાયણ ભગવાને કહ્યું, 'આ ગુણોથી અતીત છે.' તેઓ કેવળ

ઇન્દ્રિયો-અંતઃકરણના ભાવો-દેહના ભાવો
જે આપણને સુખી-દુઃખી કરે છે,
એ રૂપી અજ્ઞાન ટાળે,
જન્મ-મરણના ચકરાવા રૂપી અંધકાર ટાળે
એ સાચા ગુરુ.





મારા-તમારામાં સુખી-દુઃખી કરાવે એવી જે વૃત્તિઓ છે,
એને સાફસૂફ કરી, ચોખ્ખી કરી,
ભગવાનનું સુખ લેતા કરે, એ ગુણાતીત !
એવા ગુણાતીત સાધુનું પ્રગટીકરણ
સ્વામિનારાયણ ભગવાને રાખ્યું.

ભગવાનમાં રહે છે અને જીવોને ભગવાનમાં જોડી, જન્મ-મરણના ચકરાવામાંથી બહાર કાઢી, આ ને આ દેહે સુખી થવાનો ઈલમ બતાવે છે. એવા સાધુ નહીં મળે. ઐશ્વર્ય-પ્રતાપ, રિદ્ધિ-સિદ્ધિ, ચમત્કાર બતાવીને, બોલીને તમને પ્રભાવિત કરનારા ઘણા મળશે, પણ ગુણાતીતભાવને પામેલા સાધુ જો ગુરુપદે મળે તો આપણે ધન્ય થઈ જઈએ. એવા ગુરુ ગુણાતીતને મહારાજ સાથે લઈને આવ્યા ને એવા ગુણાતીતભાવને પામેલા સાધુ થકી ભગવાનનું પ્રગટીકરણ રહ્યું. એ વાત શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના દ્વારા પ્રવર્તાવી. અક્ષરરૂપ થયેલા-ગુણાતીતભાવને પામેલા સાધુમાં ભગવાન અખંડ રહે છે.

આપણને કોઈ પૂછે કે, 'તમે ક્યાં રહો છો ?' આપણે ગમે ત્યાં ફરીએ પણ ઘર આપણો મુકામ છે. એમ, ભગવાનને રહેવાનું ઘર કયું ? ભગવાનનું સરનામું કયું ? સ્વામિનારાયણ ભગવાને કહ્યું, 'મૂર્તિ દ્વારા ભગવાન પ્રગટ છે, સાધુ દ્વારા ભગવાન પ્રગટ છે, અને શાસ્ત્રો દ્વારા ભગવાન પ્રગટ છે.' એવા જે સાધુ, તે અત્યારે પ્રગટ આ મહંત સ્વામી ! તેઓ ભગવાનને રહેવાનું ઘર, હરિપ્રસાદ સ્વામી ભગવાનને રહેવાનું ઘર અત્યારે છે. મૂર્તિમાન ત્યાં ભગવાન રહે છે. અશ્વિનભાઈ, શાંતિભાઈ, ગુરુજી આવા જે ગુણાતીત ભાવને પામેલા સાધુઓ એમના થકી ભગવાન કહે અમે પ્રગટ છીએ. પણ તેઓ છે આપણા જેવા એટલે ભૂલથાપ ખાઈ જવાય છે.

અત્યારે ભગવાન શ્રી રામનું પૂજન કરીએ છીએ, શ્રી કૃષ્ણ પરમાત્માનું પૂજન કરીએ છીએ, ભાગવતની સપ્તાહ હોય તો માણસો હકડેઠઠ આવે છે. પણ શ્રી કૃષ્ણ ભગવાન જ્યારે પ્રગટ હતા ત્યારે કેટલાએ ઓળખ્યા ? ભાગવતમાં તમે વાંચજો. શ્રી કૃષ્ણને કાળિયો કહ્યો છે, ધુતારો કહ્યો છે, ભાતભાતનાં વિશેષણો વાપર્યાં છે. ને ત્યારે ભગવાનને કોઈએ પૂજ્યા નથી, અત્યારે પૂજે છે. પ્રગટ હતા ત્યારે મારા-તમારા જેવા ખાતા-પીતા, ખેલતા-કૂદતા, આનંદ કરતા, દહીંની હાંડીઓ ફોડી નાખતા, ચોરી કરીને દહીં ખાતા; આવી બધી માનવીય ક્રિયામાં કોણ દિવ્યભાવ રાખે ? અત્યારે લીલાચરિત્રો ગવાય છે, પણ ભગવાન શ્રી રામને વનવાસમાં મોકલી આપ્યા. તમે વિચાર કરો ! અત્યારે તેમની મૂર્તિઓ પધરાવીએ છીએ પણ તેઓ મારા-તમારા જેવા પ્રગટ હતા ત્યારે આપણા જેવા જ માનીને એમને બધી જ પ્રકારની મુશ્કેલીઓ આપી છે. પણ ભગવાન પ્રગટ થાય, કે સાધુ પ્રગટ હોય ત્યારે એને ઓળખો તો જ સુખ મળે.

તમારી બાજુમાં રિલાયન્સની મોટામાં મોટી ઈન્ડસ્ટ્રી હોય. ઘણા કહે કે, 'રિલાયન્સની બૅક ડોર અમે રહીએ છીએ.' પણ એના કારણે તમે કરોડાધિપતિ થયા ? કે એ કારખાનાનો તમને કશો ફાયદો થયો ? કારખાના સાથે તમે જોડાવ તો તમને ફાયદો થાય. ભગવાનના અવતારો ભારતમાં પ્રગટ થયા પણ ભગવાનના અવતારોને ઓળખ્યા નહીં, ઊલટું ભગવાનને દુઃખ જ દીધાં છે, ભગવાનને ને સંતોને તકલીફો જ આપી છે. એમનાં જીવનચરિત્ર વાંચો તો ખબર પડે કે, થોડાક ભક્તોએ જ એમને સપોર્ટ કર્યો - એ સુખિયા થયા. ભગવાન પ્રગટ થાય ત્યારે એમને ઓળખવા પડે, એમની સેવા કરવી પડે, એમનામાં દિવ્યભાવ રાખવો પડે અને એટલા એટલા જ સુખી થાય. નદી વહેતી હોય તો પાણી દરિયામાં જ જાય છે. એ લઈને તમે ખેતરમાં નાખો તો પાક થાય, પણ જો ના લો તો ? એમ ભગવાન ને સાધુ વિચરણ કરતા હોય, એનો તમે સંગ ના કરો, એની તમે સેવા ના કરો, એની પાસે તમે જાવ નહીં તો આપણે કશું પામીએ નહિ.

અહીંયાં બધા મુમુક્ષુઓ છે. તમે જુઓ અમેરિકામાં, ઈંગ્લૅન્ડમાં બધા વડીલો આવે છે. આપણે પૂછીએ કે, 'દાદા કેમ આવ્યા છો ?' તો કહે, 'છોકરાં રમાડવા.' છોકરાના ઘરે છોકરો આવ્યો એટલે ભાવ પ્રગટાવવા. એમ, આપણને સૌને લાડ લડાવવા ભગવાનના અવતારો સંતો રૂપે આવે છે. તો એવા ગુણાતીતભાવને પામેલા સાધુ જો મળે તો

આપણું જીવન ધન્ય થઈ જાય. સ્વામિનારાયણ ભગવાને એવા ગુણાતીત સાધુનું પ્રગટીકરણ રાખ્યું અને આપણને સૌને સનાથ બનાવ્યા છે.

એક સંતને ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'બાળક કાદવ-કીચડમાં પડે, ખરડાઈ જાય અને ગંદો-ગોબરો થઈ જાય ત્યારે એની માએ ગમે એટલી કીમતી સાડી કે કપડાં પહેર્યાં હોય પણ તે બાળકને ઊંચકી બાથરૂમમાં નવડાવી-ધોવડાવી, ચોખ્ખું કરી, સારાં કપડાં પહેરાવી એના બાપને આપે તો પછી બાપ એને રમાડે.' એમ હઠ-માન-ઈર્ષ્યાના ભાવો, કામ-ક્રોધાદિક દોષમાં સબડતા, ખરડાયેલા માનવોને અમે સાફસુથરા કરી ભગવાનના ચરણારવિંદમાં મૂકીએ છીએ. આ ગુણાતીત સાધુનું કામ છે ! મારા-તમારામાં સુખી-દુઃખી કરાવે એવી જે વૃત્તિઓ છે, એને સાફસૂફ કરી, ચોખ્ખી કરી, ભગવાનનું સુખ લેતા કરે, એ ગુણાતીત ! એવા ગુણાતીત સાધુનું પ્રગટીકરણ સ્વામિનારાયણ ભગવાને રાખ્યું. એ વાત શાસ્ત્રીજી મહારાજે શુદ્ધ ઉપાસના દ્વારા છતી કરી.

એવા ગુણાતીત ભાવને પામેલા સાધુ અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ કે કાકાજી, પપ્પાજી, બા, બહેન, મહંત સ્વામી, પ્રમુખ સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી એમની મહાનતા અને વિશેષતા શું આપણાથી ? કે, યોગીજી મહારાજ જ્યારે પ્રગટ હતા ત્યારે આફ્રિકા આવેલા, ભારતમાં ગામડે ગામડે ફર્યા, ઈંગ્લૅન્ડમાં બાપા '૭૦માં આવ્યા. લાખો માણસોએ બાપાનાં દર્શન કર્યાં, લાખો માણસો બાપા પાસે રહ્યા; છતાં આટલાં જ કેમ ગુણાતીત ભાવને પામ્યા ? કારણ ? આમણે યોગીજી મહારાજને માનવ રૂપે નહીં, પ્રભુ રૂપે જોયા. એમની આજ્ઞા પ્રભુની આજ્ઞા રૂપે માની. એમનામાં સમ્યક્ નિર્દોષભાવ રાખ્યો કે, બાપા જે કરે એ આત્માના કલ્યાણ માટેની જ પ્રવૃત્તિ છે. સમ્યક્ નિર્દોષભાવ રાખી એમની આજ્ઞા બે હાથ જોડીને પાળી અને એમના સંબંધવાળા ભક્તોને નિર્દોષ માની સેવાઓ કરી.

યોગીજી મહારાજ ને શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની ઉપાસના દ્વારા આ પ્રવર્તાવ્યું. કે, ભગવાનની પૂજા કરીએ છીએ, ભગવાનની સેવા કરીએ છીએ, ભગવાનને થાળ ધરાવીએ છીએ પણ દર્શન કરવા જઈએ ત્યારે ભક્તોને ઠોંહા મારીએ તો ભગવાન ખુશ થાય ? ભક્તોને કહીએ કે, તમે પહેલાં દર્શન કરો, મારે દર્શન થઈ ગયાં; તો ભગવાન એ દર્શનને વધારે સ્વીકારે છે. ભગવાનના ભક્તોનું મૂલ્ય ભગવાન જેવું જ જેને વધારે હોય એ ઉપાસના. ભગવાન કહે, 'તમે મને પ્રભુ માનતા હો, તો મારા સંબંધવાળાને પણ દિવ્ય ને નિર્દોષ માનો, અને એ ભાવથી એમની સેવા કરો તો મારો અંતરનો એવો રાજીપો મળશે કે, જેથી તમને સુખી-દુઃખી કરે છે એવી વૃત્તિઓ-પ્રવૃત્તિઓ આપોઆપ બદલાઈ જશે, છૂટી જશે.' કેટલી સહેલી ને સરળ સાધના શાસ્ત્રીજી મહારાજે શુદ્ધ ઉપાસના દ્વારા આપણને આપી !

ગુરુપૂર્ણિમા એટલે એવા ગુરુનું ઋણ અદા કરવાનો દિવસ છે. ભારતમાં જઈને હરિદ્વાર, ઋષિકેશ કે અમરનાથની યાત્રા કરો, માનસરોવરમાં ડૂબકી ખાઓ તો જ આત્માનું કલ્યાણ થાય એવું નહીં, પણ આપણા માટે અહીં બેઠા બેઠા આત્માનું કલ્યાણ થાય એટલો સરળ માર્ગ શાસ્ત્રીજી મહારાજે - યોગીજી મહારાજે શુદ્ધ ઉપાસના દ્વારા આપણને આપ્યો. હે ભક્તો ! તમે જ્યાં છો ત્યાં, તમે જે કરો છો તે કરો, તમે સારા બંગલામાં રહો, સારાં કપડાં પહેરો, સારી ગાડીઓમાં ફરો; તમને કોઈ બંધનરૂપ થશે નહીં. પણ, પ્રભુમાં જોડાયેલા રહેશો, સાધુ સાથે જોડાઈને ભક્તિ કરશો તો આ બધું છૂટી જશે.

ગુણાતીતાનંદ સ્વામી પરણેલા હતા તોય ગુણાતીતભાવને પામી ગયા. ત્યાગી-ગૃહીનો મેળ નથી. જે આ રીતે જીવે એ સૌ માટે આ મેદાન મોકળું છે. એ ગુરુએ આપેલી આ વાત આપણા જીવનમાં સાકાર થાય તો આપણે ધન્ય થઈ જઈએ. અને એના માટે સંતોનું વિચરણ છે. સ્વામિનારાણ ભગવાને કહ્યું, 'સંતો તો ચલતા ભલા.' તમારે ફરતા રહેવું.

ભગવાનના ભક્તોનું મૂલ્ય
ભગવાન જેવું જ જેને વધારે હોય એ ઉપાસના.
ભગવાન કહે, 'તમે મને પ્રભુ માનતા હો,
તો મારા સંબંધવાળાને પણ દિવ્ય ને નિર્દોષ માનો,
અને એ ભાવથી એમની સેવા કરો તો
મારો અંતરનો એવો રાજીપો મળશે.





હે ભક્તો !
તમે જ્યાં છો ત્યાં, તમે જે કરો છો તે કરો,
તમે સારા બંગલામાં રહો, સારાં કપડાં પહેરો,
સારી ગાડીઓમાં ફરો; તમને કોઈ બંધનરૂપ થશે નહીં.
જો પ્રભુમાં જોડાયેલા રહેશો,
સાધુ સાથે જોડાઈને ભક્તિ કરશો તો આ બધું છૂટી જશે.

જે કોઈ તમારી વાત સાંભળશે, માનશે, સેવા કરશે એ સૌની જવાબદારી ભગવાનની છે, યાદ રાખો ! સાધુની આજ્ઞાથી સેવા કરીએ, એમની પ્રવૃત્તિને સાથ આપીએ, એ માટે આપણી પાસે જે પણ છે એ વાપરીએ.

રવિશંકર મહારાજ કે જેમના હસ્તે ૧૯૬૦માં ગુજરાતની સ્થાપના થઈ, એ રવિશંકર મહારાજ કહેતા, 'આ દેહને ભગવાનની સેવામાં વાપરશો તો દેહ ઊજળું થશે, સાબુથી ઊજળું નહી થાય. સાબુથી ચોખ્ખું થશે, પણ જો ઊજળું કરવું હોય તો ભગવાનની સેવામાં તમારી આવડત, હોશિયારી વાપરો. તમે ભણેલા છો, પૈસાદાર છો, તમે બહુ ઈન્ટૅલિજન્ટ છો, જિનિયસ છો, તમારા ફિલ્ડમાં માસ્ટર છો અને તેનોઅહંકાર ના આવવા દેવો હોય, અહંકાર રહિત રહીને તમારે એ ટૅલેન્ટ જો વધારવી હોય તો એને ભગવાનના કાર્યમાં વાપરો. ઈગો માણસને દુઃખી કરે છે. ઘણાને ધનનો અહંકાર હોય, ઘણાને સત્તાનો અહંકાર હોય, કોઈને વિદ્યાનો અહંકાર હોય, કોઈને ડૉક્ટર, ફાર્મસિસ્ટનો અહંકાર હોય, કોઈને રૂપનો અહંકાર હોય, કોઈને બળનો અહંકાર હોય; આ બધા અહંકાર માણસને દુઃખી કરે છે. એને તમારે જો શુદ્ધ કરવો હોય તો એને ભગવાનના કાર્યમાં વાપરો. વાપરવાથી કશું ઓછું નહીં થાય, યાદ રાખો ! પણ વાપરશો એટલું ચોખ્ખું થશે, જે તમને શાંતિ ને આનંદ વધારશે. આ આખી પ્રક્રિયા શાસ્ત્રીજી મહારાજે – યોગીજી મહારાજે શુદ્ધ ઉપાસના દ્વારા માનવને શિખવાડી, તો અત્યારે સેવા કરી ભક્તિ કરનાર માનવો નકરા સારા થતા જાય છે, વધારે સુખિયા થતા જાય છે.

યોગીજી મહારાજ એક જગ્યાએ આફ્રિકામાં હતા. બાપા પાસે જાય એટલે સીધા ગળામાં હાથ નાખે. કંઠી ના હોય એટલે તરત બાપા કહે, 'લાવો, કંઠી પહેરાવી દો.' બાપા કહે, 'આશરા વગર ના રહેવું, ભગવાનનો પાસપૉર્ટ લઈ લેવો.' એમ કહી બાપા તરત કંઠી પહેરાવી દે. એક ભાઈના ગળામાં હાથ નાખ્યો, કંઠી નહોતી. બાપા કહે, 'લાવો, કંઠી પહેરાવી દઈએ.' ત્યારે પેલા ભાઈ કહે, 'મારાથી કંઠી ના પહેરાય. હું બહુ ગરીબ માણસ છું, બહુ પૈસાદાર નથી. અને મેં એવું સાંભળ્યું છે કે, જે પૈસાદાર હોય એ જ સ્વામિનારાયણ થાય.' બાપા કહે, 'વાત સાચી છે, પણ એને ઉલટાવી નાખો. જે સ્વામિનારાયણ થાય એ પૈસાદાર થાય. એવું રાખો.' એ કેવી રીતે ? તો જો તમે સ્વામિનારાયણ થાવ એટલે તમારો કુસંગ છૂટી જાય–ખોટો સંગ છૂટી જાય તો જે ટાઈમ મળ્યો એ તમારા કામમાં વાપરો એટલે તમારા કામમાં બરકત આવે ને પૈસા આવે. અને ગુટકા ખાતા હોય, દારૂ પીતા હોય, નૉનવૅજ ખાતા હોય, બજારમાં જઈને આંટા–ફેરા ને આશીર્વાદ કરતા હોય; એ બધાં વ્યસન છૂટી જાય તો કેટલા બધા પૈસા બચે ? એમ ને એમ લક્ષાધિપતિ થઈ જાવ. આમ, સત્સંગી થાવ તો બધાં એલફેલ છૂટી જાય એટલે સુખિયા થાવ. એ બાપાનું કહેવું હતું.

સંતો આ રીતે આપણું જે ઉત્થાન કરે, એમાં આપણે પૈસાદાર થઈએ, સારા થઈએ, આપણા કુટુંબમાં સંવાદિતા વધે, હળીમળીને આનંદ કરતા થઈએ તો ફાયદો કોને છે ? એમને કંઈ ફાયદો છે ? આપણા ઘરે રહેવા તો તેઓ આવતા નથી. એમણે સંસાર છોડ્યો, સંસારના રસ છોડ્યા, બધું છોડ્યું તો એમને આપણામાં રસ શું છે ? આપણામાં રસ એ છે કે, ભગવાને એમની પાસે મોકલ્યા તો આપણને સુખી કરવા એ જ એમને રસ છે. અને એને એ ભગવાનની ભક્તિ માને છે. આવા સાધુ–સંતોનું ઋણ આપણી અનંત જિંદગી એમને માટે ખરચીએ તોય ચૂકવાય એવું નથી. પણ ગુરુપૂર્ણિમાએ એમનું પૂજન કરીને ભક્તિ અદા કરીએ. આપણી પાસે જે છે એ એમને ભાવથી અર્પણ કરીએ. અને વિશેષ, આપણને ઘરમાં હળીમળીને રહેવા ના દે, સંપ, સુહૃદભાવ ને એકતા રાખીને કામ ના કરવા દે, નહીં લેવા–દેવા વગરના બીજાના દોષ જોઈ દુઃખી થવા માટે અડચણરૂપ થતી અમારી વૃત્તિઓ ; એ પણ પ્રભુ, તમારે ચરણે ધરવી છે. અઠવાડિક સત્સંગસભામાં નથી આવવા દેતા, સત્સંગ નથી કરવા દેતા, ભક્તિમય નથી જીવવા દેતા; એવા અમારા જે અળવીતરા સ્વભાવ એને પ્રભુ તમારા ચરણે ભેટ ધરવા

છે. અને કમાણી કરીને જે પણ ધન-સંપત્તિ કમાઈએ, એ પણ બાપા ! તમારે ચરણે ભેટ ધરવી છે. આવું અર્પણ કરવાનો આ દિવસ છે. હમણાં ભજન ગાયું કે, 'અર્પણ કરું શું તને ?' તારું દીધેલું છે ને તારા અર્થે વાપરવું છે. તો આવા દિવસે આ પ્રાર્થના કરીએ.


આજે ખરેખર તમારાં સૌનાંય દર્શન કરીને આનંદ થયો. બહુ પુણ્યશાળી આત્માઓ છો, સામાન્ય નથી તમે. ભગવાનના બહુ કૃપાળુ ને પુણ્યશાળી આત્માઓ છો તો આજે કંઈક કરવાનો સંકલ્પ કરીને જજો. મંદિર માટે, ભક્તિ માટે, ભગવાનના થઈને જીવન જીવવા માટે, રોજ ઓછામાં ઓછી દસ-પંદર મિનિટ ધૂન કરવાનો સંકલ્પ કરજો. હે પ્રભુ ! સારામાં સારો માનવદેહ આપ્યો, સરસ મા-બાપને ઘરે જન્મ આપ્યો અને આવું મંદિર, આવા સંતોનો યોગ આપ્યો ; જે શોધવા જઈએ તોય ના મળે ! સાચી જગ્યાએ તમે અમને મૂક્યા; તો આપનું ઋણ શું અદા કરીએ ? અમારો ચોવીસ કલાકનો સમય છે તેમાંથી રોજ પંદર મિનિટ તો ઓછામાં ઓછી પ્રભુ તમારા માટે કાઢીશું, કાઢીશું ને કાઢીશું ; આવો સંકલ્પ કરજો. અને જે પણ નજીક પડે એ મંદિરમાં દર અઠવાડિયે સભા થતી હોય તો સભામાં અચૂક અમે હાજરી આપીશું. ટાઈમ ના હોય તો દસ-પંદર મિનિટ દર્શન કરીને પણ જતા રહેવું, પણ અચૂક હાજર રહીશું. અને અમે જે પણ કંઈ કમાણી કરીએ છીએ, એ તમારી કૃપાથી અમને બધું પ્રાપ્ત થાય છે ; એમાંથી ૫% કે ૧૦% પ્રભુ અમે તમારા ચરણોમાં ધરીશું.

સમયનો ધર્માદો, ધનનો ધર્માદો અને બીજું વૃત્તિનો ધર્માદો. કોઈ પણ સંજોગોમાં, ગમે તેવી પરિસ્થિતિમાં ગમે ત્યાં જઈએ પણ કોઈનાય વિશે નિંદા, ખટપટ, માથાકૂટની વાત કરીશું નહીં, સાંભળીશું નહીં અને ચલાવી નહીં લઈએ. આટલા સંકલ્પ કરજો ! એક વરસ તમે આ રીતે જીવશો તો આવતા વર્ષની ગુરુપૂર્ણિમાએ તમે જોશો તો તમે બદલાયેલા હશો. ભક્તિ કરીએ, મંદિરમાં આવીએ તો બદલાવ આવવો જોઈએ. ભક્તિ કરતાં કરતાં બે વરસ પછી કોઈ માણસ આપણને મળે ત્યારે એને લાગવું જોઈએ કે, તમારામાં બદલાવ આવ્યો છે, તો એ સાચી ભક્તિ ! અને આવી ભક્તિ કરીએ તો તેવું થાય.

સમયનો ધર્માદો-સમય આપીએ. ધનનો ધર્માદો-ધન આપીએ. ઇન્દ્રિય-અંતઃકરણનો ધર્માદો-સર્વનું સારું બોલીએ, સારું સાંભળીએ ને સારું જોઈએ. આ ગુરુપૂર્ણિમાએ આ રીતે આપણે જીવન જીવવાનો સંકલ્પ કરીને જઈશું. આપણે પ્રભુને એ ભેટ આપવી છે કે, પ્રભુ ! આ અમે તમને અર્પણ કરીએ છીએ. તમે એનો સ્વીકાર કરજો. પછી એ પ્રમાણે વરસ જીવન જીવીને વરસ પછી જોજો, આપણે બદલાયેલા હોઈશું. આપણા ઘરમાં સંવાદિતા પ્રગટશે, આપણા મિત્રમંડળમાં સંવાદિતા પ્રગટશે. ભગવાનની પાછળ ઓરા છે, એ કંઈ લાઈટ લઈને નથી ફરતા, એ પ્રકાશ છે. એવો પ્રકાશ તમે જ્યાં જશો ત્યાં તમારી સાથે રહેશે. તમે જાવ તો બધાને આનંદ થઈ જાય એવો પ્રકાશ. ભગવાનની દિવ્યતાનો એવો પ્રકાશ આવું જીવન જીવનારની આજુબાજુ ફરતો હોય છે. એવા મને-તમને-સૌને બનાવવા માટે આ મંદિરોની પ્રવૃત્તિ, સત્સંગની પ્રવૃત્તિ ભગવાને રાખી છે, સાધુ-સંતોને ભગવાને ફરતા રાખ્યા છે.

મારી તમને બધાને પ્રાર્થના ! મંદિરનાં કામ, ભગવાનનાં છે. અને આપણે ભગવાનના છીએ એટલે તે મારાં-તમારાં છે. આ દેશમાં શિક્ષણ સરસ છે. પણ આપણા છોકરાઓને ડ્રગ્સ ને બીજાં બધાં આકર્ષણોથી કોણ બચાવશે ? છોકરાઓ સાથે તમે કંઈ સ્કૂલે જવાના નથી. છોકરા ફરતા હોય તો તમે સાથે રહેવાના નથી. એ છોકરાનું રક્ષણ કરવા માટે ઠંડી હોય તો તમે સ્વેટર પહેરાવો છો, ગરમી હોય તો તમે એવાં કપડાં પહેરાવો છો, માથે ટોપી પહેરાવો છો, એને ચાલવાનું દૂર પડે તો ગાડી આપો છો ; એ રીતે તમે છોકરાને પ્રૉટેક્ટ કરો છો. પણ આવા વાઈરસથી, આવાં પ્રલોભનથી, આવાં આકર્ષણથી, એ છોકરાને કોણ પ્રૉટેક્ટ કરે ? એને પ્રૉટેક્ટ કરનાર પ્રભુ છે. મારું-તમારું-સૌનું જે પ્રૉટેક્શન કરે છે, આપણા છોકરાઓનું, આપણા બિઝનેસનું, આપણી ગાડીનું કેટલું બધું પ્રૉટેક્શન કરે છે ! એ પ્રભુને આપણે કેવી રીતે ભૂલી શકીએ ?

**સમયનો ધર્માદો,**
**ધનનો ધર્માદો અને બીજું વૃત્તિનો ધર્માદો.**
**કોઈ પણ સંજોગોમાં, ગમે તેવી પરિસ્થિતિમાં**
**ગમે ત્યાં જઈએ પણ કોઈનાય વિશે**
**નિંદા, ખટપટ, માથાકૂટની વાત કરીશું નહીં, સાંભળીશું નહીં**
**અને ચલાવી નહીં લઈએ. આટલા સંકલ્પ કરજો !**



જે ઑક્સિજન આપણો દેહ ચલાવે છે, કોઈને કોઈ દિવસ એવો સંકલ્પ થયો ? કે મેં બહુ ઑક્સિજન ખેંચ્યો, હવે બે કલાક રાહત રાખો, નથી લેવો ઑક્સિજન. તો શું થાય ? 'કાઢો ભાઈ કાઢો ! કાઢો ભાઈ કાઢો' થઈ જાય કે નહીં ? ઑક્સિજન આ દેહનો પ્રાણ છે. એમ, ભગવાન આપણા પ્રાણ છે, આ સંતો આપણા પ્રાણ છે. એમના વગર, એમનો સંગ કર્યા વગર, એમની ભક્તિ કર્યા વગર આપણાથી કેવી રીતે રહી શકાય? આપણા પ્રભુને આપણા ઘરમાં પધરાવવા પડે. દરેક ઘરમાં નાનું તો નાનું પણ મંદિર રાખીને તમે પૂજા કરતા હશો, પ્રાર્થના કરતા હશો, તમારા ઘરમાં વ્યસન નહીં હોય, તમે સારું જીવન જીવતા હશો, તો એ મા-બાપ તો ગુરુસમાન છે ; તો છોકરા એવા થશે.

એક સામાન્ય દાખલો આપું. અમે નાના ટાબોરિયા હતા ત્યારે મંદિરમાં દર્શન કરવા જઉં તો મારાં બા મને મુઠ્ઠીમાં ચોખા આપે. મંદિરે દર્શને ખાલી હાથે ના જવાય. એટલે બા કહે, 'લે બે મુઠ્ઠી ચોખા લઈ જા.' ઘેરથી દોડતાં દોડતાં જવાનું. મંદિરમાં ચોખાનો ડબ્બો હોય ને દાળનો ડબ્બો હોય, એમાં ચોખાના ડબ્બામાં ચોખા મૂકી, દંડવત્ કરીને, દર્શન કરીને જવાનું.

આરતી થાય તો બાપુજી ખિસ્સામાંથી સિક્કો આપે. ત્યારે તો એક પૈસો, બે પૈસા, આનો-બે આના એની બહુ કિંમત હતી. નાના છોકરામાં આપવાની ભાવના, છોડવાની ભાવના આવે તે માટે આપણી હિંદુઓની આ રીત છે કે, નાના છોકરા પાસે અપાવો, નાના છોકરા પાસે દાન કરાવો તો એ ટાબોરિયાં અત્યારે મોટાં થઈ લાખો પાઉન્ડ આપતાં અચકાતાં નથી. બાકી, જેણે પાઈ-પૈસો આરતીમાં મૂક્યો નથી, સાધુ સંતોને કશું આપ્યું નથી, એવા મિલિયૉનર થયા છે, પણ હરામ છે એમની પાસેથી તમે એક પાઉન્ડ પણ કઢાવી શકો. કારણ કે, નાનપણમાં આપવાનું સમજ્યા જ નથી. પણ તમે બધા તો આફ્રિકા, હિન્દુસ્તાનમાંથી એવા સંસ્કાર લઈને આવ્યા છો.

એટલે ભગવાને કહ્યું, આ મંદિર છે એ આપણી કૉલેજ ને યુનિવર્સિટી કરતાં પણ વિશેષ શ્રેષ્ઠ છે. મંદિરની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવી, એને સપૉર્ટ કરવો એ આપણી આવી રહેલી જનરેશન માટે જરૂરી છે. અહીંયાં મંદિરમાં છોકરાઓ આવશે, રમશે, કૂદશે, આવા વાતાવરણમાં ફ્રેન્ડશિપ થશે. અમેરિકામાં યૂથ કૅમ્પને લીધે છોકરાઓ કુસંગના વાઈરસથી બચી ગયા. કારણ કે, આ મિત્રો ! મિત્રો સારા હોય તો વાતો સારી થાય. એકબીજાના વિચારને અનુરૂપ એવા મિત્રો મંદિરમાં ભેગા થાય એટલે એ છોકરાની આખી લાઈફ બદલાઈ જાય. આ સામાન્ય કામ નથી થતું, બહુ અદ્‌ભુત કામ થઈ રહ્યું છે ! એ અદ્‌ભુત કામના ભાગીદાર બનો, મારી તો એ પ્રાર્થના છે !

તમે કરોડ રૂપિયા નહીં, લાખખો પાઉન્ડ નહીં, પણ થોડું ક-જે કંઈ હોય એ ; આ કામમાં મારે આપવું છે એવો સંકલ્પ કરીને જજો. આ કાર્ય પ્રભુનું કાર્ય છે અને પ્રભુ મારા છે, હું પ્રભુનો છું, તો મારા પ્રભુના કાર્યમાં મારે કાંઈક સમર્પિત થવું છે. કાંઈક સમય મૂકવો છે, દેહ વાપરવો છે, દેહથી પ્રાપ્ત થયેલું ધન પણ વાપરવું છે. વાપરશો તો ઓછું નહીં થાય, લખી રાખો ! સ્વામિનારાયણ ભગવાને કહ્યું, શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી મહાવીર, શ્રી બુદ્ધ ને બધા ભગવાનના અવતારો ને સંતો કહે છે કે, કોઈ માણસ મંદિરમાં દાન કરવાથી બૅન્ક્રપ્ટ થયો હોય એવો શોધી લાવો કે, આ માણસે મંદિરમાં લાખોનું દાન કર્યું ને બૅન્ક્રપ્ટ થયો. સમાજમાં બીજી રીતે બૅન્ક્રપ્ટ થયા હશે, પણ મંદિરમાં દાન આપવાથી ઊલટું એનું જીવન શુદ્ધ થયું હશે, પૈસાથી એ સમૃદ્ધિવાન થયા હશે, પૈસામાંથી ખોટી-ખરાબી વસ્તુ નીકળી ગઈ હશે અને કુટુંબે સહિત સુખિયા થયા હશે.

ભગવાન પોતે સંકલ્પ કરે છે. શાસ્ત્રીજી મહારાજ મંદિર કરતા હતા ત્યારે પાયામાંથી ચરુ-સોનાના દાગીના નીકળ્યા. ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે, 'એને પાછા દાટી દો. ઉપર માટી નાખી દો.' ત્યારે કોઈએ કહ્યું કે, 'સ્વામી, મંદિર માટે પૈસાની જરૂર છે અને તમે આવું કેમ કહો છો ?' ત્યારે બોચાસણ સંસ્થામાં પૈસાની ભયંકર તકલીફ હતી. લાખો રૂપિયાનાં મંદિર બનાવવાનાં હતાં, પણ દાન નહોતું આવતું. એવા સમયે ચરુ નીકળ્યો. પણ શાસ્ત્રીજી મહારાજ કહે, 'ચરુ પાછો દાબી દો.' કારણ કે, આ બધા ભક્તો પાસેથી પાઉન્ડ, બે પાઉન્ડ, પાંચ પાઉન્ડ, સો પાઉન્ડ લઈને બધાનાં પ્રારબ્ધ બદલવાં છે. જે જન્મ-મરણના ચકરાવામાં દુ:ખી કરાવે છે એ વૃત્તિઓને દિવ્ય બનાવવી છે. એ માટે આવાં મંદિર કરે છે, આપણા માટે છે.

આપણે નહીં આપીએ, નહીં મદદ કરીએ, હું ને તમે કોઈ નહીં હોઈએ તોય ભગવાનનું કામ અટકવાનું નથી, યાદ રાખો ! પણ જેટલા એમાં ઈન્વૉલ્વ થશે એટલાનાં કામ થઈ જશે, એટલા સુખિયા થઈ જઈશું. એ માટેનો આ જંગ છે.

મારી પ્રાર્થના છે ! અહીં આવેલાં સર્વ ભાઈ-બહેનો, અહીં આવવું હતું ને નથી આવી શક્યાં એવાં સર્વ ભાઈઓ-બહેનોને પ્રભુ કુટુંબે સહિત તન-મન-ધન ને આત્માથી સુખિયા રાખે, ઘરમાં સંવાદિતા વધે, સમૃદ્ધિ વધે, પ્રભુના કામમાં વાપરીને હૈયાનો આનંદ વધે, ભક્તિનો-શાંતિમાં ખૂબ વધારો થાય; એવા આજે ગુરુપૂર્ણિમાના મંગલ દિવસે પ્રભુચરણે, ગુરુચરણે આપણા સૌની પ્રાર્થનાઓ !

સર્વને જય શ્રી સ્વામિનારાયણ ! ◆



# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

**આપણે** પ્રત્યક્ષના ઉપાસકો
સ્વામી અને શ્રીજી... બ્રહ્મ અને પરબ્રહ્મ
શ્રી અક્ષર પુરુષોત્તમનું યુગલ રચાયું
તેનો આશ્રય થયો... શાશ્વત રહ્યો
આજે પણ તે પ્રગટ-પ્રત્યક્ષ સ્વરૂપમાં સ્વીકારાયો
સંતભગવંત સાહેબજી સ્વરૂપે આપણા આતમે બિરાજ્યા
હરિપ્રસાદ સ્વામીજી - મહંત સ્વામીજી...
મુકુંદ સ્વામીજી - અક્ષરવિહારી સ્વામીજી...
તેવાં પ્રગટ સ્વરૂપમાં વિચરે ને અનેક આતમે વિલસે
તેનો સ્વીકાર આજે થયો તે ગત જન્મનાં પુણ્ય
તેવા આપણે સૌ પુણ્યવંત આત્મા છીએ
આપણા જીવનની પ્રત્યેક ઘટના તે ઇચ્છે તેમ ઘટે
આપણા મસ્તકે વિચારધારા વહે તેના પ્રેરક તે
આપણાં ઇન્દ્રિયો-અંતઃકરણ તેઓના નિયંત્રણમાં
આપણા દેહ મન બુદ્ધિના તે નિયામક
આપણી આસપાસનાં સૌમાં પણ આ સત્ય પ્રકાશે
તેનો સ્વીકાર તે ઉપાસના સમજ્યા ને સ્થિર થઈ
આ પરમ સત્યના સ્વીકારે આપણું હલનચલન
આ પરમ સત્યના આધારે પરસ્પરનાં વ્યવહાર વર્તન
આ પરમ સત્યરૂપ 'સાહેબજી'માં પૂર્ણ નિર્દોષભાવ...
તે આ સત્યોને પૂર્ણરૂપે સ્વીકાર્યાં તેનું દર્શન.
હવે...
'હું' ટળી ગયું... સમગ્ર નિરાકાર છે
સર્વત્ર પ્રભુનો પરમ પ્રકાશ છે... દિવ્ય દર્શન છે
આ સર્વ વિહરતાં બ્રહ્માંડ પરમ પ્રકાશિત છે
મમ ઉરે... સહજાનંદ... સર્વ ઉપર આતમે બ્રહ્માનંદ-સહજાનંદ
તેનાં દિવ્ય દર્શન છે ને બ્રહ્મસમાધિ છે.
હે પ્રભુ પરમ ! હે સાહેબજી !
આ સાધના છે... સમજાઈ છે...
અમ સૌનાં જીવન સહજ બનો.
તે આજની અમારી પ્રાર્થના છે ! ◆



બ્રહ્મજ્યોતિ, ૨૭ ઑગસ્ટ ૨૦૧૯



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સંત પરમ પૂજ્ય અશ્વિનદાદા

વચનામૃત મર્મ : ગઢડા પ્રથમ પ્રકરણ-૬૮,
'અષ્ટ પ્રકારની પ્રતિમામાં અને સંતમાં અખંડ રહ્યાનું'નું નિરૂપણ
૨૦ માર્ચ ૨૦૧૮, વચનામૃત પારાયણ, ઉપાસના ધામ, વેમાર

**આજે** વચનામૃત ગઢડા પ્રથમના ૬૮થી આપણે પારાયણની શરૂઆત કરીએ છીએ. આ વચનામૃતનું મહત્ત્વ એટલે વધારે છે કે, સંવત ૧૮૭૬ના ચૈત્ર સુદ નોમના દિવસે સ્વામી શ્રી સહજાનંદજીએ વાત કરી છે. ચૈત્ર સુદ નોમ એટલે ભગવાનનો પ્રાગટ્યદિન. પોતાના પ્રાગટ્યદિને ભગવાને પોતે એવો નિર્દેશ કરી દીધો છે કે, હું આ મૂર્તિમાં ને મારા સંતમાં અખંડ બિરાજમાન છું. એ રીતે પણ આ વચનામૃત બહુ સુંદર નિર્દેશ કરે છે, પ્રભુ આપણને પ્રાગટ્યદિનની ગિફ્ટ આપે છે. પોતાના પ્રાગટ્યદિનના શુભ દિવસે સ્વામિનારાયણ ભગવાન આ બહુ અગત્યની, મુદ્દાની અને સદા દિવ્ય સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષની ઉપાસનાનો પાયો નાખે છે.

***...અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.***

વચનામૃતની આ પદ્ધતિ છે. યોગીબાપા એમ કહેતા કે, જ્યારે વચનામૃત આપણે વાંચીએ, ત્યારે માનસીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની સભા ભરાઈને બેઠી છે અને આપણે એ સભામાં ઉપસ્થિત છીએ અને ભગવાનના શ્રીમુખેથી વચનોરૂપી અમૃતનું પાન કરી રહ્યા છીએ તેવો ભાવ રાખવો. અને એટલે આ સંતોએ પણ વચનામૃતનું જે પદ્ધતિથી લખાણ કર્યું છે એમાં પણ મહારાજ ક્યાં ? ક્યારે ? કેવી રીતે બેઠા છે ? કેવાં વસ્ત્રો પહેર્યાં છે ? એનું સુંદર વર્ણન કર્યું છે. માનસીમાં ભગવાનને ધારીને, ભગવાનની અમૃતવાણીનું પાન કરું છું એવા ભાવથી આ વચનોને ધારવાં એવું યોગીબાપા સમજાવતા, શિખવાડતા. અને એમની હાજરીમાં પાંચ ટાણાંની કથામાં વચનામૃત વંચાતું ત્યારે પણ તેઓ આ વાતની પ્રતીતિ કરાવતા.

આ વચનામૃતનું પારાયણ એ કોઈ જ્ઞાન પ્રદર્શનનો પ્રયાસ નથી. અહીંયાં આપણે જ્ઞાનની વાત કરવાની જ નથી, ભક્તિની વાત કરવાની છે. અને એ ભક્તિ સાચી રીતે, સારી રીતે, સમજણપૂર્વકની આપણે કરી શકીએ એના માટે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનનો આધાર લેવાનો છે. ત્રણ દિવસનો આપણો આ સ્વાધ્યાય ! મારો પણ અને આપ સૌનોય પણ. એમાંથી જેટલું ખપનું હોય એટલું આપણે લેવું. આપણને જેટલું લાગું પડતું હોય એના માટે અંતર-તપાસ કરવી. અને છીએ એનાથી ભગવાનને વિશે ને ભગવાનના સંત - આપણા ગુરુહરિ સાહેબદાદાને વિશેની ભક્તિમાં વહેંત ઉપર ઊઠીએ-એટલું કરીએ એવી ભાવનાથી આપણે આ ત્રણ દિવસનું અનુષ્ઠાન કરવું છે. આપ બધા મુમુક્ષુજનો છો અને ભગવાનની વાણી સાંભળવા માટે ઉત્સુક છો, તો ભગવાનની શુદ્ધ અને પવિત્ર વાણી આપની સમક્ષ વાંચી સંભળાવવાની સેવા હું કરું છું.

પ્રશ્ન-ઉત્તરની પદ્ધતિથી વચનામૃતની ગૂંથણી કરવામાં આવી છે. એમાં ઘણી વખત મહારાજ પ્રશ્ન પૂછે છે, ઘણી વખત સંતો-ભક્તો પ્રશ્ન પૂછે છે અને ઘણી વખત મહારાજ સ્વયં કૃપાવાક્ય તરીકે પોતે ઉદ્‌ગાર કરે છે. આ જે વચનામૃત છે એમાં સ્વામિનારાયણ ભગવાન પોતે ભક્તોને-સંતોને પ્રશ્ન પૂછે કે, 'અમે એક પ્રશ્ન પૂછીએ છીએ.' ત્યારે મુનિઓએ કહ્યું કે, 'પૂછો.'

***પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, ઓગણતેરા કાળમાં અમને એક મહિના સુધી જ્યારે નિદ્રા આવે ત્યારે એમ ભાસતું જે, અમે પુરુષોત્તમપુરીને વિશે જઈને, શ્રી જગનાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ...***

આપણે પાંચ ઇન્દ્રિયો સહિત જીવીએ છીએ, જ્યારે ભગવાન પોતે તો પાંચ ઇન્દ્રિયોને પોતાના યુગકાર્યને પ્રવર્તાવવા માટે સાધન તરીકે વાપરે છે. એટલે એમની નિદ્રાને યોગનિદ્રા કહેવામાં આવે છે. એવી એ નિદ્રામાં જ્યારે હોય ત્યારે એમને એવું ભાસતું – એટલે કે એવું દેખાતું કે, અમે પુરુષોત્તમપુરીને વિશે જઈને, શ્રી જગનાથજીની મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ.

ભગવાન અષ્ટપ્રકારની મૂર્તિ દ્વારા પ્રગટ છે, એ વાત કરતાં પહેલાં, એમના સમયની જે વૈષ્ણવી પરંપરા, ભગવાન શ્રી કૃષ્ણની ઉપાસનાની જે પરંપરા, ને તે સમયમાં જે પધરાવેલી મૂર્તિઓ – એ મૂર્તિ પણ હું છું અને મારો એમાં પ્રવેશ છે એમ સ્વામિનારાયણ ભગવાન કહે છે. એ મૂર્તિને વિષે પ્રવેશ કરીને અમે રહ્યા છીએ એવું અમને ભાસે છે – એટલે એમને પણ એ મૂર્તિનું કેટલું બધું ચિંતવન છે, અનુસંધાન છે કે, એ મૂર્તિરૂપ પોતે થઈ ગયા છે ! એમ કહેવા માંગે છે. અને એની સાથે સાથે આપણને સર્વને પણ એમ કહેવા માગે છે કે, તમારે પણ મૂર્તિ સાથે એવો ભાવ જોડવો. અહીંયાં ઠાકોરજી પધરાવ્યા છે. જેનું આપણે પાટોત્સવ પૂજન કરવાના. દરરોજ જેની થાળ, આરતી, પૂજા, અર્ચના આપણે કરીએ છીએ, તો એ મૂર્તિનું માહાત્મ્ય સમજાવવા માટે સ્વામિનારાયણ ભગવાન પોતાનું મિષ લઈને જગન્નાથજીની મૂર્તિનો ઉલ્લેખ કરે છે. અહીંયાં કોઈ સાંપ્રદાયિક રીતે ભેદ કે બીજી કોઈ વાત આપણે કરતા નથી, પણ ભગવાન પોતાની ભાવસમાધિની વાત કરે છે. અને ત્યારે બહુ અગત્યની એમણે વાત કરી કે,

**...મૂર્તિને વિષે પ્રવેશ કરીને રહ્યા છીએ. અને તે મૂર્તિ તો કાષ્ઠની જણાય, પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા...**

ભગવાન અહીં વચનામૃતમાં જ જગન્નાથજીની મૂર્તિનાં દર્શન કરાવે છે કે, એ કાષ્ઠની મૂર્તિ છે. એટલે કે, લાકડામાંથી બનાવેલી મૂર્તિ છે. અમદાવાદમાં જગન્નાથજીના મંદિરની જે રથયાત્રા નીકળે છે ત્યારે રથમાં જે મૂર્તિ બેસાડે છે એ એની પ્રતિકૃતિ બેસાડે છે. અહીંયાં વચનામૃતના શીર્ષકમાં છે – અષ્ટપ્રકારની પ્રતિમા. એમાંની જગન્નાથજીની જે પ્રતિમા છે એ કાષ્ઠની પ્રતિમા છે અને કોડીની મોટી મોટી આંખો એને ચોંટાડી છે. એ દિવ્ય ચક્ષુથી ભગવાન સ્વામિનારાયણ કહે છે કે અમે જોયું.

અષ્ટ પ્રકારની મૂર્તિનો ઉલ્લેખ અહીંયાં કરી દઈએ. આપણે ત્યાં પથ્થરની મૂર્તિ – સંગેમરમરની – આરસની મૂર્તિ પધરાવી છે. મૂર્તિપૂજા એ આપણી પરંપરા છે. ભગવાનને પ્રતીક સ્વરૂપે માનવા, પૂજવા, આપણો ભાવ ભગવાન પ્રતિ અર્પણ કરવા માટે આપણે ભગવાનને એક આકાર આપીને પધરાવીએ છીએ, જેને આપણે મૂર્તિ કહીએ છીએ. એ મૂર્તિ કાં તો પાષાણની એટલે કે પથ્થરની હોય, લાકડાની હોય, પંચધાતુની હોય, ચિત્રપ્રતિમા હોય. ગુરુપરંપરાની મૂર્તિઓ આપણે ચિત્રપ્રતિમા રૂપે પધરાવી છે, તેને ફોટો ના કહેવાય. મારો-તમારો, આપણાં મમ્મી-પપ્પાનો ઘરમાં આપણે મૂક્યો હોય તે ફોટો કહેવાય. જ્યારે ભગવદ્ભાવનું જેનામાં આરોપણ કર્યું છે, એમને જ્યારે ચિત્રપ્રતિમા રૂપે પધરાવીએ ત્યારે એ મૂર્તિ કહેવાય. 'યોગીબાપાની મૂર્તિ આપો' એમ કહેવાય. 'યોગીબાપાનો ફોટો આપો' એમ ના કહેવાય. કાચની પણ પ્રતિમા હોય, રેતીની પ્રતિમા હોય. નાનાં નાનાં બાળકો દરિયા કિનારે, નદી કિનારે, રેતીની ઢગલી કરીને રેતીના ભગવાન બનાવે, રેતીનું મંદિર બનાવે, પછી એને વિસર્જિત કરી દે. એવી રીતે અલગ અલગ માધ્યમ દ્વારા ભગવાનનું ચિંતવન કરીને, ભગવાનને આકાર આપીએ છીએ. આકાર આપ્યો એટલે સાકાર થયા. નિરાકાર સ્વરૂપ નથી.

સાથે સાથે થોડી સંપ્રદાયની સાકારની ઉપાસનાની વાતને પણ સમજતા જઈએ. આકાર આપ્યો એટલે સાકાર થયા, આકાર વગરનું હોય તો નિરાકાર કહેવાય. જ્યારે આ વાત સમજાય ત્યારે પછી ધીરે ધીરે એ વાત પણ સમજાય કે, સર્વ ઠેકાણે પ્રભુનો વાસ છે ને તેવી બ્રહ્માકાર વૃત્તિ પણ થાય. ત્યારે તો 'જ્યાં જુએ ત્યાં રામજી, બીજું ન ભાસે રે...'

આપણે મંદિરમાં પ્રવેશ કરીએ અને ભગવાનની મૂર્તિ સામે ઊભા રહીએ ત્યારે સાવ કોરાકટ થઈને ના ઊભા રહેવું, પણ ભાવ સહિત ઊભા રહેવું. ભગવાન બિરાજમાન છે તેવા વિવેક ને આદર સહિત ઊભા રહેવું. એક પ્રેમ છે, એક આદર છે, એક માહાત્મ્ય છે ; તો હૃદયનો ભાવ છે. તો એ મૂર્તિ ભલે પાષાણની હોય, પણ આપણા માટે જીવંત થાય છે. આપણા હૈયાની સાથે એના ભાવ એકરૂપ થાય છે. ઘણા લોકો દર્શન કર્યા પછી એમ કહે કે, આજે ઠાકોરજી બહુ ખુશ દેખાય છે. કારણ, તું ખુશ છું એટલે ઠાકોરજી ખુશ દેખાય છે. પુજારીએ જો ઠાકોરજીને પ્રેમથી સરસ વાઘા ધરાવ્યા હોય તો કહે, અદ્ભુત દર્શન થાય છે ! છે તો એનું એ જ રૂપ, છે તો એનું એ જ સ્વરૂપ કે જે આપણે આખું વરસ જોયું છે. પણ જો ભાવથી જોયું તો 'દર્શન' થયાં. આ ભાવથી જ્યારે દર્શન થાય ત્યારે ઘડીભર આપણે પણ રોમાંચિત થઈ જઈએ છીએ. પણ પછી પાછું ત્રણસો ને પાંસઠ દિવસ એવું રહેતું નથી. આ મારી-તમારી-સૌની વાત છે. પછી સ્વામિનારાયણ ભગવાન આગળ એમ કહે છે કે, **તે મૂર્તિ તો કાષ્ઠની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વને દેખતા.**

'સર્વને દેખતા.' આ મૂર્તિ છે તે જીવતીજાગતી છે. અને એ આપણને સર્વને જુએ છે. એટલે આપણે પણ જ્યારે એમને જોઈએ, ત્યારે હસતું મોઢું રાખીને એમનાં દર્શન કરીએ.

ગોંડલ મંદિરે વિદ્યાર્થી અવસ્થામાં સાહેબદાદા સાથે અમે જ્યારે સેવા કરવા જતા ત્યારે યોગીબાપા એટલો બધો પ્રેમ આપે, એટલું બધું હેત કરે, એમની મૂર્તિનું એવું ખેંચાણ થાય, કે એમની પાસે બેસી રહેવાનું ગમે. એ કંઈક સેવા ચીંધે તો ઝટઝટ સેવા કરીને પાછા એમની આગળ આવીને ડાહ્યા થઈને ગોઠવાઈ જઈએ; એવી મનોવૃત્તિ, એવું ખેંચાણ એ ગુરુની મૂર્તિનું રહેતું. પછી આરતીનો ડંકો પડે ત્યારે, યોગીબાપા એમની છેલ્લી અવસ્થા એટલે મંદિરનાં એટલાં બધાં પગથિયાં ચડીને આરતીમાં જાય નહીં, પણ અમને એમ કહે કે, 'જાવ બધા દર્શન કરી આવો.' એટલે અમે દોડતા દોડતા જઈએ અને અલપઝલપ ભગવાનનાં દર્શન કરી, આરતી કરીને વળી પાછા નીચે આવીને સભામંડપમાં યોગીબાપા પાસે બેસી જઈએ. એટલે યોગીબાપા પૂછે કે, 'ઠાકોરજીએ કેવાં વસ્ત્ર ધારણ કર્યાં છે ?', 'તેમની પાઘ કેવી હતી ?' અમે ધ્યાન રાખીને આવું બધું દર્શન ના કર્યું હોય. એટલે યોગીબાપા કહે, 'જાવ પાછા અને બરાબર દર્શન કરીને આવો.' પહેલાં ડોકિયું કરીને જોઈ આવ્યા હતા, હવે દર્શન કરવાનું છે. જોવું એ આંખની ક્રિયા છે, દર્શન કરવું એ આંખની સાથે હૃદયનો ભાવ જોડાય છે.

કોઈ બીમાર માણસ હોય તો હૉસ્પિટલમાં આપણે એને જોવા જઈએ. ટૉકિઝમાં કોઈ નવી સિનેમા રિલિઝ થઈ હોય તો આપણે જોવા જઈએ. પણ મંદિરે જોવા જવાનું ના હોય, મંદિરે દર્શન કરવાનાં હોય. ક્રિયા એ જ દેખાય છે, પણ જ્યારે હૃદય એની સાથે જોડાય છે ત્યારે આખો ભાવ બદલાઈ જાય છે.

યોગીબાપા અમને પાછા મોકલે. હવે તો પરીક્ષા લેવાના એટલે બરાબર ધ્યાનથી જોવાનું, ટીકીટીકીને જોવાનું ને પાછું બધું યાદ રાખવાનું. ત્રણ ગોખમાં ત્રણ ત્રણ જગ્યાએ દર્શન કરવાનાં અને બધુંય યાદ રાખવાનું. ઘનશ્યામ મહારાજે કેવો હાર પહેર્યો હતો ? હવે અમે તો એ ધ્યાન જ ના રાખ્યું હોય. અમને એમ કે, અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂછશે. યોગીબાપા મનુષ્ય શરીરમાં પૃથ્વી ઉપર વિચરતું ભગવાનનું દિવ્ય સ્વરૂપ હતું એવું સાહેબદાદાને મનાઈ ગયું હતું. એમના હેત ને પ્રેમથી અમે બે-બે વખત દાદરા ચઢી, વળી પાછા દર્શન કરી આવીએ ત્યારે યોગીબાપાના પ્રશ્નના માધ્યમ દ્વારા ભગવાન પણ અમારી હાજરીની નોંધ લે છે એ વાતની ખબર પડી હતી.

પછી સ્વામિનારાયણ ભગવાન કહે છે કે, ***"નેત્રે કરીને અમે સર્વને દેખતા અને પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ સર્વ દેખતા."***

પડદો બંધ હોય, અંદર પૂજારી ને ઠાકોરજી બે જ હોય. 'ગરબડ ગોટો, પરભુ મોટો', ઘંટડી વગાડી દીધી ને ઠાકોરજીને પતાવી દીધા. તો બંધ પડદે શું કર્યું ? ફ્રિજમાં રાખી મૂકેલું, સવારનું સાંજે ખવડાવી દીધું, કોને ખબર ? પૂજારી ને ઠાકોરજી એ બે જ જાણે. એ બિચારા એટલા ડાહ્યા કે, થાળી પછાડે નહીં ને કોઈને ફરિયાદ કહે પણ નહીં, એટલે આપણને પણ ખબર ના પડે, કે સવારનું ફ્રિજવાળું સાંજે જમાડ્યું હતું. આ દયાળુ ! કોઈને કશું કહેતા નથી. એટલે પૂજારીની પણ બહુ પવિત્ર ફરજ થઈ પડે. ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય કે, ભગવાન મૂર્તિમાં રહ્યા છે અને એ પ્રભુ મને જોઈ રહ્યા છે, જાણી રહ્યા છે-'તન કી જાણે, મન કી જાણે, જાણે ચિત્તકી ચોરી.' તેઓ બધું જાણે છે, જુએ છે, તેઓ અંતર્યામી છે.

***...અને એવી રીતે આપણા સત્સંગમાં જે સમાધિનિષ્ઠ પુરુષ હોય તે પણ સમાધિએ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને સર્વને દેખે છે...***

અહીંયાં 'સમાધિનિષ્ઠ' શબ્દપ્રયોગ કર્યો. ભગવાને એવું ના કીધું કે, હું દેખું છું. સમાધિનિષ્ઠ એટલે અહીંયાં આપણે એનું અર્થઘટન કરીશું પ્રગટ સત્પુરુષ ! પ્રગટ સત્પુરુષ છે તે બધામાં પ્રવેશ કરીને સર્વને દેખે છે. આપણાં હિન્દુ શાસ્ત્રોમાં 'પરકાયા પ્રવેશ વિદ્યા' વિશે આવે છે. બીજાની કાયામાં પ્રવેશ કરીને, એની અંદર શું ચાલી રહ્યું છે, એ કેવું અનુભવી રહ્યો છે, એના દ્વારા સુખ અને દુઃખને અનુભવવું એને પરકાયા પ્રવેશ કહેવામાં આવે છે. અહીંયાં મહારાજે કહ્યું કે, એવા 'આપણા સત્સંગમાં' – આ શબ્દપ્રયોગને સમજજો. આ બીજા કોઈની વાત થતી નથી, આપણી વાત થાય છે. અને જે આપણે અહીંયાં બેઠા છીએ એમની વાત થાય છે. આપણા સત્સંગમાં આપણા સમાધિનિષ્ઠ પુરુષ તો સાહેબદાદા છે. અને એ સાહેબદાદા છે તે સમાધિએ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને સર્વને દેખે છે, અને સર્વ શબ્દને સાંભળે છે.

હવે આપણે જેમ શાસ્ત્રનો આધાર લઈએ છીએ, એમ સ્વામિનારાયણ ભગવાન પણ એમના સમયકાળ પહેલાં થયેલાં શાસ્ત્રોનો આધાર લઈને વાત સમજાવે છે કે, **શાસ્ત્રમાં પણ એવાં વચન છે જે, શુકજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા...** આ પરકાયા પ્રવેશ કે, બ્રહ્મ વ્યાપક છે અને સર્વત્ર છે અને પરબ્રહ્મને ધારીને રહ્યા છે. *(ક્રમશઃ)* ◆



Divine Discourses of Sant Bhagwant Sahebji

# Spiritual Essence

**Discourse on Vachanamrut Gadhadha Antya 22 : “*Sakhi Sakha na bhav nu*”**
**31 March 2017, Evening Sabha, Parmita Mandir, Brahmajyoti Mogri**

*Original Discourse in Gujarati Transcreated by : Bhavisha Tailor*

**In** this Vachanamrut, Maharaj speaks firstly of Jinabhai Darbar and those bhakto whose devotion is steeped in love. Narsinh Mehta worshipped God as a friend, whereas Naradji worshipped God as servant to a master. Maharaj said, ‘All forms of worship or devotion are the best, because all of them are done with the goal of pleasing God.’ However, they should be performed within the moral and ethical boundaries given by God.

Remember! It is only when we have love for the Satpurush that our soul can dissociate from the body! It is an eternal principle of Akshar Purushottam that God is forever with us in human form through the Sadhu. If one develops inseparable loving association with such a sadhu then your root *vasana* – meaning that which keeps you bound in the cycle of birth and death, will drop away. After this, whatever the physical body hankers after – food – drink - whatever you crave to see, do or enjoy, has to be made divine. That does not mean you have to stop eating, drinking or doing these things. It does not mean you stop going out and go and sit in a cave, but it means you have to use your physical body in a way that pleases God.

When you develop inseparable loving association with the Satpurush, and then use your physical body in the way that pleases God, then all of the body’s hankerings and inclinations will drop away. That is why Maharaj said that those devotees who worship God out of *sakhi-bhav*[1] or out of love or out of *dasatva-bhakti*[2] – for them there is no sentiment of being male or female. The soul that lives within the body is separate from that body. When the body dissociates, the soul becomes free! The soul has entered this particular body, which means it is attached with all the inclinations of the body. When those inclinations drop away – the female loses all inclinations based in her femininity and the male loses all inclinations steeped in his masculinity. Rather – one feels, ‘I am God’s light. I am the servant of God, the *das* of God, and this body is surrendered to God.’ When you believe this and use your physical self 100% to please the Satpurush, then that becomes our devotion, and as a result whatever is meant to be done, happens automatically.

---

**[1] *Sakhi-bhav* refers to worship of God as the ultimate friend.**

**[2] *Dasatva-bhakti* refers to worship of God with complete surrender and servitude.**

If you do that which displeases him, then that is sin, and if you do what pleases him, then that is spiritual merit. As a result of the spiritual merit you accrue, your *deh-bhav*[3] starts to dissolve, and one becomes more and more of an Aksharmukt, and one begins to rise above their male or female-centric inclinations. For as long as you have female-centric inclinations, you will have jealousy, expectation and be prone to taking offence; and for as long as you have male-centric inclinations, you will go about with a mountain of ego and expectation. You will expect that people recognize you and give you respect. But what we need to do is engage our mind, intellect and consciousness 100% in those activities that God is pleased with. That is why Maharaj said, 'We have propagated the *dhudhubaaj* path.' If we gathered you all and made you meditate from morning to evening, or made you turn the rosary all day – your self-centered inclinations would not have dissolved too quickly. That is why we threw you into the path of action. That is why Bhagwan Swaminarayan said, 'We have propagated the path of *bhakti*.' '*Bhakti*' means any action performed with the intention of pleasing god. If that means speaking – then speak of the glory and virtues of God and his devotees. All of our Santo speak so beautifully of this! They immerse so many devotees in this glory!

Everyone should use their God-given talents full-fledge to please God. That means, not with the expectation to pamper your ego; not with the expectation that people do as you say, or the expectation that people keep you at the forefront. Rather one should feel how fortunate one is to have this seva! And that it is God's immense grace, to have it and so you should feel you don't want to miss the chance to do it. Whether one recognizes you or not, helps you or not, appreciates the seva or not, but I have got this opportunity to please my Lord, and I do not want to miss it! If one performs seva with this sentiment, then God will be pleased and if God is pleased then you can become free of *deh-bhav.* All male or female-centric inclinations will go.

Maharaj has previously said, there are many things that we consider to be shortcomings, such as inappropriate action, inappropriate speech or such. There are only two people who would know that this or that was wrong – and that is the person himself and God. Maharaj says, no matter how many sins you have committed, even if you have murdered, or been adulterous – it is written in the scriptures how you can absolve yourself of all of this. But if you commit the *droh*[4] of a devotee of God, there is no way to absolve yourself of this. That sin, whereby one hurts the devotee of God – we should never commit. That is why Maharaj focused on this, 'Listen Bhakto! I have accepted you as you are,' meaning I have not selected you based on your virtues, I have simply accepted all of you however you may be.

You developed affection for Sadhu-Santo, and you helped them as they travelled from place to place for satsang. You have helped my devotees, and stood by them in their time of need. You have come and done seva during *samaiya-utsav*. It is some meritorious deed like this that has brought you to me, and I in turn have accepted you. I have not accepted you because of your virtues, because you are beautiful, because your actions are pure – I have not looked at any of this; it is by some meritorious deed that you have come to me and I have accepted you. This is how I have accepted all of you. Then you in turn have absolutely no right to look at 'what is so and so like? What are they doing? What are they saying?' And if you slip into this pitfall then that will be considered *droh*, and remember! There is no way of absolving yourself from this sin! You will fall into devolved consciousness.

**[3] *Deh-bhav* in a literal sense refers to the attachment we have with our bodies, forgetting that the 'soul' is our true self- which is separate from the body i.e. all our desires, ego, emotions etc. Because we have *deh-bhav* we are prone to anger, infatuation, grief etc.**

**[4] *Droh* means to spite, malign, criticize, condemn, become fixed in negative perceptions or attitudes towards God or God's devotees. *Droh* means to speak ill of a devotee for no reason whatsoever, to find joy in doing ill towards them or in undermining them.**

We have talked about this many times. At our Brahmajyoti campus in England, there was a very old tree. We had called the botanist in to assess its age and he said it was 350 years old. That tree had been standing from before the time that Bhagwan Swaminarayan manifested. In the snow, through the storms, in the rain or the heat – would anyone go to shelter it? Did anyone stand with an umbrella over it? Our scientist, Jagdishchandra Bose proved that even trees have life within them. Such a being must have committed *droh* and as a result the soul attains a dense state, and falls into a devolved state of consciousness, and therefore become a tree. After we came to stay there, there would be *samaiya-utsav* etc. and at that time Kakaji, Pappaji, Hariprasad Swamiji, Ashvinbhai, Shantibhai and so many Santo and bhakto would sit under the tree, eat under the tree or stand under its shade, and so it accrued spiritual merit! Just some time back, without anyone doing anything to the tree, it simply fell over! When it fell, there were hardly any roots. For such a huge tree, one would expect such long and deep roots – but it did not have these! Whatever *droh* it had committed, was absolved after centuries because of the immense spiritual merit it accrued – and so it simply toppled over.

Similarly when Yogi Bapa went to Tanzania, the bhakto there had organized a picnic and sabha on a mountain. So Bapa went there, did a sabha and all the bhakto stayed and enjoyed the whole day there. At the end, after the sabha – Bapa did dhun and sprinkled some sanctified water on the mountain and said, 'Go! May this mountain be redeemed.' People like us would think – Bapa is giving blessings but how can a mountain which is basically stones and soil, be redeemed? But having previously committed the *droh* of bhakto, that being attained a devolved state of consciousness in the form of a mountain. Bapa himself graced the mountain with his presence and so all of the sin was absolved. Because that mountain gave pleasure to so many bhakto that day, Bapa redeemed it. When the Satpurush is pleased, he can release you from *droh*. So when Tanzania became independent, they had to build roads and consequently they blasted this whole mountain away. It received another birth.

We must never commit the *droh* of God, his sadhus or his bhakto. Never take interest in maligning them or gossiping about them. These sadhus have been given to us as a gift from Yogi Bapa. Sing their virtues as much as you can, and perform as much of their seva as you can. But never take the side of one who is committing *droh*, do not support them, and take no interest in them. Never give place to that kind of talk in your life. As it is, we want to release ourselves from our *deh-bhav*, then why should we increase it by listening to talks like this? If we have understanding, and are really out to please God with awareness, then we can never slip into talks like this, and if someone wants to talk then glare at them in such a way that they will think twice. That is the courage you have to keep. What other courage is there? Are we going to go out and fight anywhere? Or do we need to overpower someone? Or instill fear in someone? No! But if someone is maligning God or his devotees, is slandering them and is trying to drag you into it, then you should show such strength that such a person will never come back to you with such rubbish! Remember! If you do this, then no matter what you yourself are like, but God says he will release you from all flaws.

One must not fall into committing the *droh* of God's devotee, and never speak ill of the devotee. You have to give encouragement and hope to the bhakt, 'You belong to God, don't worry, mistakes happen.' If he may have done something wrong, or acted inappropriately – we must not say to him that he is right, but we are able to give encouragement aren't we! We are able to say, if someone insults you, tells you off or swears at you, do not oppose them – just do dhun, *bhajan* and prayer and you will become free from it all. In this way, we must give support and strength, and tell them that we must maintain awareness so that the mistake is not made again.

After leaving the Vadtal Sanstha, so many people harassed Shastriji Maharaj. They did not let him sit still for a minute; they made him run from place to place. In so many places they brought court cases against him. Yogi Bapa would say that when Shastriji Maharaj had

Sarangpur mandir built, they would go begging for alms i.e. grains, in the village of Khambhda which was 5km away. But two old ladies would walk ahead of them with the sole purpose of discouraging people from giving to Bapa. They would say, 'they are frauds, don't give them anything!' Bapa would say, 'the old ladies would announce our presence and we would ask for alms.' But Bapa would never perceive them negatively, nor would he say – 'why are they doing this?' Rather Bapa would collect 10 kg of grains and come back to Sarangpur. 'The old ladies would scream and shout, but we did not think ill of them and so God did the work for us.' Bapa was teaching us that even if someone is opposing you, or is speaking against you, it's ok, let them. Maharaj must have given them that seva, so they are doing it. Our seva is to only see their virtues. We have to think, 'Excellent! Because you said this, we came to know how much people can get hurt and how much offence they take!' And if you can keep remain laughing through all of this, then you should know that you are free from *deh-bhav*. That is why God's bhakto, no matter what the situation or circumstance, must never fall into negative perception. If some 'dumbells' want to fall into that, we must take care never to fall into that trap. That is how much courage you must have. God says, 'When these shortcomings which are related to one's physical self fall away, then you will be free of *deh-bhav*. You will rise above all the male/female-centric inclinations and everything you hunger after will subside.'

One worships out of love, *dassatva-bhav* or understanding. According to the body's constitution, there are three *bhav's* : *rajas, tamas* and *sattva,* and it is because of these that we fall into negative perception. It is because of them that we come into negative company. But Maharaj has refused this. If you cannot do two extra rosary's, then don't do them – it's fine, but absolutely do not jump onto the bandwagon of those who are speaking such untruths, and do not keep their company. If someone keeps the company of cigarette-smokers, we would immediately think, he must be smoking too. If you hang around with those who are negative, gossiping, maligning others then it would seem that you are enjoying that too. We must not do this, we must keep the company of only those bhakto who sing the virtues and glory of God and his bhakto, who are eager to take us to do dhun and prayer, and who help us in doing the seva of God's bhakto. If they distance you from prayer, lessen your eagerness to follow the *aagna*[5] of the Satpurush, do not allow you to keep harmony or unity with God's devotees, weaken your inclination for seva – then you should recognise this sort of company. You must not think ill of them or speak negatively of them, but you should certainly not keep their company. You should not stand with them or sit with them.

Now in the airports and other places, they have designated zones for smokers. There you have to go into the specified corner if you want to smoke. Now scientists have proven that the smoker only inhales 30% of the smoke and lets out 70% into the environment. This means the other 70% is inhaled by those standing around him, and so those that do not smoke but are passively inhaling this smoke are at greater risks of cancer! The person who smokes is obviously at risk of cancer because he has this detrimental habit, but even the one who stands next to him is at risk of cancer!

Maharaj told us this so many years ago, that the one who speaks ill of others, maligns, criticizes and slanders is already half an outcast from the satsang, but the one who listens to such talk is a complete outcast. Someone else is smoking the cigarette, but it is you that is drawing all that smoke in. Although that person has fallen into negative perception, he is dragging you into it and you are sitting with him and listening to that. The person that commits this kind of foolishness suffers even more. Even Gunatitanand Swami has said that he who speaks ill of others, maligns, criticizes and slanders is half an outcast from the satsang, but the one who sits with him is a complete outcast. It is because he is sitting there, that the person got an opportunity to speak! Otherwise who would he speak to? He would not have spoken to a tree, would he?

---

**[5] Any instruction given by God or Guru which is always to our spiritual benefit.**

Maharaj has said clearly, do not fall into *droh*, do not commit *droh.* Do not fall into slandering, maligning or undermining God's bhakto. He gave an example from the scriptures: Jay and Vijay were God's gatekeepers. They were in God's presence 24 hours. They were the blessed of God and that is why God kept them as his gatekeepers. Sanat Kumaro were saints but they were like children, and they too were the blessed of God. They came for God's *darshan*. Many times we too tend to tell children, 'Oye kids, go away from here, go outside!' Isn't this what we do? Remember, do not speak this way with any bhakt. No matter what the bhakt is like, never hurt the bhakt. God will forgive your shortcomings but if you want to rise above those shortcomings then never hurt the bhakt of God. If the gatekeepers had said, 'the Lord is resting, so please be seated and wait,' or if they had entertained the children that would have been fine. But instead they lashed out at the children. When we have sabhas or *samaiya-utsav*, many people come here. We are sadhus. There should never be an oversight in our *vivek*[6]*.* We should welcome them lovingly.

Jay and Vijay were the Lord's doorkeepers. They did not maintain awareness of who they were in the service of. Sanat kumaro were such great Sadhus. They came in the form of children and the doorkeepers lashed out at them, saying things they should not have said. So the Sanat kumaro were deeply hurt and in anger, they cursed Jay-Vijay – 'Go to earth. You are not fit to be in the Lord's service.' At that point God came out. God did not pat Jay – Vijay on the back, but rather He told the Sanat Kumaro that they had done the right thing. Jay – Vijay should have had the *vivek* to understand who they were in the service of and where they were seated. It does not matter how you act, but you should have *vivek.* So God said, Jay – Vijay were beloved to me, were staying with me, were my doorkeepers, but they committed the *droh* of the Sanat Kumaro, and so they had to go to earth and be born as humans. Maharaj says, 'In such circumstances, my acquaintance will not get you any favours. Even if I want to do good for you I cannot.' So one must never speak negatively of God or His bhakto; must never malign, criticize or slander. One must not lash out at such a person, or fight with him. If you need to tell the person something, then tell him, but it must be with *vivek*. Once the words have shot out like arrows, you cannot pull them back. That is why one must do dhun, *bhajan* and prayer.

Pappaji has said that, 'Believe the person in front of you to be a *jivan-mukt.'* Oh Lord, show me from within how I should interact with him. You will lose nothing from this. Us sadhus have renounced the world and come here, what is going to go wrong? And if it does seemingly go wrong, we will walk out of the door empty-handed and even then, God will continue to give. So then what else do we need? We want to do seva, but we want to do it keeping God and his bhakto with us. 'We want to please you Lord'; that is the sentiment with which we want to do seva. If it does not please God, then no matter what greatness you can attain, no matter how much benefit you can reap – we do not want it. And if it pleases God, then even if it means sitting in a little hut and singing bhajans, then that is what we want to do. This is the dignity that all our bhakto and our sadhus must uphold. But never lash out at God or His bhakto. There must never be an oversight in maintaining *vivek* for God and His bhakto, and you should never weaken in this resolve. If there is negative talk, slander or gossip going on, then you must not support this. You should not listen to it, and you should not allow it to pass. You should absolutely refuse it or walk away from it.

Someone said to Yogi Bapa, 'But what should we do if someone who is a respected elder is speaking in this way?' Bapa replied, 'put your fingers in your ears!' The bhakt asked, 'But what if they still continue?' Bapa said, 'Then get up and leave from there.' One should never commit the *droh* of a bhakt. What Bhagwan Swaminarayan is saying in this Vachanamrut is that to gossip, malign or slander a bhakt is the worst and most dangerous flaw one can possess. If you steer clear of this; if you do not do this, then no matter whatever your

---

**[6] *Vivek* refers to the understanding and ability to distinguish between what is right and wrong, proper and improper, correct and incorrect – be it in word, thought or action.**

other flaws or faults may be – because you have got me – I will raise you above all of them and make you free from them. Bhagwan Swaminarayan even spoke of raising us above our male and female-centric natures, then what more is left?!

But there is just one thing you must take care of. Take firm refuge in God and the Satpurush. Join with the Satpurush out of exceptional loving association and thereby stay firmly in His *aagna.* Always keep spiritual harmony with bhakto. Keep speaking of and listening to talk of their virtues and glory. And if you are young and you have the opportunity to do seva, then do not miss it by any means. Just keep doing it; keep at it.

Whatever happens to the physical body – whether the body becomes ill and falls away or whether the body is healthy and falls away, Maharaj says it does not matter. It is insignificant. The soul, without a doubt is going to go to God's abode; the soul will certainly take its seat in God's abode. Right now too, we are seated in the presence of God, but so that we may gain strength, let us pray for two minutes; let us do dhun. Maharaj has given us something exceptional in this Vachanmrut, let us keep reflecting on this.

No matter what we are like, God has accepted us exactly as we are, so we are not worrying about this. Yogi Bapa sprinkled water over a mountain in Tanzania and liberated it. The tree in Denham received liberation after over 350 years. Unlike these, we are joined in God's seva, we are offering our devotion and we have begun the process of rising above our *deh-bhav.* So God has said to us, 'No matter what you are like, I am not looking towards that – but do not ever fall into maligning a bhakt. Always uphold *vivek* when interacting with another bhakt. Do not speak or act in a way that may hurt a bhakt. Never act in a way that makes our Sanstha look bad, that creates a mess for the Sanstha, or that puts the Satpurush under obligation; this much awareness we must keep as a part of our seva. And we must always engage in seeing, speaking and listening to the virtues of all. Never fall into the trap of slander, gossip or malice – no matter how great the person who is speaking; this much care we have to take.

Ravana, Kansa, Shishupal and Surpankha, were all such good people, but they committed the *droh* of God and His bhakto, and so they devolved into a state of evil-mindedness. They were human beings too, but they committed the *droh* of Shri Ram Bhagwan, of Shri Krushna Bhagwan, of the Gopis, of the sages, of those who were worshipping God – and so such a person as Shishupal in spite of being intelligent, in spite of his austerities fell out of favour with God. God made him fall into a devolved state. So we have to remain specially alert and aware that we never, ever do this.

We must always speak of the virtues and sing the glory of God and His bhakto, perform their seva and no matter what, always maintain respect and *vivek* in our interaction. That is what Maharaj has said in this Vachanamrut. Let us not do what Jay-Vijay did. Let us practice our devotion and let us practice it with utmost love. Let us never let go of seva. Jay-Vijay do not need to run away from their seva as doorkeepers, but if they had interacted in a respectful way with the Sanat kumaro, then God was going to emerge from within, sooner or later. But instead they tried to show their might before the Sanat kumaro – and that was their ego. We must not do this.

Sadhus must never lose sight of their *vivek* and never lose sight of upholding spiritual harmony with bhakto. If you have the inclination to work in unity, with togetherness, then upon attaining God's *prasannata* – all of one's base inclinations and bodily nature will evaporate, and so you will rise above all male and female-centric characteristics. Then what hunger will the body be left with? Everything will go. Through the Akshar Purushottam Upasana we have the exceptional opportunity to live such a life. And through the grace of Santo such as Mahant Swami, Hariprasad Swami, Kakaji, Pappaji – we have attained Ashvinbhai – Shantibhai – Ratibhai and such Santo bhaiyo – so let us live in their association and practice devotion. May God eternally shower us with the grace and grant us the strength, intellect, inspiration and awareness to do this! That is our prayer.

Jai Shri Swaminarayan! ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ ઑગસ્ટ, ગુરુવાર...** સવારે ઇંગ્લૅન્ડમાં યોગેન્દ્રભાઈ પટેલ–મીનુબહેનના ઘરે પધરામણી કરી સત્સંગનો અદ્‌ભુત લાભ આપ્યો. સાંજે મંદિરે સુભાષભાઈ ઠકરાર તેમજ વિનુભાઈ કોટેચાને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨ ઑગસ્ટ, શુક્રવાર...** સવારે સતીશભાઈ ચતવાણીના ઘરે પધરામણી કરી સત્સંગ–ગોષ્ઠિનો આનંદ કરાવ્યો. રાત્રે યુવાનોની સભામાં પધારી સૌ યુવાન મુક્તોને જીવન જીવવાનું અદ્‌ભુત માર્ગદર્શન પૂરું પાડ્યું.

**૩ ઑગસ્ટ, શનિવાર...** સવારે આરતી કર્યા બાદ સૌ યુવા મુક્તો સાથે લંડન રીઝન્ટ પાર્કમાં જઈ સતીશભાઈ ચતવાણીની હૉટેલમાં પધરામણી કરી સત્સંગ–ભોજન–પ્રસાદનો આનંદ માણ્યો.

**૪ ઑગસ્ટ, રવિવાર...** સવારે નડિયાદ સંતરામ મંદિરના પૂ. નિર્ગુણદાસ સ્વામી ને સંતો પધાર્યા, તેઓનું અભિવાદન કરી સભામાં સૌએ આશીર્વાદ લીધા. બાદ ગુરુપૂનમ નિમિત્તે યોજાયેલ સભામાં સૌના પૂજનભાવનો સ્વીકાર કરી આશિષ અર્પણ કર્યા. આ પ્રસંગે શ્રીનાથજી ધામના પ.પૂ. દ્વારકેશલાલજી પણ પધાર્યા હતા. તેઓના પણ સૌને આશીર્વાદ મળ્યા.

**૫ ઑગસ્ટ, સોમવાર...** મંદિરમાં ઇંગ્લૅન્ડ મંડળના સૌ અક્ષરમુક્તોની ભાવભરી વિદાય લઈને સૌ સાથે હિથ્રો ઍરપૉર્ટ જઈ ફ્લાઇટમાં અમદાવાદ પ્રતિ પ્રયાણ કર્યું.

**૬ ઑગસ્ટ, મંગળવાર...** વહેલી સવારે વિદેશની ધર્મયાત્રા પૂર્ણ કરી અમદાવાદ ઍરપૉર્ટ પધાર્યા ત્યારે સ્થાનિક ભક્તોના સ્વાગતભાવ સ્વીકારી, સભામાં આશીર્વાદ અર્પણ કરી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ–મોગરી પધાર્યા. પારમિતા મંદિરે સ્વાગતસભામાં સૌ સંતો, ભક્તોને દર્શન–આશિષનું સુખ આપ્યું. ડૉ. એન. સી. પટેલ, આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ પદેથી નિવૃત્ત થતા હોવાથી વિશેષ આશીર્વાદ અર્પણ કર્યા. રાત્રે સ્વાગત સભામાં યુ.કે.થી પધારેલ સૌ અક્ષરમુક્તોને સત્કાર્યા તેમજ આશીર્વાદ પાઠવ્યા. હૈદરાબાદથી પધારેલ અંકિત શરાફ અને ધ્રુવ ગુપ્તાને આશીર્વાદ આપ્યા.

**૭ ઑગસ્ટ, બુધવાર...** સવારે દક્ષિણ ભારતની યાત્રામાં પધારતા સદ્‌ગુરુ સંત પૂ. પૂનમભાઈ, પૂ. પીટરભાઈ, પૂ. પંકજભાઈને આશીર્વાદ પાઠવ્યા. સાંજે મુંબઈથી પધારેલ દેવેનભાઈ–જયશ્રીબહેન તથા વધુ અભ્યાસ અર્થે યુ.એસ.એ. જતી દીકરી મેઘાને આશીર્વાદ પાઠવ્યા. કીર્તનસંધ્યામાં પધારી કીર્તન–ભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. બેંગ્લૉરથી નૂતનભાઈ તેમજ કલકત્તાથી પધારેલ શંકરભાઈને સત્કારી આશીર્વાદ પાઠવ્યા.

**૮ ઑગસ્ટ, ગુરુવાર...** સવારે વધુ અભ્યાસ અર્થે યુ.એસ.એ. જતા પ્રદીપભાઈ પોપટના દીકરા ધ્રુવને આશીર્વાદ પાઠવ્યા.

**૯ ઑગસ્ટ, શુક્રવાર...** સાંજે લખનૌથી પધારેલ ઇન્કમટૅક્સ કમિશ્નરશ્રી નિમિશાબહેન સિંગ–પોલીસ કમિશ્નરશ્રી રત્નસંજય તથા દીકરા અનુપમને સત્કારી ગોષ્ઠિ–આશિષનો લાભ આપ્યો. રાત્રિસભામાં સૌને લાભ આપ્યો.

**૧૦ ઑગસ્ટ, શનિવાર...** બપોરે આણંદ ENT સર્જન ડૉ. મેહુલભાઈ પાસે સ્વાસ્થ્યલાભ માટે પધાર્યા.

**૧૧ ઑગસ્ટ, રવિવાર...** સવારે યોગીપ્રસાદના હૉલમાં યોજાયેલ ચરોતર પ્રદેશની શ્રાવણ માસની સમૂહ મહાપૂજામાં પધારી સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ ઑગસ્ટ, સોમવાર...** લખનૌ દિલ્હી પરત પધારતાં શ્રી રત્નસંજય–નિમિશાબહેનને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા.

**૧૩ ઑગસ્ટ, મંગળવાર...** અમદાવાદથી દર્શનાર્થે પધારેલ પ્રશાંતભાઈ પોપટ અને પરિવારનાં સૌને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે પ્રજ્ઞાનતીર્થમાં 'યોગીહૃદય' હૉસ્ટેલમાં યોજેલ યુવાનોની સભામાં પધારી વ્રતધારી સંત પૂ. યજ્ઞેશભાઈને પ્રાગટ્યદિનના આશીર્વાદ પાઠવ્યા. સભામાં પધારેલ પૂ. અલગારી બાબાને સત્કાર્યા તેમજ તેઓની કથાવાણીનું શ્રવણ કરી સત્સંગ–ગોષ્ઠિનો આનંદ માણ્યો.

**૧૪ ઑગસ્ટ, બુધવાર...** સવારે વલ્લભવિદ્યાનગરના બ્રહ્માકુમારી આશ્રમમાંથી રાખડી બાંધવા પધારેલ બ્રહ્માકુમારી નીતાબહેનને આશીર્વાદ પાઠવ્યા. મુંબઈથી પધારેલ દર્શન માવાણી–પ્રાચી તથા તેઓના નવજાત શિશુને આશીર્વાદ પાઠવ્યા.

**૧૫ ઑગસ્ટ, ગુરુવાર...** સ્વાતંત્ર્યદિની મંગલ પ્રભાતે યોગી વિદ્યાપીઠમાં પધારી ધ્વજવંદન કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

રક્ષાબંધન પર્વે પારમિતા મંદિરમાં પધારી સૌને રક્ષા અર્પણ કરી. આ નિમિત્તે ગુણાતીત જ્યોતમાંથી પધારેલ સંત બહેનોએ પણ સૌને રક્ષા અર્પણ કરી આશીર્વાદ આપ્યા. મોરબીથી પધારેલ કાનજીભાઈ-મહેશભાઈને સત્કારી મહેશભાઈના નૂતન આવાસમાં પધરાવવા માટેની ઈંટનું પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીના સ્વાસ્થ્યલાભ માટે સાંકરદા મંદિરે પધારી, તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી.

**૧૬ ઑગસ્ટ, શુક્રવાર...** વલ્લભવિદ્યાનગરમાં હસમુખભાઈ પટેલના સ્વાસ્થ્યલાભ માટે તેમજ સવિતાબા પોપટના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી. પ.પૂ. પપ્પાજી આવાસ-'પ્રભુકૃપા'માં દર્શનાર્થે પધાર્યા. ત્યાં ગુણાતીત જ્યોતનાં સદ્‌ગુરુ સંત પૂ. હંસાદીદી અને સંત બહેનો સાથે જૂનાં સંસ્મરણો વાગોળી સત્સંગ- ગોષ્ઠિનો આનંદ માણ્યો.

**૧૭ ઑગસ્ટ, શનિવાર...** વડોદરા નિવાસી હરેનભાઈ-પલ્લવીબહેનને યુ.એસ.એ. જતી વેળાએ શ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યાં, તેઓને ધૂન કરાવી આશીર્વાદ પાઠવ્યા.

**૧૮ ઑગસ્ટ, રવિવાર...** બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરી સ્થાનિક તેમજ બહારગામથી પધારતા ભક્તોને મુલાકાત આપી સત્સંગનું સુખ આપ્યું.

**૧૯ ઑગસ્ટ, સોમવાર...** સુરતથી પધારેલ કાનજીભાઈ ગોટીને જન્મદિને દર્શન-આશિષનું સુખ આપી સર્વ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા તથા તેઓની સેવાને બિરદાવી પ્રસન્નતા વરસાવી.

**૨૦ ઑગસ્ટ, મંગળવાર...** સ્વાસ્થ્યલાભ માટે બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરીને આરામ કર્યો.

**૨૧ ઑગસ્ટ, બુધવાર...** સાંજે 'ઉપાસના' નિજ આવાસમાં સ્થાનિક ભક્તોને મુલાકાત આપી ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૨ ઑગસ્ટ, ગુરુવાર...** સવારે સ્વાસ્થ્યલાભ માટે કરમસદમાં શ્રીકૃષ્ણ હૉસ્પિટલની મુલાકાત લીધી ત્યારે ચારુતર આરોગ્ય મંડળના ચૅરમૅનશ્રી અતુલભાઈ પટેલ મળવા પધાર્યા, તેઓને ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે યુ.એસ.એ.થી પધારેલ રમેશભાઈને સત્કાર્યા. મોડી રાત્રે ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડની યાત્રા પૂર્ણ કરીને પરત પધારેલ સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા, પૂ. અશોકભાઈ તથા પૂ. ઉત્પલભાઈને સત્કાર્યા.

**૨૩ ઑગસ્ટ, શુક્રવાર...** સવારે વડોદરાથી દર્શનાર્થે પધારેલ ઉમીફોઈ તથા પરિવારજનોને ગોષ્ઠિનો લાભ આપી બ્રહ્માનંદ કરાવ્યો. સાંજે અમદાવાદમાં સ્ટર્લિંગ હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલ પ.પૂ. અક્ષરવિહારી સ્વામીજીના સ્વાસ્થ્યલાભ માટે મળવા પધાર્યા. ત્યાંથી ઉપાસના ધામમાં દર્શનાર્થે પધારી સત્સંગસભામાં સૌ સ્થાનિક ભક્તોને સત્સંગલાભ આપ્યો.

**૨૪ ઑગસ્ટ, શનિવાર...** રાત્રે શ્રી કૃષ્ણ જન્માષ્ટમી નિમિત્તે પારમિતા મંદિરમાં યોજેલ કીર્તનભક્તિ-ઓચ્છવના કાર્યક્રમમાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે શ્રી કૃષ્ણ ભગવાન પ્રાગટ્ય નિમિત્તે સૌ સાથે આરતી અર્પણ કરી.

**૨૫ ઑગસ્ટ, રવિવાર...** સાંજે સુરતથી દર્શનાર્થે પધારેલ અશ્વિનભાઈ-પારુલબહેન તથા મિત્રોને સત્સંગલાભ આપ્યો.

**૨૬ ઑગસ્ટ, સોમવાર...** દક્ષિણ ભારતની યાત્રાએથી પરત પધારેલ સદ્‌ગુરુ સંત પ.પૂ. પૂનમદાદા, પૂ. પીટરભાઈ, પૂ. પંકજભાઈને સત્કારી, પ્રસન્નતા સાથે આશીર્વાદ પાઠવ્યા.

**૨૭ ઑગસ્ટ, મંગળવાર...** સવારે સદ્‌ગુરુ સંત પ.પૂ. શાંતિદાદાના ૭૮મા પ્રાગટ્યદિને આશીર્વાદ વરસાવ્યા. સુરત તથા સૌરાષ્ટ્રથી પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે યોગીપ્રસાદના હૉલમાં પ.પૂ. શાંતિદાદાના પ્રાગટ્યોત્સવની સભામાં પધારી તેઓના જીવન-માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી.

**૨૮ ઑગસ્ટ, બુધવાર...** સવારે સ્વાસ્થ્યલાભ માટે હૉસ્પિટલમાં પધારી આરામ કર્યો.

**૨૯ ઑગસ્ટ, ગુરુવાર...** સવારે પૂ. દિલીપભાઈના ૭૦મા પ્રાગટ્યપર્વે આશીર્વાદ વરસાવ્યા. પારમિતા મંદિરે પૂ. દિલીપભાઈના પ્રાગટ્યદિનની સભામાં પધારી તેઓની જીવન-સાધનાનાં રહસ્યની અદ્‌ભુત વાતો કરી.

**૩૦ ઑગસ્ટ, શુક્રવાર...** સવારે યુ.કે. પરત પધારતા હરીશભાઈ મુનિને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. મોરબીથી પધારેલ કનુભાઈ વહાલસોયી દીકરી કૃતિનાં લગ્ન પૂર્વે સગાં-સ્નેહીઓ સાથે પધાર્યાં, તેઓ સૌને સત્સંગનો અદ્‌ભુત લાભ આપી આશીર્વાદ પાઠવ્યા.

**૩૧ ઑગસ્ટ, શનિવાર...** બપોરે વડોદરામાં સારવાર લઈ રહેલ અંકલેશ્વરના યુવક રૂપેશ સિંઘના સ્વાસ્થ્યલાભ માટે હૉસ્પિટલમાં પધારી, ધૂન-પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા. પોરમાં અ.નિ. ગોવિંદભાઈ-શંકરભાઈની હિન્દુસ્તાન ફાઈબર ગ્લાસની કંપનીમાં નિર્માણ થયેલ ટ્રેઈનના ડબ્બાનું પૂજન કરી ઉપાસના ધામ-વેમાર મંદિરે યોજાયેલ મહાપૂજામાં પધાર્યા. ત્યારબાદ સભામાં સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા અને પૂ. દિલીપભાઈના પ્રાગટ્યપર્વ નિમિત્તે તેઓના જીવન-માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી આશીર્વાદ આપ્યા. ◆



# ભાગ્ય બડે જહાં સંત પધારે



**સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદાનું ઑસ્ટ્રેલિયા–ન્યૂઝિલૅન્ડમાં વિચરણ અને ભક્તોને સત્સંગ લાભ**

**સંતભગવંત** સાહેબજીની આજ્ઞાથી સદ્ગુરુ સંત પૂ. શાંતિદાદા સાથે પૂ. અશોકભાઈ, પૂ. ઉત્પલભાઈએ ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝિલૅન્ડમાં અહોરાત્ર વિચરણ કરી ભક્તોને સત્સંગનું અલૌકિક સુખ પ્રદાન કર્યું.

૧ ઑગસ્ટના રોજ સંતો મૅલબૉર્નથી સિડની પધાર્યા. સંતોની સ્વાગતસભામાં પૂ. શાંતિદાદાએ રૂડા આશીર્વાદ અર્પણ કરી સૌને કૃતાર્થ કર્યાં. ૨ ઑગસ્ટના રોજ ઋષિકભાઈ–અવધિબહેન, ઉમેશભાઈ–કવિતાબહેનના ઘરે પધારી, મહાપૂજા કરી રૂડા સંકલ્પો કર્યા. ૩ ઑગસ્ટના રોજ સિડનીના કમ્યુનિટી સૅન્ટરના હૉલમાં જાહેર સત્સંગસભામાં પૂ. શાંતિદાદા અને સંતોએ મંડળના સૌ ભક્તોની ભક્તિને બિરદાવી. નૂતન મંદિરનિર્માણ પ્રસંગે બાળમંડળે નૃત્ય, નાટિકા, વક્તવ્યના માધ્યમ દ્વારા ગુરુવચને પ્રભુભક્તિ અદા કરવાની સુંદર સમજ આપી. અનુપમ મિશનની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી પૂ. ઉત્પલભાઈએ આપીને સૌને મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનું ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું.

૪ ઑગસ્ટના રોજ ધરીતભાઈ–કિન્નરીબહેન, સંજયભાઈ–ફોરમબહેનના ઘરે પધારી ઉપસ્થિત સૌ મિત્રમંડળ અને ભક્તોજનોને આશીર્વાદ પાઠવ્યા. ૫ ઑગસ્ટના રોજ દીપકભાઈ–સોનલબહેન, કૃણાલભાઈ–માર્ગીનાબહેનના ઘરે પધારી મહાપૂજા અને ગોષ્ઠિ દ્વારા રૂડા આશીર્વાદ અર્પ્યા. ૬ ઑગસ્ટના રોજ હર્ષિતભાઈ–અર્પિતાબહેન, અંકિતભાઈ–બિન્દીબહેન, ભાર્ગવભાઈ–નીતિબહેનના ઘરે પધારી, મહાપૂજા કરી સૌની સુખાકારી માટે પ્રાર્થનાઓ ધરી. ૭ ઑગસ્ટના રોજ હરિલાલભાઈ–દર્શનાબહેન, આશિષભાઈ–આરતીબહેનના ઘરે પધારી જીવન જીવવાની સૂઝ આપી, સૌની ભક્તિને બિરદાવી.

૮ ઑગસ્ટના રોજ સવારે સીડનીથી સંતો બ્રિસબેન પધાર્યા. સાંજે યોજિત સ્વાગતસભામાં બહેનોએ ભાવથી નૃત્યભક્તિ દ્વારા સંતોનાં સ્વાગત કર્યાં. ૯ ઑગસ્ટના રોજ સુજલભાઈ–દીક્ષિતાબહેનના નૂતન આવાસનું ભૂમિપૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. બપોરે મૌલિકભાઈ–નિમિષાબહેન અને સાંજે ભૌમિકભાઈ–પૂર્વીબહેનના ઘરે પધરામણી કરી. ૧૦ ઑગસ્ટના રોજ જૉયભાઈ–દેવયાનીબહેન, નીલેશભાઈ–નીલમબહેન, વિસ્મયભાઈ–પૂજાબહેન, જિજ્ઞેશભાઈ–સ્નેહાબહેન, પ્રદીપભાઈ–રશ્મિબહેન, નીરવભાઈ–જયમિનીબહેન આદિના ઘરે પધારી સત્સંગપ્રધાન જીવન જીવવાના રૂડા આશીર્વાદ આપ્યા. વળી, ઊછરતી બાળપેઢીને પણ માર્ગદર્શન આપી સૌ પર પૂ. શાંતિદાદાએ ખૂબ વહાલ વરસાવ્યું. ૧૧ ઑગસ્ટના રોજ જાહેર સત્સંગસભામાં ૧૦૦થી વધુ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. બાદ અનુજભાઈ, ધર્મિનભાઈ–મિત્તલબહેનના ઘરે પધારી સત્સંગનું સુખ આપ્યું. ૧૨ ઑગસ્ટના રોજ ધર્મિનભાઈ, રોમિતભાઈના વ્યવસાયસ્થાને, નરેન્દ્રભાઈ ગણાત્રાની રૅસ્ટોરન્ટ, કલ્પેશભાઈ–કાજલબહેન, અતુલભાઈ–નૂતનબહેનના ઘરે પધરામણીઓ કરી.

૧૩ ઑગસ્ટની વહેલી સવારે સંતો ન્યૂઝીલૅન્ડ પધાર્યા. ન્યૂઝીલૅન્ડના ઑકલૅન્ડમાં જ્હૉનુભાઈ–અમિતાબહેનના ઘરે સભામાં સંતોનાં સ્વાગત થયાં. ૧૪ ઑગસ્ટના રોજ અશોકભાઈ–દમયંતીબહેનના ઘરે, નવીનભાઈ–ઉમાબહેનના વ્યવસાયસ્થાને પધરામણી કરી સત્સંગ–ગોષ્ઠિનો લાભ આપ્યો. ૧૫ ઑગસ્ટના રોજ સવારે સંતો નિકેશભાઈ–ચિન્મયાબહેનના ઘરે પધાર્યા અને ભક્તિનું માર્ગદર્શન આપ્યું. ૧૬ ઑગસ્ટના રોજ યોગી ડિવાઇન સોસાયટી, ન્યૂઝીલૅન્ડના પ્રમુખશ્રી મોહનકાકાના ઘરે પધાર્યા. ત્યારબાદ નીલેશભાઈ–મેઘનાબહેનના નૂતન આવાસમાં પધરામણી કરી. સાંજે શ્રાવણ માસ, રક્ષાબંધન તેમજ ન્યૂઝીલૅન્ડ મંદિરના પાટોત્સવ નિમિત્તે સૌ ભક્તોનાં નામ બોલી પ્રાર્થનાઓ ધરી સૌની સુખાકારી માટે પૂ. શાંતિદાદાએ આશીર્વાદ આપ્યા. ૧૭ ઑગસ્ટના રોજ અનિરુદ્ધભાઈ–અવનીબહેન, સુજલભાઈ–વૈશાલીબહેનના ઘરે પધારી ધૂન–પ્રાર્થનાઓ કરી. સાંજે યોજિત કીર્તન આરાધના અને જાહેર સત્સંગસભામાં ૧૦૦થી વધુ અક્ષરમુક્તોને સંતભગવંત સાહેબજી તેમજ અનુપમ મિશનના માહાત્મ્યની વાતો કરી સત્સંગનું સુખ આપ્યું. ૧૮ ઑગસ્ટના રોજ ગૌરાંગભાઈ–મિત્તલબહેનના નૂતન આવાસસ્થાને તથા અમિતભાઈની નૂતન દુકાન તેમજ ઘરે પધારી આશીર્વાદ પાઠવ્યા. બપોરે હિમેશભાઈ–ભાવનાબહેન, અતુલભાઈ, કૌશલભાઈ, આતીશભાઈ–ક્ષમાબહેનના ઘરે પધારી સત્સંગ–ભજનનો લાભ આપ્યો.

૧૯ ઑગસ્ટના રોજ ન્યૂઝીલૅન્ડથી વિદાય લઈ પરત ઑસ્ટ્રેલિયા પધાર્યા. ૨૦ ઑગસ્ટના રોજ બ્રિસબૅનમાં યશ–યાશિકા, રોમિતભાઈ–દીપ્તિબહેનના ઘરે પધારી, મહાપૂજા કરી સમગ્ર સત્સંગમંડળના સર્વાંગી વિકાસ માટે પ્રાર્થનાઓ કરી. ૨૧ ઑગસ્ટના રોજ જીમિતભાઈ–

ક્રિશ્નાબહેન, જિનેશભાઈ-હિનલબહેન, દિલીપબાપુ અને બિનાબાના ઘરે પધારી સૌને બ્રહ્માનંદ કરાવ્યો. સૌની ભાવભરી વિદાય લઈ ૨૨ ઑગસ્ટના રોજ સંતો બ્રહ્મજ્યોતિ-મોગરી પધાર્યા. ◆

## સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સંતોનાં ઈંગ્લૅન્ડ-અમૅરિકામાં ધર્મવિચરણ

અમૅરિકામાં ભક્તોને સત્સંગનો દિવ્યલાભ આપી પૂ. અશ્વિનદાદા અને સંતો ૭ ઑગસ્ટના રોજ ઈંગ્લૅન્ડ પધાર્યા, જ્યાં સભામાં તેઓનાં ભવ્ય સ્વાગત થયાં. ગુણાતીત સમાજની પ્રથમ મહાપૂજા સ્મૃતિદિન ૮ ઑગસ્ટના રોજ અનુપમ મિશનના સર્વે અક્ષરમુક્તોની સુખાકારી માટે મંદિરમાં મહાપૂજા કરી પ્રાર્થનાઓ ધરી. ત્યાર બાદ કાંતિભાઈ-લલિતાબહેન રાજગોરના ઘરે પધારી સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

૯થી ૧૨ ઑગસ્ટ દરમિયાન પી.જી.એલ. કૅમ્પસાઈટ, સ્વીડનમાં યુવાનો માટે યોજિત કૅમ્પમાં પૂ. અશ્વિનદાદા અને સંતોએ ૧૦૦થી વધુ યુવાનોને જીવન જીવવાનું અદ્‌ભુત માર્ગદર્શન આપ્યું. હકારાત્મક અભિગમ, પ્રભુનામનું સ્મરણ અને ગુરુની સ્મૃતિથી ભર્યું જીવન બનાવવા સમજણ આપી. કૅમ્પમાં શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શિબિરાર્થીઓએ બ્રહ્માનંદ કર્યો. ૧૩ ઑગસ્ટના રોજ વિજયભાઈ-દર્શનાબહેન તેમજ તેઓના દીકરા રોનકભાઈની ઑફિસ પર પધરામણી કરી આશીર્વાદ પાઠવ્યા. ૧૪ ઑગસ્ટના રોજ સતીશભાઈ-હંસાબહેનના ઘરે પધારી સંતોએ રૂડા સંકલ્પ-પ્રાર્થનાઓ કર્યાં. ૧૫ ઑગસ્ટના રોજ સ્વતંત્રતા પર્વની અનોખી ઉજવણી કરાઈ. શાસ્ત્રી શ્રી નયનભાઈ જોષી, સુરેન્દ્રભાઈ, વાલિયા સાહેબ, સતીશભાઈ ચતવાણી આદિ મહાનુભાવોની ઉપસ્થિતિમાં ભારતનો ૭૩મો આઝાદીપર્વ ઉજવાયું. આ પ્રસંગે દેશભક્તિનાં ગીતો અને તે અનુરૂપ ઉદ્‌બોધન કરી દેશ પ્રતિની ભક્તિ અદા થઈ. વળી, તે જ દિવસે રક્ષાબંધનના પાવન પર્વની ઊજવણી પણ કરાઈ. સૌની આંતર-બાહ્ય રક્ષા માટે પ્રાર્થના કરાઈ.

યુ.કે. મંદિરના ચોથા પાટોત્સવ નિમિત્તે ૧૬ ઑગસ્ટના રોજ પૂ. અશ્વિનદાદા અને સંતોએ પાટોત્સવવિધિમાં ભાગ લીધો. યજમાનોએ ભક્તિઅર્ઘ્ય અર્પણ કર્યા. સત્પુરુષના સાંનિધ્યે હઠ, માન, ઈર્ષ્યાના ભાવો ઓગાળવાની રીત પૂ. અશ્વિનદાદાએ સમજાવી. શ્રી ઠાકોરજીને અન્નકૂટ ધરાવી પાટોત્સવ આરતી અર્પણ થઈ. સાંજે નંદ કોટિના સંતો રચિત કીર્તનો અનુપમ સૂરવૃંદના ભક્તોએ પ્રસ્તુત કર્યા તે સૌ પર પૂ. અશ્વિનદાદાએ રાજીપો વરસાવ્યો.

૧૭ ઑગસ્ટના રોજ પૂ. હિંમતસ્વામીનો ૬૪મો પ્રાગટ્યદિન પૂ. અશ્વિનદાદા, સંતો અને ભક્તોની ઉપસ્થિતિમાં ઉજવાયો. આ પ્રસંગે પૂ. ગોપાલબાપા, પૂ. ભૂપાભાઈ, વિનુભાઈ, વિજયભાઈ, અશ્વિનભાઈ પોપટ, બારીન્દ્રભાઈ, યોગેન્દ્રભાઈ, ધીરુકાકા, હિતેશભાઈ, મીનુબા, મેઘનાબહેન, નિમિષાબહેન, રેખાબહેન, નિરાલીબહેન, નિમ્મી, ડનીશા, ધારા અને યશસ્વીબહેન સહિત અમૅરિકાથી પધારેલ બેનાબહેને પ્રાસંગિક માહાત્મ્યગાન કરી ભક્તિ અદા કરી. પૂ. અશ્વિનદાદાએ પૂ. હિંમતસ્વામીનો મહિમા સમજાવી તેઓના જેવો દાસત્વભાવ દૃઢ કરવા માર્ગદર્શન આપ્યાં.

૧૮ ઑગસ્ટના રોજ શ્રાવણ માસ નિમિત્તે સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન કરવામાં આવ્યું. પૂ. વાસુભાઈ, પૂ. ગોપાલબાપાએ સુંદર મહાપૂજા વિધિ કરાવી, જેમાં ૧૨૫ જેટલા યુગલ યજમાનોએ ભક્તિ-અર્ઘ્ય અર્પણ કર્યા. પૂ. અશ્વિનદાદાએ સૌના સંકલ્પો સાકાર થાય તેવી પ્રાર્થનાઓ કરી આશીર્વાદ પાઠવ્યા.

૨૪ ઑગસ્ટના રોજ જન્માષ્ટમીનો ભક્તિપૂર્ણ ઉત્સવ ઉજવાયો. કીર્તન, મટકીફોડના આનંદની સાથે સંતો દ્વારા પ્રભુ-માહાત્મ્યનું અલૌકિક દર્શન કરાવાયું. ૨૫ ઑગસ્ટના રોજ પૂ. શાંતિદાદાના ૭૮મા પ્રાગટ્યપર્વની ભક્તિપૂર્ણ ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે પૂ. અશ્વિનદાદા, પૂ. મુકુંદજીવનસ્વામી-ગુરુજી, પૂ. આનંદીદીદી આદિએ પૂ. શાંતિદાદાના અપૂર્વ માહાત્મ્યને વર્ણવી સૌને ગુલતાન કર્યાં. આ પ્રસંગે યુવાનો, યુવતીઓ અને વડીલોએ પણ માહાત્મ્યગાન કર્યાં.

૨૮ ઑગસ્ટના રોજ શ્રી જલારામ મંદિર, ગ્રીનફર્ડ ખાતે રશ્મિભાઈ ચતવાણી દ્વારા યોજિત શ્રીમદ્ ભાગત પારાયણમાં સંતોએ પધારી પ્રભુ-માહાત્મ્ય કથાનો અદ્‌ભુત લાભ લીધો તેમજ સૌને આશીર્વાદ પાઠવી પ્રભુના દિવ્ય માહાત્મ્યનું સુખ પ્રદાન કર્યું. ત્યારબાદ ચાર દિવસ પૂ. ગુરુજી, પૂ. આનંદીદીદી અને સંતોએ બ્રહ્મજ્યોતિ-યુ.કે.માં નિવાસ કરી સ્થાનિક ભક્તોને સત્સંગનો અલૌકિક લાભ આપ્યો.

પૂ. અશ્વિનદાદા ૩૦ ઑગસ્ટના રોજ યુ.કે.થી શિકાગો-અમૅરિકા પધાર્યા. પૂ. દિનકરભાઈના અમૃત મહોત્સવમાં હાજરી આપી સૌને સત્સંગનો લાભ આપ્યો. ત્યાર બાદ કૅનેડામાં અક્ષરનિવાસી અક્ષયભાઈના પરિવારજનોને સાંત્વના આશિષ પાઠવી ઍલનટાઉન પધાર્યા. હવે ઍલનટાઉન મંદિરે જળઝીલણી ઉત્સવ ઊજવીને ૧૨ સપ્ટેમ્બરના રોજ પૂ. અશ્વિનદાદા અને સંતો ઈંગ્લૅન્ડ પધારશે. ૧૬ સપ્ટેમ્બરના રોજ ઈંગ્લૅન્ડથી વિદાય લઈ ૧૭ સપ્ટેમ્બરના રોજ બ્રહ્મજ્યોતિ-મોગરી પધારશે. ◆

# સત્સંગ સમાચાર

**અનુપમ મિશનનાં વિવિધ કેન્દ્રોમાં શ્રાવણ માસ સમૂહ મહાપૂજા**

સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી અનુપમ મિશનનાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાં પ્રતિ વર્ષ શ્રાવણ માસ નિમિત્તે સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન થાય છે. આ વર્ષે નૂતન મંદિરનિર્માણ અંતર્ગત વિશેષ પ્રાર્થનાઓ ધરવાના ભાવથી સમૂહ મહાપૂજાનાં આયોજન સર્વત્ર થયાં.

*** ચરોતર પ્રદેશ :** ૧૧ ઑગસ્ટના રોજ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના દિવ્ય સાંનિધ્યે ચરોતર પ્રદેશના ભક્તોએ તપોભૂમિ બ્રહ્મજ્યોતિના યોગીપ્રસાદના હૉલમાં ભેગા મળી સમૂહ મહાપૂજામાં ભક્તિ-અર્ધ્ય અર્પણ કર્યા, પૂ. બિમલભાઈ અને પૂ. ભરતભાઈ પંડ્યાએ આચાર્યપદે બિરાજી મહાપૂજાવિધિ કરાવી. આણંદ, મોગરી, કરમસદ, વલ્લભવિદ્યાનગર, ખંભાત, નડિયાદ આદિ મંડળોનાં ૧૨૫થી વધુ યુગલોએ યજમાનપદે બિરાજી દિવ્ય મહાપૂજાવિધિનો લાભ લીધો. સંતોએ યજમાનોને નાડાછડી બાંધી, ખેસ અર્પણ કરી આશીર્વાદ દીધા. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ સૌ પર આશીર્વાદની વર્ષા કરી. દિવ્ય મહાપૂજા વિધિ બાદ ચરોતર પ્રદેશના તેજસ્વી તારલાઓને 'અનાદિ મહામુક્ત સોનાબા કેળવણી કૌશલ્ય પુરસ્કાર' અર્પણ કરાયા. પૂ. ડૉ. ભરતભાઈ પંડ્યાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌ પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓની સિદ્ધિને બિરદાવી. સમગ્ર કાર્યક્રમનાં સંચાલન યોગેશભાઈ મારફતિયા અને કૃણાલભાઈ પટેલે કર્યાં. ◆

*** ગુરુસભા, મોગરી :** ૧૫ ઑગસ્ટ, રક્ષાબંધનના પાવન દિવસે યુવાનોની અઠવાડિક સત્સંગસભા-ગુરુસભામાં શ્રાવણ માસ તથા સંત પૂ. યજ્ઞેશભાઈના ૫૭મા પ્રાગટ્યદિન નિમિત્તે સમૂહ મહાપૂજા યોજાઈ. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની દિવ્ય સંનિધિ પ્રાપ્ત થઈ. આ મહાપૂજામાં ૧૫૦થી વધુ યુવાનો યજમાન પદે બિરાજ્યા અને યુવાનોએ જ આચાર્યપદે બિરાજી મહાપૂજા સંપન્ન કરાવી. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીએ રાજીપો દર્શાવ્યો તથા સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે દેશભક્તિ મહેંકી ઊઠે તેવા સૌને પ્રેરણાદાયી આશીર્વાદ પ્રદાન કર્યા. મહાપૂજા અંતે સભાના સૌ સભ્યોને રક્ષાબંધન નિમિત્તે સંતોએ રક્ષાસૂત્ર બાંધી કૃતાર્થ કર્યા. ◆

*** દહેગામ :** ૨૦ ઑગસ્ટના રોજ સદ્‌ગુરુ સંત પૂ. હર્ષદદાદા તેમજ પૂ. ગોવિંદભાઈ, પૂ. બિમલભાઈ, પૂ. નિખિલભાઈ આદિ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં દહેગામ સ્થિત 'સાયોમૃત' મંદિરે સમૂહ મહાપૂજા સંપન્ન થઈ. આ પ્રસંગે દહેગામ મંડળના ભક્તોએ મહાપૂજામાં બિરાજી પ્રાર્થનાઓ ધરી. પૂ. બિમલભાઈએ ભક્તિપૂર્ણ ભાવે મહાપૂજાવિધિ સંપન્ન કરાવી. પૂ. હર્ષદદાદા અને પૂ. ગોવિંદભાઈ આદિ સંતોએ તેમજ વડીલોએ આશીર્વાદ પ્રદાન કર્યા. મહાપૂજાની દિવ્યતા માણી પ્રાર્થનાપૂર્ણ હૈયે સૌ વિસર્જિત થયાં. ◆

*** સાઠંબા :** ૨૫ ઑગસ્ટના રોજ પૂ. ગોવિંદભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. નરેન્દ્રભાઈ, પૂ. નિખિલભાઈ આદિ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં સાઠંબા મંડળના ભક્તોએ શ્રાવણ માસ નિમિત્તે મહાપૂજાવિધિ સંપન્ન કરી. આ પ્રસંગે પૂ. શાંતિદાદાનો પ્રાગટ્યદિન ઊજવી વિશેષ ભક્તિ અદા કરી. ભક્તોએ અદ્‌ભુત માહાત્મ્યગાન કર્યાં. નરસીદાસ, ધનજીમામા, વસંતદાદા આદિ વડીલોની હૂંફ અને માર્ગદર્શન હેઠળ આખો કાર્યક્રમ સંપન્ન થયો. પૂ. ગોવિંદભાઈએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યાં. ◆

*** સૌરાષ્ટ્ર પ્રદેશ :** સૌરાષ્ટ્ર પ્રદેશનાં વિવિધ મંડળોમાં સંતો દ્વારા મહાપૂજા કરી સૌનાં કલ્યાણ અર્થે પ્રાર્થનાઓ ધરાઈ. ૩ અને ૪ ઑગસ્ટના રોજ પૂ. હરેશભાઈ ઝાલાવાડિયા દ્વારા માથાસુરિયા, ભેરાળા અને સવની ખાતે મહાપૂજા વિધિ સંપન્ન થઈ, જેમાં સ્થાનિક મુક્તો મોટી સંખ્યામાં યજમાનપદે બિરાજ્યા. ૧૧ અને ૧૨ ઑગસ્ટના રોજ પૂ. અશોકભાઈ દ્વારા રાજકોટ, મોટા દળવા, નાની વાવડી-મોરબી, જૂનાગઢ ને વિસાવદર ખાતે મહાપૂજા સંપન્ન થઈ. આ દિવ્ય મહાપૂજા વિધિમાં સ્થાનિક ભક્તોએ ઉત્સાહભેર સહભાગી બની ભક્તિ અદા કરી. ◆

અક્ષર દેરી-માણાવદર ખાતે ૨૪ ઑગસ્ટના રોજ શ્રી ઠાકોરજી અને સંતોની દિવ્ય સંનિધિમાં સ્થાનિક ભક્તોએ યજમાનપદે બિરાજી મહાપૂજામાં ભાગ લીધો. સંતોએ સૌ પર આશીર્વાદ વરસાવી ધન્ય કર્યાં. વિશેષમાં નૂતન મંદિરનિર્માણ તેમજ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં તન-મન-ધન અને આત્માથી સેવામાં જોડાઈ શકાય તેવી પ્રાર્થનાઓ સૌએ કરી. વળી, પ્રતિવર્ષની જેમ ૨૨થી ૨૪ ઑગસ્ટ દરમિયાન પારાયણનાં સુંદર આયોજન થયાં. જેમાં પૂ. અરુણભાઈ, પૂ. દિલીપભાઈ, પૂ. ગૌતમભાઈ, પૂ. દિવ્યેશભાઈ, પૂ. રણછોડભાઈની સંનિધિમાં રાજકોટના અક્ષરમુક્ત મુકુંદભાઈએ વચનામૃત પર પારાયણ કરી સત્સંગની ઉમદા સમજણ પ્રદાન કરી. આ પારાયણ દરમિયાન પૂ. દિનેશભાઈ, પૂ. દિવ્યેશભાઈ, પૂ. દિલીપભાઈ, પૂ. અશોકભાઈ આદિ સંતોએ તેમજ મોરીસાહેબ, થોભણભાઈ, સુરેશભાઈ આદિ ભક્તોએ માહાત્મ્યગાન કર્યાં. વળી, જન્માષ્ટમી પર્વની ઉજવણી કરી બ્રહ્માનંદ કર્યો. ◆

*** ખારઘર, નવી મુંબઈ :** ૧૮ ઑગસ્ટના રોજ નવી મુંબઈના ખારઘર સ્થિત મંદિરે પૂ. દિનેશભાઈ, પૂ. હરિભાઈ, પૂ. યજ્ઞેશભાઈ, પૂ. શ્રેયસભાઈ આદિ સંતોના સાંનિધ્યે સમૂહ મહાપૂજાનું આયોજન થયું. ગુરુસભાના યુવાનો સરજૂભાઈ અને હાર્દિકભાઈ બ્રહ્મજ્યોતિ-મોગરીથી મહાપૂજા વિધિ કરાવવા માટે મુંબઈ પધાર્યા. ૬૦થી વધુ યુગલ યજમાનોએ ભાવપૂર્વક મહાપૂજા વિધિનો લાભ લીધો. જગતભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં નૂતન મંદિર નિર્માણ સેવામાં સૌને જોડાવા હાકલ કરી. નતાશાબહેન અને પારસભાઈએ માહાત્મ્યગાન કર્યાં. પૂ. યજ્ઞેશભાઈએ આશીર્વાદ પ્રદાન કર્યા. મંદિરનિર્માણ સેવા અર્થે એકત્ર કરાયેલ સેવારાશિ સંતોને અર્પણ કરી ભક્તોએ ધન્યભાવ ધર્યાં. ◆

*** વેમાર :** સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની પ્રત્યક્ષ સંનિધિમાં ૩૧ ઑગસ્ટના રોજ ઉપાસના ધામ-વેમાર ખાતે સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના ૭૮મા પ્રાગટ્યપર્વ અને પૂ. દિલીપભાઈના ૭૦મા પ્રાગટ્યદિનની સાથે સ્થાનિક ભક્તોની સમૂહ મહાપૂજાનું દિવ્ય આયોજન થયું. આ પ્રસંગે સૌ ભક્તો ગુણાતીત સાધુના મહિમામાં તેમજ ભક્તોના ભક્તિભાવમાં ગરકાવ થયા. સંતભગવંત સાહેબજીએ સંપ, સુહૃદભાવ અને એકતા રાખી, હળીમળીને સત્સંગનાં કાર્યો સાકાર કરવાની સમજ આપી. સામૂહિક જપયજ્ઞ કરી બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે નિર્માણાધીન નૂતન મંદિર માટે સૌએ પ્રાર્થનાઓ ધરી. ◆

## તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર રક્ષાબંધનનો ઉત્સવ

૧૫ ઑગસ્ટના શુભ દિવસે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર પારમિતા મંદિરમાં શ્રી ઠાકોરજી સમક્ષ અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતો અને શ્રી ગુણાતીત જ્યોતનાં સંત બહેનો પૂ. ડૉ. ભાવનાબહેન, પૂ. ડૉ. વીણાબહેન આદિની દિવ્ય ઉપસ્થિતિમાં રક્ષાબંધનનો પવિત્ર ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે પૂ. રતિકાકાએ ગુરુહરિ પપ્પાજી, ગુરુહરિ કાકાજી, અને સંતભગવંત સાહેબદાદાએ સ્થાપેલ અનુપમ મિશનના ભાઈઓ અને ગુણાતીત જ્યોતનાં સંત બહેનોના પવિત્ર સંબંધની અપ્રતિમ વાતો કરી. પૂ. ડૉ. ભાવનાબહેને પ્રાસંગિક ઉદ્‌બોધન કરી અનુપમ મિશનના સૌ સંત ભાઈઓની આંતરિક-બાહ્ય રક્ષા થાય તેમજ સૌ સાધનામાર્ગે સહજ, સરળ પ્રગતિ કરી પરમની પ્રાપ્તિ કરે તે માટે પ્રાર્થનાઓ ધરી. આ પ્રસંગે દિલ્હી અને પવઈનાં સંત બહેનોએ મોકલાવેલ પ્રાર્થના-આશિષસંદેશનાં પઠન કરાયાં. અનુપમ મિશન સત્સંગસમાજ વતી ઉમીફોઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. અંતે સંત બહેનોએ સૌ ભાઈઓને રક્ષાસૂત્રનાં બંધન કરી પ્રસાદ અર્પણ કર્યો. સંતભગવંત સાહેબજીએ પધારી સૌને રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

## જન્માષ્ટમી ઉત્સવ

તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર ૨૪ ઑગસ્ટના રોજ સંતભગવંત સાહેબજીની દિવ્ય નિશ્રામાં શ્રી કૃષ્ણ પ્રાગટ્યદિન-જન્માષ્ટમીની ભાવપૂર્ણ ઉજવણી સંપન્ન થઈ. આ પ્રસંગે અનુપમ સૂરવૃંદના સંતો અને કલાકાર ભક્તોએ ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવાન શ્રી સ્વામિનારાયણની અલૌકિક સ્મૃતિ કરાવતાં દિવ્ય ભજનોની રમઝટ બોલાવી. સૌ કોઈ પ્રભુમાહાત્મ્યમાં તરબોળ થયાં. પૂ. બિમલભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં. પૂ. શાંતિદાદા અને સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કરી પ્રભુપ્રાગટ્યના યથાર્થ મર્મને સમજાવ્યો અને પ્રભુ સદાય સાધુરૂપે પ્રગટ છે તે ભાવના સુદૃઢ કરાવી. સૌએ શ્રીકૃષ્ણ પ્રાગટ્યની આરતી અર્પણ કરી ભાવવંદના ધરી. અંતે પંચાજીરીનો પ્રસાદ ગ્રહણ કરી, યુવાનો દ્વારા આયોજિત મટકીફોડ કાર્યક્રમમાં આનંદ માણ્યો. ◆

## બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજી પ્રાગટ્યદિને ભાવસભર વંદના

૧ સપ્ટેમ્બર, બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજીના ૧૦૩મા પ્રાગટ્યદિને અનુપમ મિશનના સૌ સંતો અને ભક્તોએ પ.પૂ. પપ્પાજીની દિવ્ય સ્મૃતિ કરી હૃદયવંદના અર્પણ કરી. આ પ્રસંગે પૂ. રતિકાકા, વરિષ્ઠ સંતો અને સ્થાનિક ભક્તોએ મોટી સંખ્યામાં પ.પૂ. પપ્પાજી સ્મૃતિતીર્થ-ગાના પધારી પ્રાર્થનાઓ ધરી. અઠવાડિક સત્સંગસભાની દીકરીઓએ કીર્તનભક્તિ અર્પણ કરી. પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદા અને પૂ. દિલીપભાઈએ અદ્‌ભુત માહાત્મ્યગાન કરી આશીર્વાદ વરસાવ્યા. ગુણાતીત જ્યોત વતી પૂ. ડૉ. ભાવનાબહેન અને પૂ. શાહભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી સૌને પ.પૂ. પપ્પાજીની સ્મૃતિમાં તરબોળ કર્યાં. અંતે મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી સૌએ પ.પૂ. પપ્પાજીના શ્રીચરણે વંદનાઓ ધરી. ◆

## 'સહજાનંદ કલા સાધના તીર્થ'ના પ્રથમ સોપાનનાં મુક્તાર્પણ

૧ સપ્ટેમ્બર-પ.પૂ. પપ્પાજી પ્રાગટ્યદિનની શુભ તિથિએ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશિષથી પ્રારંભ થયેલ અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠ પ્રેરિત 'સહજાનંદ કલા સાધના તીર્થ'ના પ્રથમ સોપાનનાં મુક્તાર્પણ પૂ. શાંતિદાદા અને પૂ. ડૉ. મનોજભાઈ સોનીના વરદ્ હસ્તે થયાં. ઊછરતી પેઢી ગાયન, વાદન, ચિત્ર, શિલ્પ, નૃત્ય આદિ કલાપ્રવૃત્તિમાં પ્રવૃત્ત થાય તેમજ વિશિષ્ટ કળાને શીખવા અને નિખારવા માધ્યમ પ્રાપ્ત થાય તે હેતુથી સંતભગવંત સાહેબજીએ આ કલા સાધના તીર્થ માટે જરૂરી માર્ગદર્શન

આપ્યાં. જેના પ્રથમ સોપાન રૂપે સંગીત-ગાયન અને વાદનનાં સુંદર સર્વોત્તમ પ્રશિક્ષણ પ્રાપ્ત થઈ શકે તેવા કલાગુરુઓ રાહુલભાઈ, તુષારભાઈ, નિખિલભાઈ આદિને જવાબદારી સોંપી અને પૂ. મનોજભાઈ અને સંતોનાં માર્ગદર્શને સંગીત પ્રશિક્ષણ વિભાગના શુભારંભ કરાવ્યા. ટૂંક સમયમાંજ અહીં નૃત્ય, ચિત્ર, શિલ્પ આદિ કળાઓનાં પણ પ્રશિક્ષણ પ્રાપ્ત થશે. ◆

## ભારતના ૭૩મા સ્વાતંત્ર્યપર્વની ઉજવણી

*** યોગી વિદ્યાપીઠ, મોગરી :** અનુપમ મિશન પ્રેરિત યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓ આનંદ બાલવાડી, મિત્ર પુનર્વસન કેન્દ્ર, જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, ઈન્ફર્મેશન ટૅકનોલૉજી સૅન્ટર, અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા યોગી વિદ્યાપીઠ ખાતે ભારતનો ૭૩મો સ્વતંત્રતા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

અનુપમ મિશનના અધિષ્ઠાતા સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યમાં યોગી વિદ્યાપીઠના કુલગુરુ પૂ. ડૉ. રતિકાકા, મુંબઈના ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ શ્રી કનુભાઈ ગાંધી, અનુપમ મિશનના સંતો, વાલીઓ તેમજ સૌ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં અતિથિવિશેષ સુદંત ક્લિનિક, આણંદનાં દંતસર્જન ડૉ. સચિબહેન બત્રા દ્વારા તિરંગાને ગગનમાં ફરકાવવામાં આવ્યો ત્યારે સૌએ રાષ્ટ્રગીતના ગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી ધન્યતા અનુભવી.

પ્રાસંગિક પ્રવચનમાં ડૉ. સચિબહેને અસ્વચ્છતા રૂપી ગુલામીમાંથી મુક્ત થવા હાકલ કરી. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં વિદ્યાર્થીઓને ચારિત્ર્ય અને સર્વાંગ ઘડતર માટે માર્ગદર્શન આપી ગુરુદેવ યોગીબાપા અને દેશના આદર્શ પુરુષોનાં જીવનદર્શન કરાવ્યાં.

જ્ઞાનયજ્ઞ વિદ્યાલયની ધોરણ ૮ની ચિ. હીર રાઠોડે હૃદયસ્પર્શી ઉદબોધન કરી સૌનાં હૈયાં દેશપ્રેમથી સભર કરી દીધાં. આઝાદીપર્વે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવ્યા. આ પ્રસંગે યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓના તેજસ્વી વિદ્યાર્થીઓને 'શ્રી મોહનભાઈ શેઠ સ્મૃતિ પુરસ્કાર' પાઠવી વિભૂષિત કરાયા. કુલગુરુ પૂ. ડૉ. રતિભાઈએ મંચસ્થ મહાનુભાવોને સ્મૃતિચિહ્ન પાઠવી અભિવાદન કર્યાં. જ્ઞાનયજ્ઞ વિદ્યાલયનાં ધોરણ ૮અની ચિ. વિધિ પટેલ અને ચિ. કુશ ઉપાધ્યાયે સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું. ◆

*** નડીઆદ :** નડીઆદ વિદ્યોતેજક મંડળ સંચાલિત અને અનુપમ મિશન સંલગ્ન શારદા મંદિર : અનિતાબહેન દેવાંગભાઈ પટેલ (ઈપ્કોવાળા) ડે સ્કૂલ, નડીઆદ દ્વારા અખંડ ભારતના ૭૩મા સ્વાતંત્ર્યદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ શુભ પ્રસંગે સમારંભ પ્રમુખ પૂ. સુનીલભાઈ પંડ્યા, મુખ્ય અતિથિ પૂ. ડૉ. ભરતભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમનો શુભારંભ પૂ. ડૉ. ભરતભાઈના વરદ્ હસ્તે ધ્વજવંદનથી અને રાષ્ટ્રગીતના ગાનથી કરવામાં આવ્યો. ધોરણ ૩-૪-૫નાં બાળકો દ્વારા માતૃવંદના-નૃત્યસંયોજન પ્રસ્તુત કરવામાં આવ્યું. પ્રાસંગિક પ્રતિભાવ પૂ. ડૉ. ભરતભાઈ અને પૂ. સુનીલભાઈએ આપ્યા. અખંડ ભારતની એકતા અને સર્વધર્મ સમભાવને અભિવ્યક્ત કરતું ગીત શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયું. ધોરણ-૮ના કુંજ સોલંકી અને ધોરણ-૯ના મીત પંડ્યાએ પ્રેરણાદાયી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં.

૧૫ ઑગસ્ટના રોજ રક્ષાબંધન હોઈ દેશની રક્ષાનું બંધન સ્વીકારી દેશને સ્વસ્થ બનાવવા વિદ્યાર્થીઓએ શાળા પરિસરનાં વૃક્ષોને રક્ષાસૂત્ર બાંધી પર્યાવરણનું જતન કરવાનો સંકલ્પ લીધો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ-૯ના આદિત અલ્પેશકુમાર શાહે કર્યું. ◆

*** ધારી :** અનુપમ મિશન સંચાલિત યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારીમાં ભારતના ૭૩મા સ્વાતંત્ર્યપર્વની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી. પૂ. અરુણભાઈની ઉપસ્થિતિમાં પ્રિન્સિપાલ ડૉ. રાજેશભાઈ દવેના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે અધ્યાપકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યાં. આચાર્યશ્રી રાજેશભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન દ્વારા સૌમાં રાષ્ટ્રવિકાસની ભાવના જગાવી. વિદ્યાર્થિનીઓ દ્વારા દેશભક્તિ ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું. ◆

*** અમદાવાદ :** પૂ. ગૌતમભાઈ અને પૂ. સતીશભાઈની ઉપસ્થિતિમાં ઉપાસના ધામ, અમદાવાદ ખાતે ૧૫ ઑગસ્ટના રોજ ભારતનો સ્વતંત્રતા પર્વ અને રક્ષાબંધન ઉત્સવ ઉજવાયો. આ પ્રસંગે ભારતના પૂર્વ ચિફ લૉયર શ્રી મહેન્દ્રભાઈ આનંદ અતિથિ વિશેષ સ્વરૂપે પધાર્યા. ધ્વજવંદન બાદ સંતોના હસ્તે રક્ષાસૂત્રનાં બંધને જોડાઈ ભક્તોએ દિવ્યતાનો આનંદ માણ્યો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા અને સંતોના આશીર્વાદ પામી ધન્ય થયા. ◆

## સદ્‌ગુરુ પૂ. શાંતિદાદાના ૭૮મા પ્રાગટ્યદિનની ભક્તિભરી ઉજવણી

ગુરુદેવ યોગીજી મહારાજની અકલ્પનીય ભેટ અને સંતભગવંત સાહેબજીના પ્રાણપ્યારા એવા શાંતિનું મૂર્તિમાન સ્વરૂપ-સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાના ૭૮મા પ્રાગટ્યદિનની ઉજવણી ૨૭ ઑગસ્ટના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ-મોગરી ખાતે ભક્તિભાવે સંપન્ન થઈ. આ પ્રસંગે સંતભગવંત સાહેબજીની ઉપસ્થિતિમાં પૂ. પીટરભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. દિલીપભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી પૂ. શાંતિદાદાની ગુણાતીતસ્થિતિનાં અકલ્પનીય વર્ણન કર્યાં. સીમાબહેન, ઈંગ્લૅન્ડના

યોગેન્દ્રભાઈએ અનુભવો અને સંસ્મરણો વાગોળી પૂ. શાંતિદાદા પ્રતિનો પ્રેમભાવ વ્યક્ત કર્યો. આ પ્રસંગે બાળકો, યુવાનો, બાલિકાઓ, યુવતીઓ તેમજ ગૃહસ્થોએ સપ્રેમ સ્મૃતિભેટ અર્પણ કરી ભક્તિ અદા કરી. કેટલાય ભક્તોએ નૂતન મંદિરનિર્માણ અર્થે સેવાઓ ધરી સમર્પણ કર્યાં. પૂ. શાંતિદાદાએ સંતભગવંત સાહેબજી જેવા ભગવાનના પ્રગટ સાકાર દિવ્ય સ્વરૂપમાં જોડાઈને અહંશૂન્ય બની પ્રભુના સંતો-ભક્તોના દાસ બનવાની સુંદર સમજ આપી, આશીર્વાદ વરસાવ્યા.

સંતભગવંત સાહેબદાદાએ પૂ. શાંતિદાદાના દિવ્ય, કલ્યાણકારી ને સાધુતાસભર કાર્યની ઝાંખી કરાવી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. 'આવા સાધુના સંબંધમાં આવનાર સૌનું કલ્યાણ થાય' તેમ જણાવી સાહેબદાદાએ પૂ. શાંતિદાદાના માહાત્મ્યનું અલૌકિક વર્ણન કર્યું; જે માણી મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌ ભક્તો ધન્ય થયા. ◆

## શિકાગોમાં પ.પૂ. દિનકરભાઈનો અમૃતમહોત્સવ ઉજવાયો

ગુરુહરિ કાકાજીના સંકલ્પ અને આશીર્વાદથી શિકાગોમાં સત્સંગ-ભક્તિ કરાવી સૌને અક્ષરસુખ પ્રદાન કરતા પ.પૂ. દિનકરભાઈના અમૃતપર્વની સુંદર ઉજવણી ૩૦ ઑગસ્ટથી ૨ સપ્ટેમ્બર દરમિયાન શિકાગો ખાતે સંપન્ન થઈ. આ પ્રસંગે પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી, પ.પૂ. મુકુંદજીવન સ્વામી (ગુરુજી), પૂ. અશ્વિનદાદા, પૂ. ભરતભાઈ, પૂ. સર્વેશ્વરબહેન, પૂ. આનંદીદીદી આદિ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં તેમજ દેશ-પરદેશના સેંકડો ભક્તોની હાજરીમાં પૂ. દિનકરભાઈનું અમૃતપર્વ ભવ્યતાથી ઉજવાયું. મહોત્સવ દરમિયાન પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીએ મુમુક્ષુના જીવનમાં પ.પૂ. દિનકરભાઈ જેવા સાધુની અનિવાર્યતા સમજાવી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા. આ પ્રસંગે વિડિયો ફિલ્મ, ગ્રંથ અને ભજનોના સંપુટનાં મુક્તાર્પણ પણ થયાં.

પ.પૂ. ગુરુજી અને પૂ. અશ્વિનદાદાએ પ.પૂ. દિનકરભાઈના સુહૃદભાવભર્યા જીવન અને અખંડ નામસ્મરણ સાથે વર્તવાની રીતનાં માહાત્મ્ય સમજાવી સૌને ધન્ય કર્યાં. પૂ. સર્વેશ્વરબહેન, પૂ. આનંદીદીદી અને પૂ. બેલાબહેને પૂ. દિનકરભાઈના વિશિષ્ટ માહાત્મ્યનું દર્શન કરાવ્યું. મહોત્સવના અંતિમ દિવસે મહિલા સંમેલન યોજી માહાત્મ્ય-ગોષ્ઠિમાં સૌ તરબોળ થયાં. ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરી પ.પૂ. દિનકરભાઈના સાધુતાભર્યા જીવનની અલૌકિક ઝાંખી કરાવી સેવકોએ સૌને ભક્તિમગ્ન કર્યાં. પ.પૂ. પપ્પાજી પ્રાગટ્યદિનની દિવ્ય સભામાં તેઓને અતિપ્રિય ગઢડા અંત્ય-૨૬ વચનામૃતનું નિરૂપણ પ.પૂ. દિનકરભાઈએ કરી સૌને આશીર્વાદ પ્રદાન કર્યા. સૌ ભક્તોએ સૌ સ્વરૂપોના શ્રીચરણોમાં દાસત્વભાવ દૃઢ કરવાની પ્રાર્થના ધરી. ◆

## શ્રદ્ધાંજલિ



*** અક્ષયભાઈ કાંતિભાઈ પટેલ :** સાહેબદાદા અને સદ્ગુરુ સંતોના અત્યંત કૃપાપાત્ર યુવાન અક્ષયભાઈ મૂળ ખંભાતના વતની. ખૂબ નાની ઉંમરે સંતોના યોગમાં આવ્યા. અશ્વિનદાદા સાથે પ્રીતિથી જોડાયા અને નિષ્ઠા દૃઢ કરી. કેનેડામાં અનુપમ મિશનની પ્રવૃત્તિનો પાયો નાખ્યો. ઘરસભાથી સત્સંગપ્રવૃત્તિનો આરંભ કર્યો. જીવન સાધુરૂપે સમર્પિત કરી દેવાની ખેવના ધરાવતા અક્ષયભાઈ સાહેબદાદાની આજ્ઞાથી પન્નાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. બંને અક્ષરમુક્તોએ કેનેડા સત્સંગસમાજના વડીલ પૂ. ડાહ્યામામાનાં માર્ગદર્શને કેનેડામાં સત્સંગ અને સમાજોત્થાનની પ્રવૃત્તિમાં બહુમૂલ્ય યોગદાન પ્રદાન કર્યું. સત્સંગનો સંસ્કારવારસો તેઓનાં સંતાનો સોનલ અને યશમાં પણ સિંચ્યો. સંપ, સુહૃદભાવ, એકતાના ગુણાતીત કાયદાથી તેઓએ સમસ્ત કેનેડા મંડળ તેમજ ગુણાતીત સમાજના અક્ષરમુક્તો સાથે વ્યવહાર કર્યો. ૨૦૧૨માં તેઓને કેન્સરનું નિદાન થયું ત્યારે સૌ ચિંતિત હતાં, પણ અક્ષયભાઈએ કોઈ પણ ફરિયાદ વગર સત્સંગની સેવા કર્યે રાખી. સાહેબદાદાએ વખતોવખત કેનેડા પધારી તેઓ માટે પ્રાર્થનાઓ કરી, હૂંફ અને બળ દીધાં. ૧૦ ઑગસ્ટના રોજ પ્રભુનું કર્તાપણું સ્વીકારી અક્ષયભાઈ અક્ષરધામ સિધાવ્યા. સંતોએ તેઓના અંતિમ સમયમાં પધારી પરિવારજનોને ખૂબ બળ દીધાં અને પ્રાર્થનાઓ કરી. આવા સેવારત્નની વિદાય સત્સંગસમાજને સદાય સાલતી રહેશે. તેઓ નવાજન્મે પ્રભુના કાર્યમાં નવા ઉમંગથી જોડાશે જ તે શ્રદ્ધા સાથે અનંત પ્રાર્થના! ◆



*** સવિતાબહેન વજુભાઈ પોપટ :** સવિતાબાએ ૬ સપ્ટેમ્બરના રોજ ૯૦ વર્ષની ઉંમરે દેહ ત્યજી અક્ષરધામ પ્રતિ પ્રયાણ કર્યું. આફ્રિકામાં નિવાસ કરતા વજુભાઈ સાથે જોડાઈ સવિતાબાએ સત્સંગની ખૂબ સેવા કરી. પૂ. યોગીબાપાનો જોગ થયો ને જીવન સત્સંગપ્રધાન બન્યું. સોનાબા સાથે આત્માની પ્રીતિ થઈ. પૂ. પપ્પાજી, પૂ. કાકાજી, પૂ. સાહેબજીમાં પ્રભુના ભાવ પામી પૂ. બેનના વચને શ્રી ગુણાતીત જ્યોતમાં જીવન સમર્પિત કર્યું. સંતાનો જીતુભાઈએ સાહેબજીના શ્રી વચને જીવન સેવામાં પ્રવૃત્ત કર્યું ને દિનુભાઈએ પણ સેવામય સત્સંગવારસો જાળવ્યો. દીકરી વીણાબહેને શ્રી ગુણાતીત જ્યોતમાં સંન્યસ્ત જીવનની પ્રેરણા માતા પાસે પ્રાપ્ત કરી. આવા આદર્શ માવતર સવિતાબાને અનંત વંદન! ◆





સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે અનુપમ મિશન, મોગરીમાં તેમજ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે ઈંગ્લૅન્ડમાં ભારતના ૭૩મા સ્વાતંત્ર્યતા પર્વની ઉજવણી





ઉપાસના ધામ અમદાવાદ, શારદા મંદિર–નડિયાદ અને યોગીજી મહારાજ મહાવિદ્યાલય–ધારીમાં ભારતના ૭૩મા સ્વાતંત્ર્યતા પર્વની ઉજવણી




બ્રહ્મજ્યોતિ, મોગરીમાં સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા ૭૮મા પ્રાગટ્યપર્વે સાહેબદાદાનાં પ્રેમસભર આશીર્દાન



બ્રહ્મજ્યોતિ, મોગરીમાં જન્માષ્ટમી પર્વે સાહેબદાદાનાં આશીર્દાન





સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં તેમજ પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે ઈંગ્લૅન્ડ અને અમેરિકામાં શ્રાવણ માસની સમૂહ મહાપૂજા



ઑસ્ટ્રેલિયા – સિડનીમાં પૂ. શાંતિદાદાના સાંનિધ્યે જાહેર સત્સંગસભા




ન્યૂઝીલૅન્ડના ભક્તોને પૂ. શાંતિદાદા અને સંતોનો સત્સંગલાભ



યુ.કે. મંદિરના શ્રી ઠાકોરજીનાં ભાવપૂર્ણ પાટોત્સવ પૂજન



ઈંગ્લૅન્ડમાં પૂ. હિંમતસ્વામીના પ્રાગટ્યદિને પૂ. અશ્વિનદાદાનાં આશીર્દાન



ઈંગ્લૅન્ડમાં યૂથ કૅમ્પમાં પૂ. અશ્વિનદાદાના સાંનિધ્યે શિબિરાર્થીઓ



અમેરિકાના શિકાગોમાં પૂ. દિનકરભાઈના અમૃત મહોત્સવે મંચપર બિરાજમાન જ્યોતિર્ધરો

**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2018-20

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vitthal Udyog Nagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-9-19 * Office of Origin : Vitthal Udyognagar

Editor : Shantibhai F. Patel * Published by : Shantibhai F. Patel on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

* **If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544 Fax : (02692) 235660**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**